પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૨-૧૨-૨૦૨૫-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૩૦૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# 'સર'ના મુદ્દે બીજા દિવસે પણ લોકસભામાં હંગામો

## સંસદ વેલમાં વિપક્ષી દળોના સાંસદો દ્વારા ૨૦ મીનિટ સુધી સુત્રોચ્ચાર




નવી દિલ્હી, તા. ૦૨

વિપક્ષે સતત બીજા દિવસે પણ સંસદમાં SIR સામે પોતાનો વિરોધ ચાલુ રાખ્યો. સવારે ૧૧ વાગ્યે લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ, બધા વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. કેટલાક સાંસદ તો વેલમાં પણ પહોંચી ગયા. આ દરમિયાન, સ્પીકરે પ્રશ્નકાળ ચાલુ રાખ્યો, પરંતુ વિપક્ષે ૨૦ મિનિટ સુધી 'વોટ ચોર-ગદ્દી ચોર'ના નારા લગાવતા રહ્યા હતા.

સત્રના પહેલા દિવસે (૧ ડિસેમ્બર) બંને ગૃહોમાં SIR અને વોટ ચોરીના આરોપના મુદ્દે વિપક્ષે હોબાળો કર્યો હતો. વિપક્ષી દળોની માંગ છે કે SIR પર ચર્ચા કરવામાં આવે.સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ ગઈકાલે રાજ્યસભામાં જણાવ્યું હતું કે સરકાર SIR અને ચૂંટણી સુધારાઓ પર ચર્ચા કરવા તૈયાર છે. વિપક્ષને અપીલ કરી કે તેઓ આના પર કોઈ સમય મર્યાદા ન લાદે.હેલા દિવસે નાણા મંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં ૩ બિલ રજૂ કર્યા હતા, જેમાંથી મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ બિલ (બીજો સુધારો) વિધેયક, ૨૦૨૫ બિલ પસાર થયું હતું.જ્યારે ગૃહની કાર્યવાહી પહેલા પીએમ મોદીએ સંસદની બહાર મીડિયાને કહ્યું, 'આ સત્ર પરાજયની હતાશા કે વિજયના અહંકારનું મેદાન ન બનવું જોઈએ. અહીં ડ્રામા નહીં, ડિલિવરી થવી જોઈએ. અહીં નીતિ પર ભાર હોવો જોઈએ, નારાઓ પર નહીં.'મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વંદે માતરમ્ના ૧૫૦ વર્ષ પૂરા થવા પર સરકાર ગૃહમાં વંદે માતરમ્ પર ૧૦ કલાક ચર્ચા કરાવી શકે છે. આ ચર્ચા ગુરુવાર-શુક્રવારે થઈ શકે છે. પીએમ મોદી પોતે તેમાં ભાગ લઈ શકે છે.૩૦ સપ્ટેમ્બરે રાજ્યસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં સત્તાધારી પક્ષના ઘણા સભ્યોએ આ ચર્ચાનો પ્રસ્તાવ મૂક્યો હતો. હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. મંગળવારે લોકસભાનું શિયાળુ સત્ર વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર વચ્ચે શરૂ થયું. વિપક્ષી સાંસદોએ SIR મુદ્દા પર ચર્ચાની માંગણી સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું. SIR એ દેશભરના અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓની વિશેષ સમીક્ષા માટેનો કાર્યક્રમ છે. પ્રશ્નકાળ શરૂ થતાં જ, વિપક્ષી સાંસદો તેમની બેઠકો પરથી ઉભા થઈ ગયા અને જોરથી બૂમો પાડવા લાગ્યા, "SIR ની ચર્ચા કરો." તેમણે આ મુદ્દા પર તાત્કાલિક ચર્ચાની માંગ કરી. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વારંવાર સાંસદોને તેમની બેઠકો પર પાછા ફરવા અને ગૃહની કાર્યવાહી ચાલુ રાખવા વિનંતી કરી, પરંતુ સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા.

# બ્રહ્મોસ સુપર સોનિક ક્રુઝ મિસાઈલનું પરિક્ષણ સફળ રહ્યું

## ભારનતા પરિક્ષણ સમયે ચીને ચાર-રીસર્ચ જહાજ હિન્દુ મહાસાગરમાં તૈનાત કર્યા

નવી દિલ્હી, તા. ૦૨

ઓપરેશન સિંદુર સમયે પાકના અનેક હવાઈ મથકોનો ધ્વંશ બોલાવનાર બ્રહ્મોસ મિસાઈલની સુપર સોનિક ક્રુઝ લાંબા અંતર સુધી પ્રહાર કરી શકાય તે પ્રકારની એડીશનનું આજે સફળ પરિક્ષણ કરાયું હતું. રશિયાની મદદથી તૈયાર કરાયેલ આ મિસાઈલ પરિક્ષણ બંગાળના અખાતમાં કરાયુ હતું.

જેમાં સૈન્યના દક્ષિણ કમાન્ડ અને આંદામાન-નિકોબારમાં જે સેનાની ત્રણેય પાંખોનુ સંયુક્ત કમાન્ડ કંટ્રોલ સેન્ટર છે તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ આધુનિક સુપરસોનિક ક્રુઝ-મિસાઈલ જે આધુનિક ગાઈડેડ એન્ડ કંટ્રોલ સીસ્ટમ ધરાવે છે તે તેના ટાર્ગેટને ધ્વંશ કરવામાં અત્યંત સક્ષમ ગણાય છે.

ભારતે આ મિસાઈલ પરિક્ષણ માટે પાડોશી દેશોને નોટીસ ટુ ચેરમેનની ચેતવણી આપી હતી જેથી પરિક્ષણ સમયે તેની રેન્જમાં કોઈ નાગરિક કે અન્ય વિમાની હવાઈ ડીવાઈન દુર રહ્યા હતા.

વિશાખાપટ્ટનમથી ૩૫૦૦ કી.મી. સુધીની પ્રહાર ક્ષમતાનું પ્રદર્શન કરાયુ હતું. આ લોન્ચીંગ પોઈન્ટ એ ભારતના નૌકાદળ કમાન્ડ અને તેની અણુ સબમરીન મથકથી નજીક જ છે અને એ પણ શંકા છે કે આ પરિક્ષણમાં સબમરીન લોન્ચીંગ પેડનો પણ ઉપયોગ કર્યો છે.

ભારતની આ અણુ સબમરીન બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ વહન કરવા તથા બહાર કરવા સક્ષમ છે. ભારતના આ પરિક્ષણથી ચીન સાવધ થઈ ગયું હતું અને ભારતના આ નવા હથિયારની માહિતી લેવા અને તેના 'રીસર્ચ' જહાજને હિન્દ મહાસાગરમાં તૈનાત કર્યુ હતું.

આ પરિક્ષણ સમયે ચીને ચાર 'રીસર્ચ' જહાજ એક સાથે તૈનાત કર્યા હતા તે સૌથી મહત્વનુ છે. આ આદેશ જહાજ અલગ અલગ રીતે

અનુસંધાન પાના ૭ પર

# ગુરુવારે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ભારતની મુલાકાતે

## રશિયા-ભારતના સૌથી મોટા સંરક્ષણ સોદાની તૈયારી

મોસ્કો, તા. ૦૨

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીનની ગુરૂવારથી શરૂ થઈ રહેલી બે દિવસની ભારત યાત્રા પુર્વે મોસ્કોથી દિલ્હી સુધી જબરો ડિપ્લોમેટીક ધમધમાટ છે અને ભારત રશિયા પાસેથી સુખોઈ-૫૭ આધુનિક જનરેશન લડાયક યુદ્ધ જહાજ જેનુ તબકકાવાર ભારતમાં જ ઉત્પાદન થાય તેવા કરાર અને દેશના અવકાશી છત્ર જેવા એસ-૫૦૦ એર ડિફેન્સ સીસ્ટમ સહિતની ખરીદીના કરાર થશે જે બન્ને દેશો વચ્ચેનો સૌથી મોટો સંરક્ષણ સોદો બની રહેશે. સૌથી મહત્વનું એ છે કે આ સોદા પુર્વે પુટીન રશિયન સંસદની મંજુરી મેળવશે.

રશિયાની સંસદનું નીચલું ગૃહ આજે ભારત સાથેના એક મહત્વપૂર્ણ સંરક્ષણ સમજૂતીને મંજૂરી આપવા માટે મતદાન કરશે. આ મતદાન ભારત-રશિયા પરસ્પર લોજિસ્ટિક્સ એક્સચેન્જ (RELOS) પર થશે. આ મતદાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત યાત્રા પહેલાં યોજાઈ રહ્યું છે, જેની શરૂઆત ગુરુવારથી થવાની છે.

RELOS સમજૂતીનો હેતુ સંયુક્ત સૈન્ય અભ્યાસ, આપત્તિ રાહત અને અન્ય કાર્યો માટે સંકલનને સરળ બનાવવાનો છે.

અનુસંધાન પાના ૭ પર

# કુવૈત-હૈદરાબાદ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવા ધમકી

## ઈન્ડિગો વિમાનનું મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયું

નવી દિલ્હી, તા. ૦૨

કુવૈતથી હૈદરાબાદ આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર 6E-1234 ને મંગળવારે સવારે બોમ્બની ધમકી બાદ મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું.અધિકારીઓના જણાવ્યા અનુસાર, હૈદરાબાદ એરપોર્ટને એક ઈમેઈલ મળ્યો હતો, જેમાં વિમાનમાં બોમ્બ હોવાની વાત લખી હતી. આ પછી તરત જ તમામ એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી હતી.વિમાનને સુરક્ષિત રીતે ઉતારીને એરપોર્ટના અલગ-થલગ વિસ્તારમાં લઈ જવામાં આવ્યું છે, જ્યાં બોમ્બ સ્ક્વોડ અને સુરક્ષા ટીમો સંપૂર્ણ તપાસ કરી રહી છે. મુસાફરો અને ક્રૂને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે.એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું કે ધમકીની તપાસ ચાલુ છે. હજુ સુધી કોઈ વિસ્ફોટક હોવાની પુષ્ટિ થઈ નથી. આગળની માહિતી સુરક્ષા એજન્સીઓની તપાસ પછી જ સામે આવશે.છેલ્લા ૧ વર્ષમાં ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળવાનો સિલસિલો વધ્યો છે, જોકે આ સમયગાળા દરમિયાન કોઈપણ ફ્લાઈટમાંથી બોમ્બ મળ્યો નથી.૧૨ નવેમ્બરે મુંબઈથી વારાણસી આવી રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી. તાત્કાલિક ફ્લાઈટનું વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું.૧૯ સપ્ટેમ્બરના રોજ ઈન્ડિગોની મુંબઈથી ફુકેટ જતી ફ્લાઈટ ૬ઈ ૧૦૮૯ને બોમ્બની ધમકી મળી હતી. આ ધમકી ફ્લાઈટના ટોઈલેટમાં એક ચિઠ્ઠી પર લખેલી હતી. ધમકી મળ્યા બાદ ફ્લાઈટનું ચેન્નઈમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું.૧૨ જૂનના રોજ થાઈલેન્ડના ફુકેટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૩૭૯નું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. અહી પ્લેનમાં બોમ્બ હોવાની સૂચના મળી હતી.

# સમગ્ર દુનિયા મોદીને ધ્યાનથી સાંભળે છે : મોહન ભાગવત

## હવે ભારતને વિશ્વમાં યોગ્ય સ્થાન મળ્યું : સંઘ વડા

નવી દિલ્હી, તા. ૦૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના પ્રમુખ મોહન ભાગવતે સોમવારે કહ્યું કે આજે વિશ્વ મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાત ધ્યાનથી સાંભળવામાં આવે છે અને આ ભારતની વધતી વૈશ્વિક તાકાત દર્શાવે છે. ભારત હવે દુનિયામાં પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે.

ભાગવત સોમવારે પુણેમાં RSS ના ૧૦૦ વર્ષ પૂરા થવા પર આયોજિત કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. આ દરમિયાન તેમણે સૂચન કર્યું કે સંગઠનોએ ફક્ત વર્ષગાંઠો કે શતાબ્દીઓની રાહ ન જોવી જોઈએ, પરંતુ નિર્ધારિત સમયમાં પોતાના કાર્યો પૂરા કરવા પર ધ્યાન આપવું જોઈએ.

RSS ચીફે કહ્યું- અમારા સંગઠને ૧૦૦ વર્ષ પૂરા કરી લીધા છે, ઘણા પડકારોનો સામનો કર્યો છે, પરંતુ આપણે એ પણ વિચારવું જોઈએ કે પૂરા સમાજને એકજૂટ કરવામાં આટલો સમય કેમ લાગ્યો.

ઈતિહાસમાં નોંધાયેલું છે કે જયારે ભારત ઉભરે છે ત્યારે દુનિયાની સમસ્યાઓ ઓછી થાય છે અને શાંતિ સ્થાપિત થાય છે. આજે વૈશ્વિક પરિસ્થિતિઓ પણ આ જ માગ કરી રહી છે, અને આ જ મિશન માટે સંઘના સ્વયંસેવકો શરૂઆતથી કામ કરી રહ્યા છે.

સંઘ સંવાદ, સામૂહિકતા અને

અનુસંધાન પાના ૭ પર

# યુપીમાં ટ્રકની ટક્કર બાદ બસમાં આગ ત્રણ જીવતા ભડતું : ૨૪ યાત્રી દાઝી ગયા

નવી દિલ્હી, તા. ૦૨૨

યુપીના બલરામપુરમાં ટ્રકની ટક્કર બાદ બસમાં આગ લાગી ગઈ, જેમાં ૩ લોકો જીવતા સળગી ગયા અને ૨૪ દાઝ્યા હતા. તેમાંથી ૬ની હાલત ગંભીર છે. બસ (UP ૨૨ AT ૦૨૪૫) નેપાળ બોર્ડર પાસે સુનૌલીથી રવાના થઈ હતી અને દિલ્હી જઈ રહી હતી.

બસમાં ૪૫ મુસાફરો સવાર હતા. મોટાભાગના નેપાળના હતા. બસના ડ્રાઈવર અને કંડક્ટરનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. ટક્કર એટલી ભયાનક હતી



બલરામપુરમાં મુસાફર બસને નડેલી ભયાનક દુર્ઘટનામાં છ લોકોની હાલત ગંભીર

કે બસ ઘસડાતી ૧૦૦ મીટર દૂર હાઈટેન્શન લાઈનવાળા વીજળીના થાંભલા સાથે અથડાઈ. થાંભલો તૂટીને બસ પર પડ્યો. બસમાં કરંટ લાગ્યો. શોર્ટ સર્કિટ થયું અને આગ લાગી ગઈ.

જોતજોતામાં બસ આગનો ગોળો બની ગઈ. મુસાફરો અંદર જ ફસાઈ ગયા. જીવ બચાવવા માટે કાચ તોડીને બહાર કૂદવા લાગ્યા. ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ. કોઈક રીતે બહાર નીકળેલા મુસાફરોએ પોલીસને જાણ કરી. ફાયર બ્રિગેડની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી. તેમણે

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતમાં ઠંડીનું જોર વધ્યું

## તમિલનાડુ અને પોંડુચેરીમાં ભારે વરસાદ ઝીંકાયો

નવી દિલ્હી, તા. ૦૨

આ શિયાળાની ઋતુ (ડિસેમ્બરથી ફેબ્રુઆરી) દરમિયાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને મહારાષ્ટ્રમાં ઠંડીનો પ્રકોપ સામાન્ય કરતાં વધુ લાંબો સમય રહી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ રાજ્યોમાં સામાન્ય રીતે કોલ્ડવેવ ૪-૬ દિવસ સુધી રહે છે, જે આ વખતે ૧૦ દિવસ સુધી લંબાઈ શકે છે.

મધ્યપ્રદેશમાં ૫-૬ ડિસેમ્બરથી તીવ્ર ઠંડી શરૂ થશે. કોલ્ડવેવ પણ શરૂ રહેશે. મંગળવારથી રાત્રિના તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની ધારણા છે. ગઈકાલે રાત્રે ભોપાલ અને ઈન્દોર સહિત રાજ્યના ૬ જિલ્લાઓમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ગબડી ગયું હતું.

રાજસ્થાનમાં ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ભારે શિયાળો રહેવાની ધારણા છે. આ દરમિયાન, કોલ્ડવેવના દિવસો સામાન્ય કરતા વધુ રહેવાની અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઓછું રહેવાની ધારણા છે. દરમિયાન, ચુરુ, ઝુનઝુનુ અને સીકરમાં ૩ થી ૫ ડિસેમ્બર દરમિયાન ઠંડીનું જોખમ રહેલું છે

અનુસંધાન પાના ૭ પર

# ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨.૦૪ લાખ કંપનીઓને તાળા લાગ્યા

## લોકસભામાં કોર્પોરેટ રાજ્યમંત્રી મલ્હોત્રએ માહિતી રજૂ કરી

નવી દિલ્હી, તા. ૦૨

ભારતમાં ખાનગી કંપનીઓ બંધ થવાનો મુદ્દો સંસદમાં ઉઠાવવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે લોકસભામાં માહિતી આપી હતી કે, છેલ્લા પાંચ નાણાકીય વર્ષોમાં કુલ ૨૦૪,૨૬૮ ખાનગી કંપનીઓ બંધ થઈ છે. કોર્પોરેટ બાબતોના રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, આ આંકડો પહેલી નજરે મોટો લાગે છે.

જોકે, આમાંની મોટાભાગની કંપનીઓને મર્જર, રૂપાંતર, સ્વૈચ્છિક બંધ અને નિયમનકારી નિયમો હેઠળ લાંબા સમય સુધી નિષ્ક્રિયતાને કારણે રેકોર્ડમાંથી દૂર કરવામાં આવી હતી. 'ચિંતાની વાત નથી...'

લેખિત જવાબમાં આપવામાં આવેલા ડેટા અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૨૦,૩૬૫, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૧,૧૮૧ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૩,૪૫૨ ખાનગી કંપનીઓ બંધ થઈ છે. અગાઉ વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૫,૨૧૬ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૪,૦૫૪ કંપનીઓ બંધ થઈ હોવાનું સામે આવ્યું છે.

આમ છેલ્લા પાંચ વર્ષની અંદરમાં કુલ ૨.૦૪ લાખથી વધુ પ્રાઈવેટ કંપનીઓ બંધ થઈ છે. સરકારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આ કંપનીઓ બંધ થવાનું કારણ આર્થિક મંદી કે ઉદ્યોગ સંકટ જેવા એકતરફી કારણો નહોતા. ઘણી કંપનીઓ વ્યવસાય કરવા માંગતી ન હતી, કેટલીક મર્જર પછી બંધ થઈ ગઈ હતી, અને ઘણી કંપનીઓ વર્ષોથી નિષ્ક્રિય હોવાથી કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ દૂર કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૨-૨૩માં સૌથી વધુ ૮૨,૧૨૫ કંપનીઓ બંધ કરાઈ હતી. આ વર્ષે સરકાર દ્વારા ઘણા સમયથી સક્રિય ન હોય તેવી કંપનીઓને બંધ કરી

અનુસંધાન પાના ૭ પર

# કર્મીઓના બેઝીક પગાર સાથે મોંઘવારી ભથ્થુ મર્જ નહીં થાય

## ૮માં વેતનપંચ વિશે સરકારે સંસદમાં જવાબ આપ્યો

નવી દિલ્હી, તા. ૦૨

કેન્દ્ર સરકારે આઠમા વેતનપંચને એકાદ મહિના પુર્વે નોટીફાઈ કરી જ દીધુ હતુ. આ મુદો સંસદમાં ઉઠતા સરકાર દ્વારા એવી ચોખવટ કરવામાં આવી છે કે બેઝીક પે (મુળ પગાર) સાથે મોંઘવારી ભથ્થાને મર્જ કરવાની કોઈ દરખાસ્ત કે વિચારણા નથી.

સંસદમાં સાંસદ આનંદ ભદુરીયા દ્વારા અનસ્ટાર્ડ સવાલ પુછવામાં આવ્યો હતો. આઠમા વેતનપંચને નોટીફાઈ કરાયુ છે કે કેમ અને મોંઘવારીનો પડકાર ઝેલતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને બેઝીક પે સાથે ખર્ચ કરવામાં આવશે કે કેમ?

આ સવાલના જવાબમાં નાણામંત્રાલય દ્વારા એમ કહેવામાં આવ્યુ હતું કે વેતનપંચનુ નોટીફીકેશન ગત ૩ નવેમ્બરે જ જારી કરી દેવામાં આવ્યુ હતું જયારે મોંઘવારી ભથ્થા અને બેઝીક પે ને મર્જ કરવાની કોઈ દરખાસ્ત નથી.

નાણાં ખાતાના રાજયમંત્રી પંકજ ચૌધરીએ લેખિત જવાબમાં સ્પષ્ટ કર્યુ હતું કે સરકાર વર્તમાન પદ્ધતિ જ ચાલુ રાખશે. મોંઘવારી આધારે દર છ મહિને મોંઘવારી ભથ્થાની સમીક્ષા કરવાની વર્તમાન સીસ્ટમ છે.

વેતનપંચની જાહેરાત બાદ કર્મચારી તથા પેન્શનર યુનીયનો દ્વારા કેટલાંક અસ્પષ્ટ સવાલો વિશે સરકાર પાસેથી ચોખવટ માંગવામાં આવી રહી હતી. ૭મા વેતનપંચમાં પેન્શનર વિશે ખાસ ચોખવટ હતી પરંતુ આઠમા વેતનપંચમાં તેનો ઉલ્લેખ નથી.

આ જ રીતે ન્યુ વેતનપંચ કયારથી લાગુ થશે તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી. જેનાથી કર્મચારીઓને નિવૃતિનું આયોજન કરવામાં મુશ્કેલી થાય છે. યુનિયન દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ભારતનું એક્સપોર્ટ ૦.૫૦ ટકાથી વધી ૨.૦ ટકા થયું : વિરલ શાહ

## ચેમ્બર અને મંત્રાના સંયુક્ત ઉપક્રમે ટેક્ષ્ટાઇલ નોલેજ સેશન યોજાયું



સુરત, તા.૨

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને મેન મેઈડ ટેક્ષ્ટાઈલ્સ રિસર્ચ એસોસીએશનના સંયુકત ઉપક્રમે બુધવાર, તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ટેક્ષ્ટાઈલ નોલેજ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારો માટે યોજાયેલા આ મહત્વપૂર્ણ સેશનમાં ટેક્ષ્ટાઈલ ક્ષેત્રની વર્તમાન નીતિઓ, પડકારો અને વૈશ્વિક સ્તરે ઉભી થતી તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સતત બદલાતી ટેકનોલોજી, નવીનતા અને ગુણવત્તાના આધારે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યો છે. ચેમ્બર અને મંત્રા દ્વારા આ પ્રકારના નોલેજ આધારિત કાર્યક્રમો ઉદ્યોગોને અપડેટ રાખે છે, તેમની સ્પર્ધાત્મક ક્ષમતામાં વધારો કરે છે અને સુરતને ભારતના ટેક્ષ્ટાઈલ હબ તરીકે વધુ મજબૂત બનાવે છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ સેકટરનું ભવિષ્ય જ્ઞાન, સંશોધન અને ટેકનોલોજી આધારિત વૃદ્ધિ પર નિર્ભર છે. સુરતના ઉદ્યોગકારોએ હંમેશા નવીનતાઓને આત્મસાત કરી છે અને આ જ અભિગમ તેમને આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સશક્ત બનાવશે.

મંત્રાના પ્રમુખ શ્રી રજનિકાંત બચકાનીવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ટેકનોલોજી, સંશોધન અને સ્કીલ ડેવલપમેન્ટને કેન્દ્રમાં રાખી મંત્રા ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને નવી ઉંચાઈઓએ લઈ જવા પ્રતિબદ્ધ છે. ઉદ્યોગના બદલાતા માળખા અને વૈશ્વિક બજારમાં ઊભી થતી નવી તકોને ધ્યાનમાં રાખીને આ પ્રકારના નોલેજ સેશન અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે.

વિવ વોટર એન્વાયરો પ્રા.લિ.ના પ્રોડકટ ડેવલપમેન્ટ સેન્ટરના ડિરેકટર શ્રી એસ.પી. વર્માએ પોલિસી ફ્રેમવર્ક ફોર ઈન્ડિયન ટેક્ષ્ટાઈલ્સ – કરન્ટ સિનારિયો એન્ડ ફયુચર પ્રોસ્પેકટ્સ વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતની ટેક્ષ્ટાઈલ પોલિસીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપી પરિવર્તનો થયા છે અને ઉદ્યોગોને ગ્લોબલ સ્પર્ધા માટે ટેકનોલોજી અપગ્રેડેશન, સસ્ટેનેબિલિટી, વેસ્ટ મેનેજમેન્ટ અને ઈકો ફ્રેન્ડલી પ્રોસેસ જેવી બાબતોને અપનાવવી અત્યંત આવશ્યક બની ગઈ છે. ઉદ્યોગ સાહસિકોને ટેકનોલોજી અપગ્રેડેશન, ગ્રીન પ્રોસેસીસ અને એન્વાયરમેન્ટલ કમ્પ્લાયન્સ અંગે ધ્યાન આપવું પડશે.

વધુમાં તેમણે પીએમ મિત્રા પાર્કના લાભો તથા તેના સંબંધિત ગુજરાત સરકારની યોજનાઓ વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ પાર્ક દ્વારા ટેક્ષ્ટાઈલ વેલ્યુ ચેઈનને મજબૂત બનાવવાની સાથે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર, કોમન ફેસિલિટી સેન્ટર્સ, ટેકનોલોજી સપોર્ટ, વેસ્ટ મેનેજમેન્ટ અને સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ માટે વિશાળ તકો ઊભી થશે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન અને સબસિડી યોજનાઓ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવશે તેમજ સુરતના ટેક્ષ્ટાઈલ હબને નવી ગતિ આપશે.

એક્સપોર્ટ ઈમ્પોર્ટ લિડરશિપ ઈન્સ્ટીટયુટના ફાઉન્ડર એન્ડ ડિરેકટર શ્રી વિરલ શાહે ઈન્ડિયન ટેક્ષ્ટાઈલ એક્સપોર્ટ્?સ – નેવીગેટીગ ધ કરન્ટ માર્કેટ સિનારિયો વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે

અનુસંધાન પાના ૭ પર

# સાયબર સુરક્ષિત ૧૯૩૦ હેલ્પલાઇન: સાયબર ગુનાઓ સામેનું સુરક્ષા કવચ

## UPI, ક્રેડિટ-ડેબિટ કાર્ડ, લોન સ્કેમ કે OTP ફ્રોડ: દરેક નાણાકીય ગુનાનો સચોટ ઉપાય ૧૯૩૦ હેલ્પલાઇન

સુરત, તા.૨

આજના યુગમાં ડિજિટલ ટેક્નોલોજી આપણા જીવનનો અવિભાજ્ય ભાગ બની ગઈ છે. બેંકિંગ, ખરીદી, બિલ ભરપાઈ, લોન કે અન્ય નાણાકીય વ્યવહાર; બધું ઓનલાઈન થઈ રહ્યું છે, પરંતુ આ સાથે જ સાયબર ગુનાઓમાં વધારો પણ નોંધાયો છે. દરરોજ હજારો લોકો કોઈને કોઈ પ્રકારના ઓનલાઈન ફ્રોડનો ભોગ બને છે. આવા પીડિતોને તાત્કાલિક મદદ અને ન્યાય મળે તે માટે ભારત સરકારે શરૂ કરી છે- ૧૯૩૦ હેલ્પલાઈન, જે એક રાષ્ટ્રીય સ્તરની સાયબર ફ્રોડ રિપોર્ટિંગ સેવા છે.

### હેલ્પલાઈનની શરૂઆત અને હેતુ

૧૯૩૦ હેલ્પલાઈનની શરૂઆત ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. તેનું સંચાલન Indian Cyber Crime Corodination Centre (I4C) દ્વારા થાય છે. સાયબર ફ્રોડની ઘટના બનતાની સાથે જ પીડિતની મદદ કરવી અને ગુનેગારોના ખાતામાં જમા થયેલા પૈસા તરત જ અટકાવવા એ તેનો મુખ્ય હેતુ છે.

આ હેલ્પલાઈન સાથે નૅશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (www.cybercrime.gov.in) પણ જોડાયેલું છે, જેમાં નાગરિકો ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકે છે.

### ૧૯૩૦ હેલ્પલાઈન કેવી રીતે કાર્ય કરે છે?

૧. ફ્રોડ થતાની સાથે પીડિત વ્યક્તિ તરત જ ૧૯૩૦ નંબર પર કૉલ કરીને પોતાની વિગતો આપવી.જેમ કે નામ, ફોન નંબર, ફ્રોડની રકમ, તારીખ, બેંકનું નામ વગેરે.

૨. કૉલ સેન્ટર ઓપરેટર તમારી ફરિયાદ નોંધી આ માહિતી નૅશનલ સાયબર ક્રાઈમ પોર્ટલને આપે છે.

૩. સંબંધિત બેંક અને સ્થાનિક પોલીસ તંત્રને જાણ કરવામાં આવે છે, જેથી તરત જ ફ્રોડ ટ્રાન્ઝેક્શન બ્લોક કરી શકાય.

૪. બેંક અને NPCI (National Payments Croproation of India) સિસ્ટમ દ્વારા ગુનેગારોના ખાતામાં જમા થયેલા પૈસા તાત્કાલિક ફ્રીઝ કરવામાં આવે છે.

૫. પીડિત વ્યક્તિ www.cybercrime.gov.in પર જઈ પોતાના ફરિયાદ નંબર દ્વારા કેસની સ્થિતિ જોઈ શકે છે.

### હેલ્પલાઈનની મુખ્ય લાક્ષણિકતા

દેશભરમાં ૨૪૮૭ કાર્યરત હેલ્પલાઈન સેવા ૧૯૩૦ સાથે દરેક રાજ્યનું સાયબર ક્રાઈમ સેલ સંલગ્ન હોય છે. ઝડપી ફ્રોડ ટ્રાન્ઝેક્શન બ્લોક સિસ્ટમ,




સામાન્ય નાગરિક માટે વિનામૂલ્યે અને સરળ ઉપયોગી, ઘણા રાજ્યોમાં સ્થાનિક ભાષામાં વાતચીતની સુવિધા છે.

### કઈ પરિસ્થિતિમાં મદદ મળે છે?

૧૯૩૦ હેલ્પલાઈન UPI/Paytm/ Google Pay/PhonePe ફ્રોડ, ક્રેડિટ કે ડેબિટ કાર્ડ ફ્રોડ, બેંક લોગિન/ OTP ફિશિંગ હુમલો, ઈ-કોમર્સ ફ્રોડ (નકલી ઓનલાઈન શોપિંગ અને બુકિંગ સાઈટ્સ), સોશિયલ મીડિયા હેકિંગ અથવા ફેક અકાઉન્ટ પ્રોફાઈલ, લોન એપ્લિકેશન ફ્રોડ, રોકાણ સ્કેમ અથવા ગિફ્ટ સ્કીમ ફ્રોડ, કૉલ, ઈમેલ અથવા મેસેજથી ફ્રોડની પરિસ્થિતિઓમાં મદદરૂપ બને છે.

### નાગરિકોની સાવચેતી માટેના ઉપાય

સાયબર સુરક્ષા માટે સરકાર દ્વારા અનેક જાગૃતિ અભિયાનો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં શાળાઓ અને કોલેજોમાં સાયબર સુરક્ષા તાલીમ કાર્યક્રમોથી માર્ગદર્શન, મીડિયા અને સોશિયલ મીડિયા દ્વારા જનજાગૃતિ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. સાયબર સુરક્ષા માટે દરેક વ્યક્તિએ ડિજિટલ સાવચેતી રાખવી પણ જરૂરી છે.

### સાયબર ફ્રોડથી બચવા માટે નીચે મુજબ સાવચેતી રાખો

અજાણી લિંક પર ક્લિક ન કરો. કોઈને OTP કે પાસવર્ડ આપશો નહીં. સત્તાવાર એપ્લિકેશન અને વેબસાઈટ જ ઉપયોગ કરો. અતિ આકર્ષક ઑફરો કે ઈનામના મેસેજથી સાવચેત રહો. ફ્રોડ થતાં જ ૧૯૩૦ પર કૉલ કરો અને www.cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવો.

આમ, ૧૯૩૦ હેલ્પલાઈન એ ભારતના ડિજિટલ નાગરિકોને સાયબર ગુનાઓ સામે સુરક્ષિત રાખવા માટે ઉપયોગી છે. આ હેલ્પલાઈન ગુનેગારોના હાથ સુધી પૈસા પહોંચે તે પહેલાં જ રોકી શકે છે. દરેક નાગરિકે આ હેલ્પલાઈન વિશે જાણવું જોઈએ અને અન્યને પણ માહિતગાર કરવા જોઈએ. ફ્રોડ થયાની જાણ થતાં જ વિલંબ કર્યા વિના ૧૯૩૦ પર કૉલ કરીને સાયબર સુરક્ષિત રહેવું જોઈએ.



# જૂની પેન્શન યોજના લાગુ કરવા અંગે દિલ્હીમાં શિક્ષકોનું આંદોલન

## જંતર મંતર પર યોજાયેલી કૂચમાં સુરતના ૨૦૦૦ જેટલા શિક્ષક ભાઈ-બહેનો જોડાયા

સુરત, તા.૨

વર્ષ ૨૦૦૫ પછીનાં શિક્ષકો માટે જૂની પેન્શન યોજના (OPS) અને શિક્ષક પાત્રતા કસોટી (TET) માંથી મુક્તિનાં મુદ્દે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ લડત શરૂ કરતાં સુરત જિલ્લાનાં શિક્ષક ભાઈ-બહેનો સહિત રાજ્યનાં આશરે ૨૦૦૦ જેટલાં શિક્ષક ભાઈ-બહેનોએ દિલ્હી કૂચ કરીને જંતર-મંતર ખાતે યોજાયેલ એક દિવસીય ધરણાં કાર્યક્રમમાં સહભાગી બનીને લડત શરૂ કરેલ છે. અત્રે સુરત જિલ્લા સંઘનાં હોદ્દેદારો અને શિક્ષકોએ બેનર સાથે ભારે સૂત્રોચ્ચાર દ્વારા માંગણી ઉચ્ચારી હતી.

આ બાબતે ટેલિફોનિક વાતચીતમાં ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ એસોસીએશનનાં કાઉન્સિલર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૫ પછીનાં શિક્ષક કર્મચારીઓને જૂની પેન્શન યોજના આપવામાં આવે અને શિક્ષક પાત્રતા કસોટી અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદા તેમજ NCTE નાં જાહેરનામા મુજબ વર્ષ ૨૦૧૦ પહેલાં નિમણૂંક પામેલ શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે તે માટે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ તથા અન્ય રાજ્યનાં શિક્ષક સંગઠનો સાથે મળીને આ રાષ્ટ્રીય સ્તરની લડત ચલાવી રહ્યું છે.

આ રાષ્ટ્રીય લડતનાં આહવાનનાં પગલે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષકનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાની રાહબરી હેઠળ મહામંત્રી જૈમિન પટેલ, સિનિયર ઉપપ્રમુખ કિરીટ પટેલ અને વિક્રમ ગરાસીયા તેમજ નાણાંમંત્રી મહેન્દ્રસિંહ વિંછીયાએ જંતર-મંતર ખાતે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનાં આદેશાનુસાર ઉપસ્થિત રહીને શિક્ષકોની માંગણીને વાચા આપી હતી. એમ જિલ્લાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# ડો. નેહલ દિલીપ શાહને આંતરરાષ્ટ્રીય ફેલોશીપ પ્રાપ્ત

## ડો.નેહલ શાહ કોન્ફરન્સમાં સંશોધન પત્ર રજૂ કરશે

સુરત, તા.૨

રુતૂજા ચારિટેબલ ટ્રસ્ટને ખુશીના સાથે જાહેરાત કરતાં ગૌરવ થાય છે કે ટ્રસ્ટની સ્થાપિકા અને વિશ્વભરમાં માસિક સ્વાસ્થ્ય વિષયે જાગૃતિ ફેલાવતી ડૉ. નેહલ દિલીપ શાહને Dignified Menstruation Fellowship ૨૦૨૫ માટે વૈશ્વિક સ્તરે પસંદગી મળી છે.



નેપાળની Radha Paudel Foundation અને Global South Coalition fro Dignified Menstruation દ્વારા સંચાલિત આ પ્રતિષ્ઠિત ફેલોશીપ માટે વિશ્વભરમાંથી આવેલા ૨૫૦થી વધુ અરજીઓમાંથી પસંદ થયેલ ૧૯ દેશોના પ્રતિનિધિઓમાં, ડૉ. શાહ ભારતમાંથી માત્ર ત્રણ અને ગુજરાતમાંથી એકમાત્ર પ્રતિનિધિ છે. ગુજરાત માટે ગર્વની વાત છે. આ ફેલોશીપના ભાગરૂપે, ડૉ. નેહલ શાહ ૭મા આંતરરાષ્ટ્રીય લર્નિંગ કોન્ફરન્સ, નેપાળમાં, "Silent Struggles: Mental Health during Menstruation in India" વિષય પર પોતાનું સંશોધન પેપર રજૂ કરશે. આ કોન્ફરન્સ 7{e International Dignified Menstruation Dayને નિમિત્તે યોજાશે. માસિક ચક્રને ગૌરવ, અધિકાર અને માન સાથે જોડવાની પ્રેરણાથી, ડૉ. શાહે જૈકેટ, સ્ટોલ, ઈન્ડિયન paghadi તથા કીચેઈન્સ જેવી ''સ્ટેટમેન્ટ આઉટફિટ્સ'' તૈયાર કરાવી છે, જે માસિક અંગેની ચર્ચામાં જિજ્ઞાસા જન્માવે, કલંક તોડે અને ગર્વ અનુભવાવે તે હેતુથી આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સમક્ષ પ્રદર્શન કરશે. આ ઉપરાંત, તેઓ એક ખાસ ''ડિગ્નિટી ડોલ'' periodsની ગૌરવ-પ્રતિક ગુડિયા નિર્માણ પ્રક્રિયામાં છે, જે આવનારા સમયમાં ''પિરિયડ ડિગ્નિટી''નું મસ્કોટ બનશે. ડૉ. નેહલ શાહ PMS/PMDD સંશોધન, મેષ્ટ્રુઅલ એજ્યુકેટર ટ્રેનિંગ અને રુતૂજા પિરિયડ ક્લબ મારફતે સમાજને માસિક વિશે ગૌરવ, સમજ અને સકારાત્મકતા તરફ દોરી રહી છે.



# ‘ગીતા જયંતિ’ નિમિત્તે જિલ્લા સ્તરીય ‘ગીતા મહોત્સવ’ની ઉત્સાહભેર ઉજવણી

## કતારગામ સ્થિત પી.પી.સવાણી રેડિયન્ટ ઈંગ્લીશ એકડમી ખાતે યોજાયો કાર્યક્રમ

સુરત, તા.૨

કતારગામ સ્થિત પી.પી.સવાણી રેડિયન્ટ ઈંગ્લીશ એકડમી ખાતે ‘ગીતા જયંતિ’ નિમિત્તે જિલ્લા સ્તરીય ‘ગીતા મહોત્સવ’ની ઉજવણી કરાઈ હતી. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ-ગાંધીનગર તથા સુરત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવી પેઢીમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરુચિ કેળવવી તેમજ ગીતા જયંતિના મહિમાથી તેમને અવગત કરવાનો હતો.

આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડૉ.અરુણકુમાર અગ્રવાલે ગીતાના આધ્યાત્મિક અને શૈક્ષણિક મૂલ્યો પર આધારિત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુવાપેઢીને સંસ્કારવાન, શિસ્તબદ્ધ અને કર્તવ્યનિષ્ઠ બનાવવામાં ગીતા ગ્રંથનું મહત્વ સમજાવ્યું હતું તેમજ ગીતાને માનવજાત માટે માર્ગદર્શક ગણાવી હતી.

પ્રાસંગિક ઉદ્દબોધનમાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.ભગીરથસિંહ પરમારે ગીતાના જીવનમૂલ્યો, નૈતિકતા, સંસ્કાર અને સંસ્કૃતભાષા વિષે સમજ આપી બાળકોને નાની ઉંમરથી જ આ ગીતા જ્ઞાન આપવાનો અનુરોધ કર્યો હતો. જેથી બદલાતા સમયમાં તેઓ દુષણોથી દુર રહી સમાજ અને દેશ માટે ઉજ્જવળ ભાવિ ઘડી શકે.

ગીતા મહોત્સવ નિમિત્તે જિલ્લાની વિવિધ શાળાઓના વિજેતા વિદ્યાર્થીઓએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના વિવિધ અધ્યાયોની સુંદર અભિવ્યક્તિ કરી હતી. તેમજ ગીતાંશ કંઠપાઠ સમીક્ષાના ૧૮ અને શત સુભાષિત

અનુસંધાન પાના ૭ પર



# રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા વસ્ત્રદાન કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨

સામાજિક સેવા ક્ષેત્રે અગ્રેસર રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર, ઈનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર તથા ઝેન્ટિવા ફાર્મા લિમિટેડનાં સહયોગથી સ્પોર્ટ્સ ક્લબ જુના દીવા ખાતે જરૂરિયાતમંદોને વસ્ત્રદાન કરવાનાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરનાં પ્રેસિડન્ટ પંકજ ભરવાડા, સેક્રેટરી વિપીન નાયર રોટરીયન મોહન જોશી, રૂપલ ભરવાડા, ઝેન્ટિવા ફાર્માનાં સીમા એચર્જી તથા કર્મચારીઓનાં વરદ હસ્તે જરૂરિયાતમંદોને વસ્ત્રો અર્પણ કરવામાં આવ્યા છે.

# અંબિકા તાલુકાના ધામખડી ગામે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી

## ખેડૂતોને ગોબર-ગૌમૂત્રનું મહત્સ સમજાવાયું



સુરત, તા.૨

સુરત જિલ્લાના નવનિર્મિત અંબિકા તાલુકાના ધામખડી ગામે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. જેમાં ૩૨ ખેડૂત ભાઈઓ અને બહેનોને પ્રાકૃતિક કૃષિના પાંચ સોપાન બીજામૃત, જીવામૃત વાપસા, આચ્છાદન અને મિશ્ર પાક વિશે સમજ મેળવી હતી. ખેડૂતોને દેશી ગાયના પંચ ગવ્ય ગૌબર-ગૌમૂત્ર-છાસનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ તેઓને રાજ્ય સરકાર દ્વારા મળતી યોજનાઓ વિષે સમજ આપી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અને મૂલ્ય વર્ધન કરવાં સમજાવ્યું હતું. હાલ કૃષિ વિષય સાથે વિશારદ થયેલા ભૂમિકાબેન અને દિપકભાઈએ પ્રાકૃતિક કૃષિ અને બાગાયતી પાકોની વાત કરી હતી. તેમજ અનુભવી ખેડૂતે જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા દેશી ગાય આધારિત સજીવ ખાતરના મહત્વ અંગે સમજ આપી હતી.

# તાલુકા કક્ષાનાં વિજ્ઞાન મેળામાં સાયણ સુગર શાળા બીજાક્રમે

## વોટર શોકિંગ રોડ નામની કૃતિને મળેલુ ઈનામ



સુરત, તા.૨

ઓલપાડ તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૫ અટોદરા પ્રાથમિક શાળામાં યોજાયેલ હતું. જેમાં પ્રાથમિક શાળા, સાયણ સુગરની વિદ્યાર્થીની અંજની જગદીશભાઈ ભરવાડ અને ગોલ્ડી રાજુભાઈ મહતોએ શાળાનાં શિક્ષિકાબેન શ્રીમતી રજનીબેન એચ. પટેલ અને ટ્વિંકલબેન એ. ગાંધીનાં માર્ગદર્શન હેઠળ વોટર શોકિંગ રોડ નામની કૃતિ રજૂ કરી હતી. જેને તાલુકા કક્ષાએ બીજો ક્રમાંક મળતાં શાળામાં અને સાયણ સુગર વિસ્તારમાં આનંદની લહેર ફેલાઈ હતી. આ પ્રસંગે સાયણ સુગર ફેક્ટરીનાં ચેરમેન રાકેશભાઈ પટેલ, ગામનાં સરપંચ શ્રીમતી ભાવનાબેન પટેલ સહિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા, સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ, બીઆરસી કો-ઓર્ડિનેટર બ્રિજેશભાઈ પટેલ તથા સીઆરસી કો-ઓર્ડિનેટર મિતેશભાઈ પટેલે શાળાને અભિનંદન પાઠવ્યા હતાં.

# પૌષ્ટિકતાનો ખજાનો ધરાવતો સૂકોમેવો એટલે જ જરદાળુ

**જરદાળુ આ સૂકામેવામાં આરોગ્ય સંબંધિત અનેક લાભ સમાયેલાં છે. શિયાળાની શરૂઆત થાય તેની સાથે લગભગ બધા જ ઘરમાં વ્યક્તિદીઠ સૂકામેવાનો ભાગ તૈયાર કરવામાં આવતો હોય છે.**

### સૂકામેવામાં સ્વાસ્થ્ય સંબંધિત અનેક

લાભો સમાયેલાં છે. કાજુ – દ્રાક્ષ અખરોટ – જરદાળુ ખાવાની મજા શબ્દોમાં વર્ણવવી અઘરી છે. અન્ય સૂકામેવાની સરખામણીમાં જરદાળુના લાભ વિશે ઘણી જ ઓછી જાણકારી આપણને હોય છે. જરદાળુની ખાસ વાત એટલે તેને કાચુંફળ સ્વરૂપે તેમજ સૂકામેવા તરીકે ખાઈ શકાય છે.

આયુર્વેદમાં જરદાળુનો ઉપયોગ ઔષધી તરીકે કરવામાં આવે છે. ચરક સંહિતા, સુશ્રુત સંહિતા, અષ્ટાંગ હૃદય સંહિતામાં અન્ય સૂકામેવા જેવા કે બદામ, અખરોટ, પિસ્તા, ખારેક સાથે જરદાળુનો ઉલ્લેખ જોવા મળે છે.

જરદાળુને અન્ય ભાષામાં વિવિધ નામે ઓળખવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં ઉરમાણ, હિન્દીમાં જરદાલુ, ચિલૂ કે ખુબાની, ગુજરાતીમાં જરદાલુ કે જરદાળુ કાશ્મીરમાં ગરદાલૂ, નેપાળીમાં ખુર્પાની, અરબીમાં બિનકફક કે કિશાનિશ, પર્શિયનમાં મિશ-મિશ તરીકે ઓળખવામાં આવે છે.

ખુબાનીમાં વિટામિન એ, વિટામિન સી, વિટામિન ઈ, નિયાસીન, પોટેશિયમ, મેંગેનીઝ, મેગ્નેશિયમ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં હોય છે.બિટાકેરોટીન તથા કૈરોટીનૉઈડની માત્રા ભરપૂર સમાયેલી હોય છે.

આંખોની તંદુરસ્તી માટે અત્યંત લાભકારી ગણાય છે. જરદાલુ માટે એવું કહેવાય છે કે તેને સૂકવીને ખાવાથી તેના લાભ બમણાં મળે છે. ભારતમાં જરદાલુનો પાક મુખ્યત્વે ઉત્તર-પશ્ર્ચિમ ભારતમાં લગભગ ૩ હજાર ફૂટની ઊંચાઈવાળા સ્થળે મબલખ પ્રમાણમાં કરવામાં આવે છે.

### જરદાળુના આરોગ્યવર્ધક લાભ

આંખોની તંદુરસ્તી માટે ગુણકારી

જરદાલુમાં ભરપૂર માત્રામાં વિટામિન એ સમાયેલું હોય છે. જે આંખોની તંદુરસ્તી માટે લાભકારક ગણાય છે. જરદાળુનું સેવન નિયમિત રૂપે કરવાથી આંખોની રોશની વધે છે. ઝામરની સમસ્યાથી બચી શકાય છે.

### પાચનતંત્ર મજબૂત બનાવે છે

જરદાલુમાં પોટેશિયમ, મેગ્નેશિયમ, આયર્નની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. તેથી તેનું સેવન કરવાથી પાચનતંત્ર મજબૂત બને છે. કબજિયાતની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે જરદાલુ કે આલુનું સેવન ગુણકારી ગણાય છે. આલુમાં સમાયેલું ફાઈબર પેટને લાંબો સમય સુધી ભરેલું રાખે છે. ભોજન પચાવવામાં મદદ કરે છે. ત્રણ નંગ જરદાલુમાં ૫ ગ્રામ ફાઈબરની માત્રા એટલે કે દિવસની ૨૦ ટકા જરૂરિયાત મળી રહે છે.

### સગર્ભાવસ્થામાં લાભકારક

સગર્ભાવસ્થામાં ગર્ભવતી સ્ત્રીને ખાસ પ્રકારનો સૂકોમેવો, ફળ કે શાકભાજીની સાથે વિવિધ ચટપટી વાનગી ખાવાની ઈચ્છા થતી હોય છે. વળી થોડી-થોડી વારમાં ભૂખ લાગી જતી હોય છે. ક્યારેક મીઠી વસ્તુ તો ક્યારેક ખાટ્ટી તો ક્યારેક તીખું ખાવાનું મન થાય છે. આવા સંજોગોમાં સૂકામેવામાં ખાસ જરદાલુનું સેવન કરવું હિતાવહ છે. જે શરીરમાં નબળાઈને દૂર કરવામાં મદદ કરે છે. ગર્ભાવસ્થામાં શરીરને આયર્નની ખાસ જરૂર હોય છે. તે માટે નિષ્ણાત ડૉક્ટરો આયર્નથી ભરપૂર આહાર લેવાની સલાહ આપતાં હોય છે. જરદાલુના સેવન થકી દિવસની ૧૦ ટકા આયર્નની આવશ્યક્તા પૂર્ણ કરી શકાય છે.

ત્વચાની તંદુરસ્તી -ચમક વધારવામાં ગુણકારી



નાનું અમથું સાનેરી રંગ ધરાવતાં જરદાલુનું સેવન કરવાથી ત્વચાની ચમક વધારવામાં મદદ મળે છે. ત્વચામાં કરચલી કે સૂકી થવાની ફરિયાદને દૂર કરવામાં મદદ મળે છે. આલુમાં વિટામિન એ તથા વિટામિન સીની માત્રા ભરપૂર સમાયેલી છે. જરદાલુના સેવન થકી શરીરને પર્યાપ્ત માત્રામાં વિટામિન સી તથા વિટામિન ઈ મળી રહે છે. જેથી શરીર તેમજ ત્વચાને યૂવી કિરણોથી બચવામાં મદદ મળે છે. કરચલીની સમસ્યાથી બચી શકાય છે. સૂકા જરદાલુમાં વધુ માત્રામાં આયર્ન ફાઈબર તથા ઍન્ટિઓક્સિડન્ટ સમાયેલું હોય છે. મીઠા-મધુરા શ્રેષ્ઠ જરદાળુ ભારતમાં લડાખમાં મબલખ પ્રમાણમાં પાકે છે. દુબઈના લોકો લડાખી જરદાળુની મીઠાશના દીવાના હોય છે. મીઠાશની સાથે દેખાવમાં જરદાળુ આકર્ષક હોય છે. લડાખમાં લગભગ ૪-૫ જાતના જરદાળુની ખેતી થાય છે. તેમાંથી સૌથી વધુ મીઠાશ ધરાવતાં સોનેરી જરદાળુની માગ દુબઈ તથા ગલ્ફ દેશોમાં મોટા પાયે જોવા મળે છે.

જરદાળુમાં કૅલરી તથા કાર્બોહાઈડ્રેટસ્ની માત્રા ઓછી હોય છે. એક જરદાલુમાં ૧૭ કૅલરી તથા ૪ ગ્રામ કાર્બોહાઈડ્રેટસ્ સમાયેલું હોય છે. વળી જરદાલુમાં સમાયેલું ફાઈબર ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. વિટામિન ઈ તથા ઍન્ટિઑક્સિડન્ટ લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે, સૂકામેવાની વાત કરીએ તો જરદાલુનો ગ્સાઈસેમિક ઈન્ડેક્સ ૩૦ ટકા હોય છે. જેથી સૂકો મેવામાં જરદાળુનું સેવન ઉત્તમ ગણી શકાય. (ગ્લાઈસેમિક ઈન્ડેક્સ દ્વારા જાણી શકાય છે કે વિવિધ ખાદ્ય પદાર્થ રક્ત શર્કરાને કઈ રીતે પ્રભાવતિ કરે છે. ખાદ્ય વસ્તુને ૦-૧૦૦ની વચ્ચે તેના ગ્લુકૉઝના પ્રભાવને આધારે નંબર આપવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો જેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ વધુ હોય તેવી ખાદ્ય-સામગ્રીને ખાવાથી લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધે છે. તો ઓછો જીઆઈ ઈન્ડેક્સ ધરાવતી ખાદ્ય-સામગ્રીનો ઉપયોગ કરવાથી લોહીમાં ગ્લુકૉઝની માત્રા ધીમે ધીમે વધે છે.)(૫૫ જીઆઈ ઓછી ગણાય, ૫૬-૬૯ મધ્યમ, ૭૦થી વધુ જીઆઈ ઉચ્ચ સ્તર દર્શાવે છે.)

સામગ્રીઃ ૨૦૦ ગ્રામ જરદાળુ, ૨૦૦ ગ્રામ ખાંડ, ૧ વાટકી મિલ્કમૅાડ, ૧ વાટકી ફ્રેશ ક્રિમ, ૧ લિટર દૂધ, ૪ ચમચી કર્સ્ટડ પાઉડર, ૨ ટીપાં વૅનિલા ઍસેન્સ, ૧ નાની ચમચી એલચી-જાયફળનો પાઉડર, ૬ નંગ વૅનિલા કૅકની સ્લાઈસ, બદામ-પિસ્તાની કતરણ સજાવટ માટે

બનાવાવની રીતઃ સૌ પ્રથમ જરદાળુને બરાબર સાફ કરી લેવાં. ત્યારબાદ તેને ૭-૮ કલાક પાણીમાં પલાળીને રાખવા. બીજે દિવસે તેને બાફી લેવાં. જરદાળુના બીજ કાઢી લેવાં. હવે જરદાળુને અધકચરાં વાટી લેવાં. તેને એક કડાઈમાં કાઢીને ધીમા તાપે પકાવવું. ૨૦૦ ગ્રામ ખાંડ ઉમેરવી. પાણી ન રહે તેમજ થોડું ઘટ્ટ થાય ત્યાં સુધી પકાવવું. ઠંડું થાય ત્યારબાદ તેમાં વૅનિલા એસેન્સ ભેળવવું. અન્ય તપેલીમાં દૂધને ગરમ કરવાં મૂકવું. તેમાં ૪ ચમચી કસ્ટર્ડ પાઉડરને ઓગાળીને ધીમે ધીમે ભેળવતાં જવું. ગાંઠા ના પડે તેનો ખ્યાલ રાખવો. કસ્ટર્ડ ઘટ્ટ થાય ત્યારબાદ તેમાં મિલ્કમૅાડ, ફ્રેશ ક્રિમ, એલચી જાયફળનો પાઉડર ભેળવવો. હવે એક લાંબા બાઉલમાં વેનિલા કૅકની સ્લાઈસ ગોઠવવી. તેની ઉપર કસ્ટર્ડ વાળું દૂધ મૂકવું. તેની ઉપર જરદાળુનાં ઘટ્ટ મિશ્રણને ગોઠવવું. તેની ઉપર ઠંડુ કસ્ટર્ડવાળું દૂધ ગોઠવવું. ઉપરથી જરદાળુની મીઠાઈ જે જામ જેવી ઘટ્ટ હશે તે ગોઠવવી. બદામ-પિસ્તાની કતરણ સજાવીને ફ્રિઝમાં ઠંડી કરીને સ્વાદિષ્ટ ‘જરદાળુ ડિલાઈટ’નો આનંદ માણવો.

જરદાળુનો છોડ એક વખત રોપ્યા બાદ ૫૦-૬૦ વર્ષ સુધી ફળ આપતાં રહે છે. વળી એક ઝાડમાંથી લગભગ ૮૦ કિલો ફળ મળી રહે છે. જરદાળુના ફળ પીળા, સફેદ, કાળા, ગુલાબી તથા કથ્થઈ રંગના જોવા મળે છે. બદામ જેવા આકારનો નાનો બી તેમાં હોય છે. પરંતુ તેનો ઉપયોગ ટાળવો હિતાવહ છે. જરદાળુમાંથી મીઠાઈની સાથે જામ, જ્યૂસ, જેલી તથા ચટણી બનાવી શકાય છે. સમશીતોષ્ણ તથા શીતોષ્ણ હવામાન જરદાળુ માટે યોગ્ય ગણાય છે.

મોટે ભાગે જરદાળુને સૂકામેવા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. જરદાળુનો ઉપયોગ કરીને ખાસ પ્રકારની મીઠાઈ બનાવવામાં આવે છે.

---

# આહારથી આરોગ્ય સુધી : મકાઇના સાઠા (ગન્ના)નો ગોળ

ભારતીય મીઠાઇનો ઇતિહાસ હજારો વર્ષોથી પહેલાનો છે. જે આજ પણ કાયમ છે. પ્રાચીન ભારતમાં વિકસિત થયો હતો. ભારતની સંસ્કૃતિના અનુસાર બધા પ્રદેશોમાં મીઠાઇની વિવિધતા પણ છે. અને સમાનતા પણ છે. ભારતમાં દરેક રાજ્યમાં ખુશી, ઉલ્લાસ માટે મીઠાઇનો વપરાશ થાય છે. દરેક રાજ્ય પોતાના અદ્ભુત સ્વાદવાળી મીઠાઇઓ માટે પ્રસિદ્ધ છે. દરેક તહેવાર કે પ્રસંગ માટે વિવિધ મીઠાઇઓ બને છે.

તહેવારમાં બનતી મીઠાઇઓ જ પારંપારિક છે તેનું મહત્ત્વ સ્વાસ્થ્ય માટે પણ છે. આ પારંપારિક મીઠાઇ ગમે ત્યારે નથી બનતી ચોક્કસ ઉત્સવ કે તહેવાર વખતે બને છે. કારણ તે સમય તેનું યોગ્ય પાચન થાય છે અને તે વખતે તેની માટેનું યોગ્ય વાતાવરણ કે ઋતુ હોય છે. શરીરમાં ત્યારે પાચન થાય છે. જયારે યોગ્ય સમયે અને યોગ્યમાત્રા પ્રમાણે બનાવવામાં આવે.

ભારતનાં રાજ્યોમાં આ બધી મીઠાઇઓ ગોળમાં બનાવવામાં આવે છે. દરેક રાજયમાં લગભગ શેરડીનો ગોળ મળે છે તે સિવાય નારિયેળના ગોળથી દક્ષિણ ભારતમાં બનતી મીઠાઇઓ જેવી કે વેટકક કેરલમાં બને છે. પીલ પોલી તમિળનાડુમાં, કુબાની આંધ્ર પ્રદેશ, બેબનિકા ગોવા, પાઇસમ સમસ્ત દક્ષિણ ભારતમાં, નારિકોલર લાડુ આસામમાં ખજૂરના ગોળથી બંગાળની દરેક મીઠાઇ બને છે.

બ્રાઉન કલરની રિકવી જે ગોળમાંથી જ બને છે. તેથી છંગબન ભેદુ કુરતાઇ મિઝોરમમાં, બિહારમાં ગોળથી ઢેકુઆ અવનબગંવી ત્રિપુરા, યદુરોરી છત્તીસગઢ, છેનાપોડા ઓડિશા, ગુલામલાકા ગોળમાંથી સિક્કીમની સેલરોટી બને છે. સિંધોધી કે સિંગોધી ઉત્તરાખંડમાં, પામગોળમાંથી તેલંગણામાં પૂરનમ મીઠાઇ, હિમાચલમાં બાબરુ, મણિપુરમાં થોંગબા નાગાલેન્ડમાં કાતપિઠા, અરુણાચલ પ્રદેશમાં ખપાસે ગુજરાત અને રાજસ્થાનમાં ઘણીય મીઠાઇઓ વિદેશમાં બને છે. આનો લેખ અગાઉ આપ્યો હતો. જાણી લો કે ભારતમાં ઘણાય પ્રકારનો ગોળ બને છે, લોકો આનાથી માહિતગાર નથી. તેથી વપરાશ ઓછો છે. કચ્છમાં પણ ખજૂરનો ગોળ ખૂબ જ પૌષ્ટિક છે. નીરાગોળ, તાળગોળ, માડગોળ વગેરે. અલગ અલગ રાજયમાં બની રહ્યા છે. મસાલાવાળો ગોળ કર્ણાટક અને તમિળનાડુ તેમ જ કેરલ બને છે જેનો સ્વાદ ખૂબ જ લાજવાબ છે.

કર્ણાટકમાં મલીયઅપ્પા નામના ભાઇએ મકાઇના સાઠામાંથી (ગન્નામાંથી) ગોળ બનાવે છે. મકાઇનો ગોળ તેઓ લગભગ પાંચથી છ વર્ષ પહેલાં બનાવાની શરૂઆત કરી છે. કર્ણાટકમાં હીલોલી ગામ છે જે રામદુર્ગ તાલુકામાં આવેલું છે ત્યાં બનાવે છે. મકાઇના સાઠામાંથી બનતું ગોળ સ્વાસ્થ્યની દષ્ટિએ ખૂબ ફાયદાકારક છે. મોટો એનર્જીનો સ્ત્રોત છે. સ્વાદ ખૂબ સરસ તેઓ ઓર્ગેનિક રીતે બનાવે છે. મુલાકાત લેવા જેવી છે. યુટયૂબ અને ફેસબુક તમે જોઇ શકો છે. રિફાઇન્ડ સાકરથી દૂર રહેનાર માટે આ ગોળ આશીર્વાદ રૂપ છે.

મકાઇના ગોળ વિટામિન એ અને સીથી ભરપૂર છે. મિનરલ જેવા કે કોલેટ, પોટેશિયમ અને મેગ્નેશિયમ છે. લ્યૂટિન અને જેકસોથિન જેવા ઓકસિડેન્ટ છે.


લ્યૂટિન અને જેકસોથિન એન્ટિ ઓકસિડેન્ટ જે મોતિયાબિંદુથી બચાવે છે આંખોને ચમકદાર રાખે છે. એટલે કે મકાઇના ગોળમાં ગ્લાઇકામેકસ ઇન્ડેકની માત્રા સીમિત છે. તેમ જ ઉંમર સંબંધિત મેકયુલર ડિજનરેશનથી બચાવે છે. એટલે વૃદ્ધાવસ્થાને રોકે છે. ગ્લૂટેનથી મુક્ત છે જે સીલિઇક રોગથી બચાવે છે.

ધુલનશીલ છે તેથી તેનું ફાઇબર કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત રાખે છે. આનું પ્રોટીન જે મસલ્સને મજબૂત બનાવે છે. ફાઇબર સારું છે તેથી પાચન સુધરે છે. ડાયાબિટીસની સમસ્યાવાળા આના સીમિત માત્રામાં ઉપયોગ કરી શકે છે. એનિમિયા જેવી બીમારીમાં આર્યન ઘટી જવાને કારણે શરીર નિસ્તેજ બને છે. ત્યારે આ ગોળનો ઉકાળો બનાવી લઇ શકાય છે.ત્વચા પણ નિખરે છે. આ ગોળનો રંગ પણ પીળાશ પડતો છે તેથી વાનગીનો રંગ પણ સારો થાય છે. ઘણાં ગોળના બ્રાઉન રંગથી ચીડ હોય તે આ ગોળ વાપરી શકે છે. ઊર્જા અને પૌષ્ટિકતા માટે આ ફાયદાકારક છે.સ્વાસ્થ્યની ચિંતા રાખવાવાળા અને ઉચ્ચ પ્રકારનો આહાર પસંદ કરવાવાળા માટે આ ગોળનો ઉપયોગ જરૂરથી કરજો.

# ઉધરસ એટલે શું?

**જયારે બહારની બિનજરૂરી વસ્તુ (ધુમાડો, રજકણો, આહાર વગેરે) શ્ર્વાસનળીમાં પ્રવેશ કરે છે ત્યારે ફેફસાંઓ સ્વરક્ષણ માટે પોતામાં ભરાયેલી હવા દ્વારા તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેને ઉધરસ કહેવાય છે. તેની પ્રક્રિયા નીચે મુજબ છે.૧) જયારે બહારની વસ્તુ શ્વાસનળીમાં આવે ત્યારે શ્વાસનળીમાં રહેલા ચેતાતંતુઓ મગજને તરત જ સંકેત આપે છે.**

ઉધરસની શરૂઆત હંમેશાં શરીરના રક્ષણ માટે થાય છે.જયારે બહારની બિનજરૂરી વસ્તુ (ધુમાડો, રજકણો, આહાર વગેરે) શ્ર્વાસનળીમાં પ્રવેશ કરે છે ત્યારે ફેફસાંઓ સ્વરક્ષણ માટે પોતામાં ભરાયેલી હવા દ્વારા તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેને ઉધરસ કહેવાય છે. તેની પ્રક્રિયા નીચે મુજબ છે.૧) જયારે બહારની વસ્તુ શ્વાસનળીમાં આવે ત્યારે શ્વાસનળીમાં રહેલા ચેતાતંતુઓ મગજને તરત જ સંકેત આપે છે.



૨) છાતી, ફેફસાં અને પેટના સ્નાયુઓને મગજ સંકેત આપીને સક્રિય કરે છે.

૩) તે સ્નાયુઓ પ્રથમ ફેફસાંની અંદર હવા ભરીને તેને ૧૬૦ કિ. મી./ કલાકની સ્પીડે બહાર કાઢે છે.

વાત, પિત્ત અને કફથી થતી ઉધરસનાં લક્ષણ

વાત પ્રકૃતિ :

પેટમાં રહેલો અપકવ રસ ઉપર ચઢે ત્યારે થાય.

મોઢું સુકાય જાય અને ખાંસી સૂકી હોય.

શરીર અશક્ત જણાય.

વારંવાર ખાંસી આવ્યા કરે અને અવાજ બેસી જાય.

શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસ થઇ શકે.

પિત્ત – પ્રકૃતિ :

પિત્ત અથવા વાત પિત્ત પ્રકૃતિવાળા લોકોને મોટા ભાગે થતી હોય છે.

શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસણ થાય.

મોઢું કડવું રહે અને અવાજ બેસી શકે.

ઉધરસ વખતે ગળામાં બળતરા થાય

મોટા ભાગે ઉષ્ણઋતુમાં અથવા ઋતુ બદલાય ત્યારે થાય.

પીળા રંગ જેવી કડવી ઊલટી થઇ શકે.

કફ પ્રકૃતિ :

કફના ગળફા નીકળ્યા કરે અને છાતી કફથી ભરેલી જણાય.

મોટા ભાગે શરદી-કફ થયા પછી ઉધરસ થાય.

મોઢું ચીકણું રહે.

શરીર ભારે અને શિથિલ થઇ શકે.

ભોજન પર અરુચિ રહે.

ઉધરસ થવાનાં અન્ય કારણો

(વાત, પિત્ત અને કફ સિવાયના)

જે કારણોથી ગળાનું ઈન્ફેક્શન થાય તે જ કારણોથી ઉધરસ પણ થઈ શકે છે.

તણાવ, ચિંતા અને ડિપ્રેશનયુક્ત જીવવાથી આપણી શ્ર્વસનનળી સંકુચિત થઈ જાય છે અને તેનાં રક્ષણ માટે શરીર ઉધરસ ઉત્પન્ન કરે છે.

વધુ ઉતાવળમાં અને ચાવ્યા વિના જમવાથી થયેલી અર્જીણથી.

વધુ પડતાં ઠંડાં પદાર્થોના સેવનથી.

મળ-મૂત્રના વેગને રોકવાની આદતથી.

શ્ર્વાસ સંબંધી રોગ થવાથી. (અસ્થમા વગેરે)

ધૂમ્રપાન કે તમાકુના વ્યસનથી.

ઉધરસ ખાવાની ખોટી ટેવ પડી જવાથી.

ઉધરસ માટેના ઉપચાર

વાત-પિત્તના કારણે થયેલી ઉધરસના ઉપચારો (જેમાં ભીનો કફ ન હોય)

૩ ગ્રામ જેઠીમધનું ચૂર્ણ એક ચમચી ઘી સાથે ચાટવું.

### કાળી દ્રાક્ષ અને સાકર મોઢામાં રાખવી.

૧ કેળું, ૧ ચમચી ઘી અને ૧ ચમચી સાકર ભેગું કરીને લેવું

છાલ સાથે ચીકુ ખાવા

વધુ પિત્તના કારણે ઉધરસ થઈ હોય તો માપસરનાં ઠંડા પ્રવાહી લઈ શકાય.

કફના કારણથી થયેલી ઉધરસના ઉપચાર

લવિંગ મોંમાં રાખી ચૂસવું.

૧ ચમચી મધ અને ૨ ચમચી આદુંનો રસ મેળવીને પીવો.

૨થી ૩ ચમચી ફુદીનાનો રસ પીવો.

૧-૨ ચમચી લીંબુના રસમાં તેનાથી ચારગણું મધ મેળવીને ચાટવું.

અડધી ચમચી તજ અથવા મરીનું ચૂર્ણ ૧ કપ દૂધમાં ઉકાળીને પીવું.

૧ચમચી અરડૂસીના પાનના રસ સાથે ૧ ચમચી મધ લેવું.

હળદર અને સૂંઠ સવાર-સાંજ મધમાં ચાટવું. ૧ કપ ગરમ કરેલા દૂધમાં ૧-૧ ચમચી હળદર અને ઘી મેળવીને પીવું.

થોડી ખજૂર ખાઈ ઉપરથી થોડું ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈ નીકળી જશે, અને ઉધરસ તથા દમ મટશે.

મીઠું અને હળદરવાળો શેકેલો અજમો જમ્યા પછી મુખવાસ તરીકે ખાવાથી ઉધરસ અને શરદી મટે છે,હળદર અને મીઠાવાળા ગરમ શેકેલા ચણા (દાળિયા) ખાવા.



## તંત્રી લેખ... -

**મંગળવાર, તા. ૦૨ ડિસેમ્બર ૨૦૨૫**

# સોશિયલ મીડિયા અને અશ્લીલતા

દેશની સર્વોચ્ચ અદાલતે સોશિયલ મીડિયા ઉપર ભમતી-વહેતી અશ્લીલ સામગ્રી માટે ગંભીર ચિંતા વ્યક્ત કરીને કહ્યું છે કે, આ બાબતે કોઈએ જવાબદારી લેવી પડશે, સોશિયલ મીડિયા જાણે રેઢું પડ છે. કોઈ તેનું ધણીધોરી નથી તેવી સ્થિતિ છે. પરિણામે બહુ નુકસાન થઈ રહ્યું છે. અદાલતની આ ચિંતા અત્યંત સમયસરની, યોગ્ય છે. ડિજિટલ લિટરસી એટલે કે, આવાં માધ્યમોના ઉપયોગ માટેની સજ્જતાનો આપણે ત્યાં મોટાપાયે અભાવ છે. શિક્ષિત વર્ગ પણ સોશિયલ મીડિયાના ઉપયોગ સંદર્ભે તો તદ્દન બેદરકાર થઈને વર્તે છે. સોશિયલ કહેવાતું આ માધ્યમ અનેક સામાજિક દૂષણ માટે નિમિત્ત બને છે. એક સમય હતો, જ્યારે આપણે ત્યાં એવી ટીકા થતી કે, ઘરમાં શૌચાલય ન હોય, પરંતુ ટીવી આવવા લાગ્યાં, તે સમયે તો આ ટેલિવિઝનનો વ્યાપ અને તેની ગતિ તદ્દન ઓછાં હતાં. ટીવીની નકારાત્મક અસરો વિશે મોટા પરિસંવાદો અને સંશોધનો થતા. આજે આ માધ્યમ તો જૂનું થઈ ગયું. રેડિયો અને ટીવીને વિસ્તરતાં જે સમય લાગ્યો તે મોબાઈલને નથી લાગ્યો. આધુનિક સંચાર પદ્ધતિ, વિવિધ એપ્લિકેશન્સ ઉપર થતા પ્રત્યાયન, તાત્કાલિક મળતી માહિતી, વિશ્વભરમાં સ્થાપિત થતા સંપર્ક તે બધું ખૂબ ઉપયોગી છે. તેની અવગણના ન થઈ શકે પંરતુ તે દૂષણ બની ગયું છે તે સામાપારની વાસ્તવિકતા છે. પરદેશમાં પણ લોકો મોબાઈલ ફોન કે વિવિધ માધ્યમનો ઉપયોગ કરે છે, આપણે ત્યાં સ્થિતિ એ થઈ કે બહોળા વર્ગના હાથમાં આ સાધન આવી ગયું, સરળતાથી અને સસ્તું તે પ્રાપ્ત થયું. ડેટા તો હવે તદ્દન મફતના દરે મળી રહ્યો છે. સમાજની દરેક વ્યક્તિ-દરેક વર્ગને આ સાધન મળે છે, પરંતુ તેના ઉપયોગની સજ્જતા, પરિપક્વતા દરેકમાં સમાન નથી. પરિણામે માહિતી કે આ માધ્યમો ઉપર પીરસાતી સામગ્રીમાંથી ઘણુ એવું વધારે વાયરલ થાય છે જે નુકસાનકારક સાબિત થઈ શકે, કુમળી વયે તે વ્યસનમાં પરિણમી શકે અને એવું થાય છે. અશ્લીલતા ફક્ત નિર્વસ્ત્રતામાં જ હોય તેવું નથી. વિવિધ એપ્સ ઉપર થતા બ્લેકમેઈલિંગ, વાયરલ થતા ફોટોગ્રાફ બધી બાબત ચિંતાજનક છે. ગુરુવારે સર્વોચ્ચ અદાલતે આ મામલે જ કહ્યું કે, આ અશ્લીલ સામગ્રી ન ફેલાય તેની જવાબદારી કોઈકે તો લેવી પડશે. અદાલતની આ ટકોર પછી ઉશનસની કવિતા, 'કો'કે તો કરવું પડશે ભાઈ'નું સ્મરણ થાય છે. કેન્દ્ર સરકારને અદાલતે કહ્યું છે કે, ચાર સપ્તાહની સમયમર્યાદામાં આ સોશિયલ મીડિયા પરની અશ્લીલતા રોકવા માટે નિયમ નક્કી કરવામાં આવે. મુખ્ય ન્યાયાધીશે એવું પણ કહ્યું કે, 'આ ન જોવું જોઈએ' તે નક્કી થાય ત્યાં સુધીમાં તો તે જોવાઈ ગયું હોય છે. અદાલતની, ન્યાયમૂર્તિની આ ચિંતા સૌને જગાડનારી છે. સવાલ તો એ છે કે, બદલાતા સમયમાં અશ્લીલતા, તેનાં માધ્યમોની પણ સ્થિતિ બદલાઈ રહી છે. ગઈકાલે જે અશ્લીલ હતું, અલ્પપ્રાપ્ય હતું તે આજે સરળ રીતે મળી રહ્યું છે. દૃષ્ટિકોણ, અભિગમ બદલાયા છે. કંઈ સંતાડી શકાતું નથી. આ સંજોગોમાં કોર્ટ ચિંતા કરે, સરકાર અમલ કરે, પરંતુ પ્રજા તેને અપનાવશે કેટલી હદે તે પ્રશ્ન અગત્યનો છે.

# નવી એફઆઈઆરથી કાયદાની સર્વોપરિતાનો કોંગ્રેસને સંદેશ

નેશનલ હેરાલ્ડનો મામલો કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને લોકસભાના સાંસદ રાહુલ ગાંધી સહિતના નેતાઓનો કેડો મુકતો નથી. આ ચકચારી મામલામાં હવે કોંગ્રેસના આ બંને ટોચના નેતાઓ સહિતનાની સામે નવી એફઆઈઆર નોંધાઈ છે. સ્વાભાવિક રીતે ભારે રાજકીય પ્રત્યાઘાતનો વંટોળ ઊભી કરતી આ એફઆઈઆરે જો કે, બતાવી આપ્યું છે કે, કાયદાથી ઉપર કોઈ નથી. ખોટું કરનાર સૌએ તેની તપાસ અને સજા ભોગવવી પડે છે. એનફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી)ની ફરિયાદ પરથી દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાએ આ નવી એફઆઈઆર નોંધી છે. આ કાર્યવાહી શરૂ થતાંની સાથે સત્તાધારી ભારતીય જનતા પાર્ટીએ પુનરોચ્ચાર કર્યો છે કે, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને ગાંધી - વાડરા પરિવાર ભ્રષ્ટ છે. આમે નેશનલ હેરાલ્ડના મામલે ભાજપે હંમેશાંથી કોંગ્રેસ અને તેના ટોચના નેતાઓની સામે મોરચો ખોલ્યો છે. નવી એફઆઈઆર સાથે હવે આ આરોપો નવાં પરિમાણ સામે ફરી સામે આવી રહ્યા છે. સ્વાભાવિક છે કે, આવા કોઈ પણ આરોપ હોય તો સંબંધિત એજન્સીઓ પોતાની જવાબદારી મુજબ તપાસ કરતી હોય છે. આમાં કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા કાયદાથી પર નથી રહી શકતી. તપાસનીશ એજન્સીઓનો દાવો છે કે, દસ્તાવેજો અને

પૂરવાનાં ઝીણવટભર્યાં અધ્યયન બાદ નવી એફઆઈઆર દાખલ કરાવાઈ છે. આ કાર્યવાહી બદલાની કોઈ ભાવના સાથે હાથ ધરાઈ ન હોવાની સ્પષ્ટતા પણ એજન્સીએ કરી છે. આ એફઆઈઆરમાં ગુનાહિત કાવતરા, વિશ્વાસઘાત અને છેતરપિંડી જેવા આરોપ લગાવાયા છે. એફઆઈઆરમાં એવો આરોપ મુકાયો છે કે, કોંગ્રેસની માલિકીની એસોસીએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ)પર છેતરપિંડીથી હસ્તાંતરણ કરાઈ હતી. આ કંપનીની કુલ સંપત્તિ બે હજાર કરોડની છે. બન્યું એવું હતું કે, કોલકાતાની એક કંપની ડોટેક્સ મર્ચેન્ડાઈઝે યંગ ઈન્ડિયનને એક કરોડ રૂપિયા આપ્યા હતા, તે પછી યંગ ઈન્ડિયને કોંગ્રેસને ૫૦ લાખ ચૂકવીને એજેએલ પર નિયંત્રણ મેળવ્યું હતું. આમ યંગ ઈન્ડિયને એજેએલ પર કબજો મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, યંગ ઈન્ડિયનમાં ગાંધી પરિવારનો ૭૬ ટકાનો ભાગ છે. આ બધું ધ્યાને લઈને ઈડીએ નવમી એપ્રિલ-૨૦૨૫ના સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સુમન દુબે, સામ પિત્રોડા અને ડોટેક્સના પ્રમોટર વિરુદ્ધ નેશનલ હેરાલ્ડ અખબારને લગતા કહેવાતા મની લોન્ડરિંગ કેસમાં એક ચાર્જશીટ દાખલ કરી હતી. આ ચાર્જશીટના અનુસંધાનમાં નવી એફઆઈઆર નોંધવામાં આવી છે. હવે આ કેસમાં દિલ્હી પોલીસ એજેએલના શેરધારકોને પૂછપરછ માટે બોલાવી શકે છે. પોલીસ તેમને પૂછવા માગશે કે, એજેએલના હસ્તાંતરણ અગાઉ કોંગ્રેસે તેમની સંમતી મેળવી હતી કે કેમ ? આ મામલામાં કેવા વળાંક આવે છે હજી સ્પષ્ટ રીતે કહી શકાય તેમ નથી, પણ એક વાત નક્કી છે કે, નવી એફઆઈઆર નોંધાતાં કોંગ્રેસના મોટા ગજાના નેતાઓની મુશ્કેલી વધી શકે છે, તેની સાથોસાથ વિપક્ષી સભ્યો સંસદની કાર્યવાહીને રોકવામાં આ મુદ્દાનો પણ હાથવગો ઉપયોગ કરે તો નવાઈ પામવા જેવું નહીં રહે.

**જિહાદની વ્યાખ્યા શું છે એ બધી વાતો કરતાં વધારે મહત્ત્વનો મુદ્દો વાસ્તવિકતા શું છે એ છે**

# મદરેસાઓમાં નફરતના પાઠ ભણાવાય તો દેશ સામે મોટો ખતરો

### મદની જિહાદ જેના પવિત્ર શબ્દોના દુરૂપયોગ માટે ઈસ્લામના કહેવાતા દુશ્મનો પર દોષનો ટોપલો ઢોળે છે.

જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીના નિવેદનના પગલે જિહાદ અંગે ચર્ચા છેડાયેલી છે ત્યારે મદનીને જવાબ આપવા બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન મેદાનમાં આવતાં આખી ચર્ચા રસપ્રદ બની ગઈ છે. મદનીએ જિહાદને પવિત્ર શબ્દ ગણાવીને કહેલું કે, જિહાદનો અર્થ ધર્મયુદ્ધ થાય છે પણ લવ જિહાદ, થૂક જિહાદ, જમીન જિહાદ જેવા શબ્દોનો પ્રયોગ કરીને આ પવિત્ર શબ્દોને બદનામ કરાઈ રહ્યા છે. ઈસ્લામ અને મુસ્લિમોના દુશ્મનો જિહાદ જેવા ઈસ્લામના પવિત્ર વિચારોને હિંસા, દુરૂપયોગ, ગરબડ વગેરે સાથે જોડીને આ શબ્દોની પવિત્રતા ખતમ કરવા કરી રહ્યા છે. મદની આડકતરી રીતે મીડિયા અને હિંદુવાદીઓ જિહાદ શબ્દને વિકૃત રીતે રજૂ કરી રહ્યા છે એવું સ્થાપિત કરવા મથી રહ્યા છે એ સ્પષ્ટ છે.

થોડા સમય પહેલાં હજારો કિલો વિસ્ફોટકો સાથે ચાર મુસ્લિમ ડોક્ટરો પકડાયા તેના કારણે ભણેલાગણેલા લોકો આતંકવાદ તરફ કેમ વળી રહ્યા છે એ મુદ્દો ચર્ચામાં છે જ ત્યાં મદનીએ આ નિવેદન દ્વારા આડકતરી રીતે આતંકવાદને સમર્થન આપી દીધું હતું કેમ કે મદનીએ દાવો કરેલો કે, જુલ્મ હશે ત્યાં જિહાદ થશે જ. મદનીએ સીધા શબ્દોમાં ના કહ્યું પણ તેમના કહેવાનો અર્થ એ જ છે કે, ભારતમાં મુસ્લિમો પર જુલ્મ થઈ રહ્યા છે તેથી મુસ્લિમો આતંકવાદ ભણી વળી રહ્યા છે.

આરિફ મોહમ્મદ ખાને મદનીને જવાબ આપતાં કહ્યું છે કે, ગરીબ પર થતા અત્યાચાર કે ઉત્પીડન સામે અવાજ ઉઠાવવો જિહાદ છે તેમાં બેમત નથી પણ મદનીના ચેલકા એવા કટ્ટરવાદી મુસ્લિમો મુસ્લિમ બાળકોને જિહાદની જે પરિભાષા શીખવી રહ્યા છે તેને ઈસ્લામ સાથે કંઈ લેવાદેવા નથી. ખાને દેવબંદમાં ભણાવાતાં કેટલાંક પુસ્તકોનો હવાલો આપીને કહ્યું છે કે, આ કટ્ટરવાદીઓનાં પુસ્તકોમાં લખેલું છે કે, કોઈ વ્યક્તિ ઈસ્લામને ના માનતો હોય તો તેની સામે લડવું એ જિહાદ છે. મતલબ કે, મુસલમાનોએ દુનિયાભરના તમામ બિન-મુસ્લિમો સામે લડવું જોઈએ. ખાને એમ પણ કહ્યું છે કે, જિહાદનો મતલબ માનવતાનું રક્ષણ છે અને કુરાન બળજબરીથી ધર્માંતરણની તરફેણ નથી કરતો પણ દેવબંદ સહિતની કટ્ટરવાદી સંસ્થાઓ બળજબરીથી ધર્માંતરણની તરફેણ કરે છે.

ખાને બીજી પણ ઘણી વાતો કરી છે ને બધી વાતો માંડવાનો અર્થ નથી પણ તેમણે મદની સહિતના મુસ્લિમ કટ્ટરવાદીઓનો અસલી ચહેરો લોકો સામે ખુલ્લો કરી દીધો છે. ઈસ્લામના આ બની બેઠેલા ઠેકેદારો ઈસ્લામના સિદ્ધાંતોના નામે લોકોને સાવ ઊંધા પાટે ચડાવે છે એ વાત નવી નથી. ખાન સાહેબે પણ એ જ વાત કરી છે પણ તેમની વાતનું વજન એ રીતે વધારે પડે કે, એ પોતે મુસ્લિમ છે અને ઈસ્લામના જાણકાર છે. મદની સહિતના લોકો કુરાન, હદીસ, શરિયત વગેરેના નામે લોકોને રીતસર બેવકૂફ બનાવે છે એ વાત એક હિંદુવાદી નેતા કહે તો તેને ઈસ્લામ અને મુસલમાનો તરફના દ્વેષમાં ખપાવી દેવાય પણ એક મુસ્લિમ વિદ્વાન કહે તો તેને ગંભીરતાથી લેવી જ પડે.

મદની જિહાદ જેના પવિત્ર શબ્દોના દુરૂપયોગ માટે ઈસ્લામના કહેવાતા દુશ્મનો પર દોષનો ટોપલો ઢોળે છે. આ દુશ્મનો કોણ છે તેનો ફોડ મદનીએ નથી પાડ્યો પણ આડકતરી રીતે તેમણે ભાજપના નેતા, હિંદુવાદી સંગઠનો, મીડિયા વગેરેને દોષિત ગણાવી દીધાં છે. મદનીની આ વાત હાસ્યાસ્પદ છે કેમ કે જિહાદ પવિત્ર શબ્દો છે એવું બધા સ્વીકારતા હતા જ પણ જિહાદને આતંકવાદ સાથે જોડવાનું કામ મુસ્લિમ કટ્ટરવાદીઓએ જ કર્યું છે. આતંકવાદ ફેલાવીને નિર્દોષ લોકોની હત્યા કરવાને જિહાદ નામ બીજા કોઈએ નથી આપ્યું પણ મુસ્લિમ સંગઠનોએ જ આપ્યું છે. આ સંગઠનોના આતંકવાદીઓ જિહાદને નામે હત્યાકાંડો કરી રહ્યા છે તેથી બીજા કોઈના પર દોષારોપણ ના કરી શકાય.

દુનિયાભરમાં કટ્ટરવાદીઓ જિહાદની વ્યાખ્યા પોતાની સગવડ પ્રમાણે કરે છે પણ અરબી ભાષામાં જિહાદનો અર્થ સંઘર્ષ થાય છે, યુદ્ધ નથી થતો. અરબી ભાષામાં યુદ્ધ માટે ગઝવા અથવા મગાઝી શબ્દો વપરાય છે. જિહાદ એટલે કે સંઘર્ષમાં તમામ પ્રકારના સંઘર્ષ આવી ગયા. હદીસમાં દિલથી. જીભથી, હાથથી અને તલવારથી એ ચાર પ્રકારે જિહાદ કરી શકાય એવું લખાયેલું છે પણ કટ્ટરવાદી મુસ્લિમો જિહાદ તલવારથી જ થાય એવું મુસ્લિમોના માનસમાં ઠસાવે છે. મુસલમાનો પોતાના અંદરની બુરાઈઓના શેતાન સામે લડે એ દિલથી થતી જિહાદ છે ને સત્ય બોલે એ જીભથી થતી જિહાદ છે. અન્યાય કે ખોટું થતું હોય ત્યારે કોઈને બચાવવા લડે એ હાથથી થતી જિહાદ છે પણ આ બધી જિહાદની કોઈ વાત નથી કરતું. બલકે મુસ્લિમોને ભડકાવવા માટે જૂઠાણાં ચલાવાય છે એ જોતાં તો આ કટ્ટરવાદીઓ સામે જ જિહાદની જરૂર છે.

જિહાદની વ્યાખ્યા શું છે એ બધી વાતો કરતાં વધારે મહત્ત્વનો મુદ્દો વાસ્તવિકતા શું છે એ છે ને આરિફ મોહમ્મદ ખાને દેવબંદ સહિતના મદરેસાઓમાં શું ભણાવાય છે તેની વાત કરીને એ તરફ આખા રાષ્ટ્રનું ધ્યાન દોર્યું છે. મદરેસાઓ આતંકવાદને પોષવાનાં કેન્દ્રો છે એવા આક્ષેપો સતત થાય જ છે ને ખાને એ જ વાતને દોહરાવી છે પણ સાથે સાથે તેના પુરાવા પણ આપ્યા છે.

ભારતમાં જ મુસ્લિમ બાળકોને બિન-મુસ્લિમોને દુશ્મન માનવાના પાઠ ભણાવાતા હોય તો એ ગંભીર વાત કહેવાય કેમ કે આ પ્રકારના શિક્ષણ દ્વારા નફરતનાં બી રોપાય છે અને તેના કારણે ભવિષ્યમાં બહુ મોટો સામાજિક સંઘર્ષ ફાટી નીકળશે. મુસ્લિમોની ભાવિ પેઢી બિન મુસ્લિમોને દુશ્મન માનવાની માનસિકતા સાથે જ મોટી થતી હોય તો તેના કારણે ભવિષ્યમાં આંતરિક સંઘર્ષ થઈ શકે ને દેશની સુરક્ષા સામે ખતરો પેદા થઈ શકે.

આપણી સરકારે આ ખતરાને ગંભીરતાથી લેવો જોઈએ અને દેવબંદ સહિતની મદરેસાઓમાં ભણાવાતા નફરતના પાઠ બંધ કરાવવા જોઈએ. મદરેસાઓમાં મુલ્લા-મૌલવીઓ મૌખિક રીતે બાળકોનાં માનસમાં ઝેર રેડે છે તેને રોકવું શક્ય નથી પણ કમ સે કમ પુસ્તકોમાંથી તો આ વાતો કાઢી જ નાખવી જોઈએ. ધર્મના શિક્ષણના નામે લોકોને પતાવી દેવાની વાતો શીખવાડાય એ બિલકુલ ના ચાલે.

મુસ્લિમોએ પણ આ અંગે ગંભીરતાથી વિચારવું જરૂરી છે. ઈસ્લામ બીજા ધર્મનાં લોકોને નફરત કરવાનું કે તેમની સામે લડવાનું શીખવતો નથી જ્યારે દેવબંદ સહિતના મદરેસા આવા ખોટા પાઠ ભણાવે એ ઈસ્લામ વિરોધી કહેવાય. મુસ્લિમોએ પોતાનાં સંતાનોને ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધનું શિક્ષણ આપતાં આવાં પરિબળોથી પોતાનાં સંતાનોને દૂર રાખવાં જોઈએ.

**ભૈરવનાથની એક ટૂકની તિરાડમાં ઊતરી ગયા. પાછળ મીણલમા પણ ઊતરી ગયાં,**

# વેલનાથ ચરણે જસોમાનો આરાધ

> • અહીં જસોમાનો વલવલાટ-વિરહ ભજનવાણી દ્વારા પ્રગટ થયો છે. એમની આ આરાધ સાંભળીને વેલનાથને પ્રગટ થવું પડયું અને પોતાનામાં સમાવી લીધાં. આરાધનો પ્રભાવ અજીબોગરીબ છે.

વેલનાથ જીવનની સાથે સંકળાયેલી કંઈકેટલીય દંતકથાઓ ભજનોમાં નિરૂપાયેલી જોવા-સાંભળવા મળે છે. એક માન્યતા પ્રમાણે જસમતથી વિદાય થઈને વાઘનાથને ગુરુ ધારીને ગિરનારમાં જ સાધનામાં રત વેલાબાવાએ જૂનાગઢમાં ગૃહસ્થજીવન પણ આરંભેલું. જસોમા અને મીણલમા એમ બે સ્ત્રીઓ હતી. વેલનાથ ગૌસેવા કરે, સાધના કરે અને ગૃહસ્થજીવન વ્યતીત કરે, શિષ્યોને પ્રબોધે. ગિરનારની આસપાસના પ્રદેશમાં પણ ભારે મોટો પ્રભાવ.

એક વખત કોઈ સંતમંડળી અને સમાજની યાત્રા મંડળી ગિરનારની પરિક્રમાએ નીકળેલી. રસ્તામાં જય ગિરનારી – જય વેલનાથ એમ બોલે. આવો જય વેલનાથના નામનો અહાલેક સાંભળીને જોગીની જમાત ગુસ્સે થઈ ઊઠી. નવ નાથમાં આ દશમો વેલનાથ વળી કોણ છે ? અને ક્યાંથી ભળ્યો ? મંડળીએ જવાબ આપ્યો. જૂનાગઢમાં જ વસે છે, બાપજી. જોગીઓ તો ભારે ગુસ્સે થયા. ચીપિયા ખખડાવતા વેલાબાવા પાસે પહોંચ્યા અને કહે કે તું વેલનાથ સંસારસુખને ભોગવનારો, નાથ કહેવડાવે છે વેલાબાવો કહે, ના, બાપજી મને તો કંઈ ખબર નથી હું તો નાથના પગની રજોટી છું. મારાથી થાય ઈ ટેલ કરું છું.

ખાખીઓ કહે છે તું ઢોંગી છે ચાલ દત્તની ટૂકે, ત્યાં તારી ખબર લેશું. કહીને ચીપિયા અને ટોકરાથી પ્રહાર કરવા લાગ્યા. બંને સ્ત્રીઓ આડા ઘા ઝીલે. ચાલતાં ચાલતાં ગિરનાર દરવાજે પહોંચ્યા, ત્યાં વાણિયાના જુવાનજોધ પુત્રનું શબ. વાણિયો વેલનાથના પગમાં પડયો અને કહેવા લાગ્યો, બાપજી મારી આંધળાની એક આંખ હતી એ ગઈ. તમે એને હાથ અડાડો. વેલાબાવાએ કપાળે હાથ મૂક્યો. માથે હાથ ફેરવ્યો અને છોકરો આળસ મરડીને ઊભો થયો. પણ ખાખીઓની જમાતની બીકે પછીથી વેલનાથે હડી કાઢીને દોટ મૂકી. ભૈરવનાથની ટૂકે ચઢી ગયા. પાછળ જસોમા અને મીણલમા પણ દોડયાં.

ભૈરવનાથની એક ટૂકની તિરાડમાં ઊતરી ગયા. પાછળ મીણલમા પણ ઊતરી ગયાં, પરંતુ જસોમાને થોડું છેટું રહી ગયું. પોતાના નાથને શોધતાં રહ્યાં અને આમતેમ ફાંફાં માતાં ભટકતાં રહ્યાં. તિરાડની બહાર મીણલમાની સાડીનો છેડો રહી ગયેલો એને ફરફરતો જોઈને ત્યાં ટૂકે પહોંચ્યાં. જેની સાથે સહજીવન હતું, સેવા-સાધના થતી હતી એમાં વિખૂટું પડવાનું આવ્યું. આ વિરહ અને તપ પછી વાણી દ્વારા પ્રગટયાં. જસોમાએ ગાયેલું ભજન આજે પણ પરંપરામાં જીવંત છે. કહેવાય છે કે જસોમાની વાણી સાંભળીને વિદાય થયેલા વેલનાથ મધરાતે બહાર આવેલા અને જસોમાને પણ ભૈરવનાથની ટૂકે પોતાની સાથ સમાવી સાથે લીધેલાં. જસોમાના ભજનમાંનો આર્તનાદ એવો છે કે વેલનાથને બહાર આવવું પડે છે, વહાલાનો વિયોગ દૂર કરવા માટે સમર્થ નીવડેલી વાણીનો ભારે મોટો મહિમા હોય એ સ્વાભાવિક છે. જસોમાની એ વિરહની વેદનશીલતાને પ્રગટાવતી પહેલવારકી વાણીને જોઈએ :

જસોમા આર્તનાદે ગાય છે કે હે ગિરનારી સંત વેલનાથ તમે મારાથી અંતર રાખ્યું. પડદો રાખીને – મને

દૂર રાખીને મારો સ્વામી અનંતની રમતમાં, લીલામાં રમવા નીકળી ગયો. મારો ખાવંદ જતો રહ્યો. મને ભોળવીને મારો વાલો મને ભૂલી પાડીને જતો રહ્યો. જો એનાં પગલાંને શોધવાની સગવડ હોય તો ત્રણે લોકમાંથી એના સગડ શોધી કાઢીને એને મળું. મારો સ્વામીનાથ થડ વાઢીને એનાં પીછાં-આંકડા મને આપી ગયો અને પોતે તો કોઈ ગેબી રમત રમવા નીસરી ગયા. અહીં રસપવનમાં ગેબી રમવા ગયાની કાવ્યાત્મક્તા ધ્યાન ખેંચે છે તો ખાવંદ શબ્દ ઈસ્લામિક અસર દર્શાવે છે.

જ્ઞાનની ગોળીમાં પરમતત્ત્વને રવાયો લઈને એ જે અચલ અટલ છે એ મેરુનો રવાયા દ્વારા નખશિખ નેતરા તાણીને એને મથીશ. હું મંથન કરીને મથીને કોઈ પણ રીતે દીનાનાથને શોધીને બોલાવીને અને ત્રણે ભુવનમાંથી બોલાવી લાવીશ. વેલનાથને ચરણે બેસીને જસોમા બોલે છે. ગાય છે મારો અખંડચૂડલો તો વહાલો વેલનાથ છે. જે અમરત્ત્વને પામેલો છે. આમ એ ખરા અર્થમાં અમર અને અવિનાશી છે.

અહીં જસોમાનો વલવલાટ-વિરહ ભજનવાણી દ્વારા પ્રગટ થયો છે. એમની આ આરાધ સાંભળીને વેલનાથને પ્રગટ થવું પડયું અને પોતાનામાં સમાવી લીધાં. આરાધનો પ્રભાવ અજીબોગરીબ છે. આરાધનો ઢંગ અને આરાધનાં વચનો સમાધિમાં સૂતેલાને જાગ્રત કરે છે, વિખૂટા પડી ગયેલાને ગળે વળગાડે છે, જોડે છે. આરાધના ક્યારેક ખાલી ગઈ નહોય હોય એવાં ઉદાહરણો છે. આરાધનામાં કસોટી થાય, પણ આરાધનાગાન-ભજનવાણી ખાલી ગયાનું કોઈ ઉદાહરણ મળતું નથી કે પ્રાપ્ત થયેલું જણાતું નથી.

આરાધ ઢંગ પણ ભારે હૃદયપૂર્વક છે. એમાં ભાવક તણાય છે. જાણે કે આરાધગાને ગત્યગંગા પ્રગટે છે અને એ ભાવગંગામાં ભાવકને, ભજનિકને પણ તણાવાની અનુભૂતિ થાય છે. આવી અનુભૂતિમાં એક વખત સંગાથ સાંપડેલો ભાયાણીસાહેબનો નંદિગ્રામમાં એક સંધ્યાએ સાથે હતા.ડો. હસુ યાજ્ઞિક, નાથાલાલ ગોહિલ, નિરંજન રાજ્યગુરુ અને સન્મિત્ર મનોજ રાવલ. કોઈ વનવાસી ભજનિક એક્તારાની ઝણઝણાટી સાથે રણઝણતી વાણીમાં મકરંદભાઈના ચરણે બેસીને તોળી રાણીનો આરાધ ગાઈ રહ્યો હતો અને અમે તણાયા હતા એ આરાધ ભાવપૂરમાં. ભાવઓઘમાં અંઘોળ એકસાથે કર્યાનું તીવ્ર સ્મરણ આજે પણ અકબંર છે. ભારે બળૂકી છે આરાધભજનરચના. જસોમાના આરાધ નિમિત્તે અતીતનો પણ પુનઃ સાક્ષાત્કાર થયો એના પરમાનંદ સાથે. ગિરનારી નાથસંત વેલનાથ ચરણે ભાવવંદના.

**મોટાભાગના લોકો માટે, કુંડલિની પ્રથમ ચક્રના ક્ષેત્રમાં સુષુપ્ત રહે છે.**

# ઊંઘતા હોઈએ તો સંસારચક્ર ભેદવાનું જ્ઞાન ક્યાંથી મળે?

### આ આધારે, આધ્યાત્મિક સાધનામાં જોડાવાથી, વ્યક્તિ પોતાની અંદર આ જીવન શક્તિનો એટલો મોટો જથ્થો એકઠો કરી શકે છે

ધ્યાનમુદ્રામાં બેઠેલા શિષ્ય પર ગુરુ આશીર્વાદ સ્વરૂપે શક્તિપાત કરી રહ્યા છે, જે કુંડલિની જાગૃતિનું પ્રતીક છે.

ચેતના શરીરના દરેક કણમાં ફેલાયેલી છે, પરંતુ તેનો સ્ત્રોત મસ્તકમાંથી ઉદ્ભવે છે. ધ્રુવીય ચુંબકત્વની જેમ, મગજમાં પણ આકર્ષણ અને વિકર્ષણના કેન્દ્રો હોય છે. તેઓ બ્રહ્માંડમાંથી ઘણું બધું મેળવે છે અને આપે છે. આ ક્રિયા કેન્દ્રોને રિસિવરો અને ટ્રાન્સફોર્મર્સ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આંતરિક સ્વમાં સુષુપ્ત રહેલી ક્ષમતાઓને જાગૃત કરવી અને આ વિશાળ બ્રહ્માંડમાં પથરાયેલા શક્તિશાળી ચેતન તત્ત્વોને આકર્ષિત કરીને તેમને પોતાની અંદર સમાવી લેવાના પ્રયાસો આધ્યાત્મિક સાધનાઓ દ્વારા કરવામાં આવે છે. આધ્યાત્મિક વિજ્ઞાનમાં, પ્રાણ વિદ્યાનું એક સ્વતંત્ર પ્રકરણ અને વિધાન છે.

આ આધારે, આધ્યાત્મિક સાધનામાં જોડાવાથી, વ્યક્તિ પોતાની અંદર આ જીવન શક્તિનો એટલો મોટો જથ્થો એકઠો કરી શકે છે કે તેના આધારે તે ફક્ત પોતાને જ નહીં પરંતુ બીજા ઘણા લોકોને પણ લાભાન્વિત કરી શકે છે. આવો જ એક પ્રયોગ ગુરુજનોની કૃપાથી સાધકને પ્રાપ્ત થાય છે, જેને શક્તિપાત કહેવાય છે. પ્રાચીન હિન્દુ પરંપરામાં, શક્તિને હંમેશાં માતૃકા તરીકે પૂજવામાં આવી છે. તે ગતિશીલ સ્ત્રી ઊર્જા છે જે બ્રહ્માંડમાં સર્જન અને પાલનપોષણ કરવા માટે વહે છે. આશ્ચર્યજનક નથી કે, આ શક્તિ કુંડલિની સ્વરૂપે દરેક વ્યક્તિમાં રહે છે. પ્રાચીન શાસ્ત્રોમાં કુંડલિની મૂળ ચક્રના ક્ષેત્રમાં ગૂંચવાયેલા સાપના પ્રતીક રૂપે રજૂ થાય છે, જે પૃથ્વી પરના વિશ્વ સાથે આપણા જોડાણ માટે જવાબદાર છે.

મોટાભાગના લોકો માટે, કુંડલિની પ્રથમ ચક્રના ક્ષેત્રમાં સુષુપ્ત રહે છે. અને તે તેમના સમગ્ર જીવન માટે આ રીતે રહે છે. પરંતુ જે લોકો જ્ઞાન પ્રાપ્તિ અને દૈવી શક્તિઓ સાથે સાચા જોડાણની શોધ કરે છે, તેમણે કુંડલિની જાગૃત કરવી પડે છે. તે પોતાની મેળે જાગૃત થઈ શકે છે, પરંતુ તે ખૂબ જ દુર્લભ છે. મોટાભાગના લોકોમાં, તેને ચોક્કસ માધ્યમો દ્વારા જાગૃત કરવી પડે છે. અને તેમાંથી એક માધ્યમ આધ્યાત્મિક ગુરુ છે. સંસ્કૃતમાં ''પાત'' નો અર્થ પતન થાય છે. પણ શક્તિપાતમાં તેનો અર્થ થાય છે, ઉપરથી નીચે તરફ વહેવું. જે રીતે સૂર્યની ઊર્જા આકાશથી પૃથ્વી પર આવે છે, તેવી રીતે આપણાથી અધ્યાત્મની દ્રષ્ટિએ ઉચ્ચ સ્થાને પહોંચેલા ગુરુ તરફથી આપણી તરફ શક્તિનું પ્રદાન થાય છે. અંગત રીતે મારુ એવું માનવું છે કે યુદ્ધના આ સાત ચક્રો એ આપણા શરીરના રહેલા સાત ચક્રોનું જ પ્રતિનિધિત્વ કરે છે. એ રીતે આ સમગ્ર મહાભારત આપણી અંદર જ ખેલાય છે. આપણું શરીર જ કુરુક્ષેત્ર છે. આ કુરુક્ષેત્રની મધ્યમાં ઊભેલા આપણે અર્જુન છીએ અને આપણો આત્મા જ આપણા કૃષ્ણ છે! આ ભાવના કવિ સુરેશ દલાલની પંક્તિઓમાં સુંદર રીતે વ્યક્ત થઈ છે,

'તું કૌરવ તું પાંડવ મનવા તું રાવણ તું રામ,
હૈયાના આ કુરુક્ષેત્ર પર પળપળનો સંગ્રામ'

સમસ્યા એ છે કે આપણને જ્યારે આપણા આત્મા રૂપી ઈશ્વર આપણને સંસારના ચક્રો ભેદવાનો રસ્તો બતાવતા હોય છે, ત્યારે આપણે ઊંઘી રહ્યા હોઈએ છીએ, જેમ સુભદ્રા ઊંઘી ગઈ હતી. એ રીતે સુભદ્રા આપણી મનોવૃત્તિનું પ્રતીક છે. આપણું મન અધ્યાત્મ તરફ આકર્ષિત તો થાય છે, પણ જ્ઞાનની વાતોમાં પરોવાતું નથી. પરિણામ સ્વરૂપે સંસારના ચક્રોને ભેદીને આપણે મોક્ષની અંતિમ ચરણ સુધી પહોંચી શકતા નથી. પણ એવું શક્ય છે કે પ્રયત્ન કરવા છતાં, ક્યારેક સાધક માટે કોઈ એવી સ્થિતિ બાધક બની જાય છે કે સંપૂર્ણ સમર્પણ અને નિષ્ઠા, ગુરુ અને ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા છતાં તે એ અવસ્થાને પ્રાપ્ત નથી કરી શકતો જેને માટે તે અવિરત સાધના કરતો હોય. આ પરિસ્થિતિમાં જ્ઞાની ગુરુ શિષ્ય પર કૃપા કરીને શક્તિપાત કરે છે, જેથી તેના માર્ગની બાધા દૂર થઈ જાય અને તે સાધનાનો બાકીનો માર્ગ સહજતાથી પાર કરી શકે.

અહીં મહત્ત્વની વાત એ છે કે સહુ કોઈ શક્તિપાત પામવાના અધિકારી નથી હોતા. તેવી જ રીતે દરેક ગુરુ શક્તિપાત આપવાના અધિકારી પણ નથી હોતા. ગુરુ સમર્થ હોવા જોઈએ અને શિષ્ય લાયક હોવા જોઈએ.

તેથી શક્તિપાત એ જવલ્લે બનતી ઘટના છે. હા, એવા કિસ્સાઓ પણ બન્યા છે, જેમાં કેટલાક સાધુઓએ સામૂહિક શક્તિપાતના જાહેર કાર્યક્રમ કર્યા હોય. પણ, જાણકારો અને જ્ઞાનીઓએ આવા કાર્યક્રમને અયોગ્ય કહ્યા છે. કારણકે અયોગ્ય વ્યક્તિને શક્તિપાત આપવો એ બોલચાલની ભાષામાં કહીએ તો 'વાંદરાને દારૂ પીવડાવવા' જેવું થાય! શક્તિપાત એ કોઈ જાદુનો પ્રયોગ નથી, એ તો ઊંડી આધ્યાત્મિક અનુભૂતિ છે. શક્તિપાતનો એક માત્ર હેતુ સાધકને અધ્યાત્મના માર્ગે આગળ વધારવાનો છે અને હોવો જોઈએ.

# હોલિવૂડ બાયોપિક્સઃ ૨.૦

આજકાલ હોલિવૂડ અને વિશ્વ સિનેમામાં બાયોપિક્સનો નવો જ યુગ શરૂ થયો છે. પહેલાં બાયોપિક્સનો મતલબ બાયો- ડેટા જેવી સીધી-સાધી કહાણીઃ જન્મ, સંઘર્ષ, સફળતા અને અંત, પરંતુ હવે ફિલ્મમેકર્સ એ રીત નથી અપનાવતા. એ સાચી સ્ટોરીને જાળવી રાખે છે, પણ એને રજૂ કરવાની સ્ટાઈલ, એનો ભાવ, એનો ઍટિટ્યૂડ અને એનો અનુભવ બધું જ બદલાવે છે. આ નવું ફોર્મેટ એટલે બાયોપિક્સ ૨.૦, જેમાં હકીકત તો છે, પરંતુ હકીકતને બતાવવાની રીત ખૂબ જ ફિલ્મી અને મૂડ-ડ્રિવન (મૂડ સંચાલિત) છે.

હાલના કેટલાંક મોટાં ઉદાહરણ બતાવે છે કે લોકો હવે બુલેટ-પોઈન્ટ લાઈફ સ્ટોરી નહીં, પરંતુ કોઈ એક પાત્રના ભાવનાત્મક વિશ્વમાં ડૂબકી મારવાનું વધુ પસંદ કરે છે, જેમકે.. બેઝ લુરમેનની ’[illegible]’ એ ગાયક એલ્વિસ પ્રેસ્લીની ઝગઝગતી, ડ્રામેટિક અને એનર્જીથી છલકાતી દુનિયાને બિલકુલ સરપ્રાઈઝિંગ અંદાજમાં બતાવી. એ ફિલ્મ કોઈ ડોક્યુમેન્ટરી જેવી નથી લાગતી, એ એલ્વિસના જીવનને એના મ્યુઝિકની હાઈ-વોલ્ટેજ પર્સનાલિટી જેવી જ શોકિંગ અને ચમકદાર સ્ટાઈલમાં રજૂ કરે છે. ઘણી ટ્રેજેડી ફિલ્મમાં છે, પણ તેને બતાવવાની રીત એટલી રિધમિક એટલી હાઈ-ટેમ્પર છે કે ફિલ્મ ઈમોશનલ જર્ની સાથે એક મોટો મ્યુઝિકલ એક્સપિરિયન્સ લાગે છે.

તે જ રીતે ’[illegible]’માં મેરિલિન મનરોના જીવનના દુઃખ, એકલતા અને ચિંતાના વિશ્વને ખૂબ જ બોલ્ડ સ્ટાઈલમાં બતાવવામાં આવ્યું છે. આ ફિલ્મ એટલે વિશેષ છે, કારણ કે તે બાયોગ્રાફી નહીં, મેરિલિન મનરોની અંદર શું ચાલતું હતું એની ભાવનાત્મક કલ્પના છે. ઘણા લોકો માટે આ ફિલ્મ ટિપિકલ બાયોપિક નહોતી, પરંતુ સૌએ એ જરૂર સમજ્યું કે બાયોપિક્સ હવે જસ્ટ ફેક્ટ્સ નહીં, પણ ક્રિએટિવ ઈન્ટરપ્રિટેશન પણ છે. આજના ફેન્સ પણ પાત્રની અંદરની સાયકોલોજી સાથે જોડાવા માંગે છે, માત્ર એના જીવનના ફેક્ટ્સ સાથે નહીં.

’[illegible]’ પણ એવું જ ઉદાહરણ છે. સોફિયા કોપોલાએ એલ્વિસની લાઈફ નહીં, પ્રિસિલાની લાઈફને તેના પોતાના લેન્સથી બતાવી. અહીં પ્રેમકથા ફિલ્મ નહીં, પણ એક યુવતીની કંટ્રોલ, એકલતા અને સ્વતંત્રતા શોધવાની પ્રોસેસ છે.

બાયોપિક્સની ટ્રીટમેન્ટ જેમ સોફ્ટ થઈ છે, એમ જ અહીં પણ સોફ્ટ કલર્સ, મિનિમલ વાતચીત, શાંત સીન્સ આ બધું પ્રિસિલાની અંદરની દુનિયાને એક મૂડ તરીકે રજૂ કરે છે.

`Maestro’ પણ એક મોટા સ્ટાઈલાઈઝ્ડ બાયોપિકનું ઉદાહરણ છે. બ્રેડલી કૂપરએ લિયોનાર્ડ બર્નસ્ટાઈનના જીવનમાં રહેલી કલા, પ્રેમ અને આંતરિક સંઘર્ષને એક મિજાજવાળી સ્ટાઈલમાં રજૂ કર્યા. આ ફિલ્મ બર્નસ્ટાઈનની આખી લાઈફનો રિપોર્ટ નથી, પરંતુ બર્નસ્ટાઈન શું ફીલ કરતા હતા તેની એક સંવેદનશીલ સફર છે.

તાજેતરના સમયની ઘણી બાયોપિક ફિલ્મ્સ જોઈને સ્પષ્ટ થાય છે કે હવે ફિલ્મમેકર્સ અને દર્શકોને ઈન્ફર્મેશન કરતાં ઈન્ટરપ્રિટેશનમાં વધુ રસ છે. નવી બાયોપિક્સમાં `Bob Marley: One Love’ પણ એક નવી દિશા દર્શાવે છે. બોબ માર્લીની કહાણી સામાન્ય રીતે એક રેગે લેજેન્ડની બાયોગ્રાફી લાગી શકે, પરંતુ ફિલ્મ એને રાષ્ટ્રીય, રાજકીય અને આધ્યાત્મિક સંઘર્ષ સાથે એક ભાવભીની અભિવ્યક્તિ તરીકે રજૂ કરે છે. ફિલ્મ માર્લીના મૂડ, મેસેજ અને ગીતોથી ભરેલી એક એનર્જી-સેન્ટ્રિક જર્ની બની જાય છે.

આગામી સમયમાં પણ ઘણી ફિલ્મ્સ આવી રહી છે જે સ્ટાઈલાઈઝ્ડ બાયોપિક્સના જ ટ્રેન્ડને આગળ વધારશે. ઉદાહરણ તરીકે મોટી અપેક્ષા ધરાવતી માઈકલ જેક્સનની બાયોપિક ’[illegible]’ પહેલેથી જ ચર્ચામાં છે. આ ફિલ્મ માઈકલના કરિયર અને તેના વિવાદો બતાવશે, પરંતુ તે માત્ર ફેક્ટ્સ નહીં, એના સંગીત, એના પર્ફોર્મન્સ અને એના વિશ્વની અંદરની તીવ્રતા સાથે રજૂ કરશે એવું ટ્રેલર પરથી લાગી રહ્યું છે. અભિનેતા જાફાર જેક્સન (માઈકલનો ભત્રીજો)ના કાસ્ટિંગથી પણ ફિલ્મમાં એની પર્સનાલિટીનું ભાવનાત્મક, સ્ટાઈલાઈઝ્ડ ટચ આવવાની સંભાવના વધારે છે.

આજે દર્શકોને ગૂગલ અને છેં પર બધી માહિતી આસાનીથી મળી રહે છે. તેમના માટે બાયોપિક્સ હવે ફેક્ટ્સનું રિપીટેશન નથી. તે ફિલ્મ્સના માધ્યમથી વ્યક્તિના જીવનની આંતરિક, કલાત્મક અને ભાવનાત્મક અનુભૂતિ મેળવવા માગે છે. ફિલ્મમેકર્સ પણ આ નવી મેકિંગ ફ્રીડમને એન્જોય કરે છે. તે લોકોને હવે સ્ટ્રિક્ટ ટેમ્પ્લેટ ફોલો કરવાની ફરજ નથી રહી. કોઈ એક ઈમોશન, કોઈ એક ફેઝ, કોઈ એક સંબંધ અથવા કોઈ એક સાયકોલોજિકલ એસ્પેક્ટ પર ફિલ્મ તે લોકો બનાવી શકે છે.


આ બદલાતી લહેરમાં એક રસપ્રદ વાત એ પણ છે કે હવે યુવા ડિરેક્ટર્સ જૂના સમયમાં અટકતા નથી. તે બાયોપિક બનાવે છે ત્યારે એને મ્યુઝિયમ જેવી ડ્રાય ફિલ્મ પણ નથી બનાવતા. તેમને લાગે છે કે જો વ્યક્તિ જિંદગીભર કંઈક અલગ ફીલ કરતા હતા, તો ફિલ્મ પણ એ જ વાઈબ સાથે બનાવવી જોઈએ. એટલે જ આજકાલની બાયોપિક્સમાં મ્યુઝિક, કલર-ટોન, નેરેશન, કેમેરા, બધું જ મૂડ પ્રમાણે ચાલે છે.

બાયોપિક્સ ૨.૦ એટલે સત્ય+કલ્પના નહીં, સત્ય+અનુભૂતિ! અહીં ક્રિએટિવિટી સત્યને દબાવતી નથી, સત્યને બોલવા માટે નવી ભાષા આપે છે. આજના ફિલ્મમેકર્સ હકીકતને લિટરલ નહીં, પરંતુ ભાવનાત્મક રીતે બતાવવા માગે છે. એ જ કારણ છે કે આજના હોલિવૂડ બાયોપિક્સ વધુ કાવ્યાત્મક, ડ્રિમી, મ્યુઝિકલ અને વ્યક્તિના મનની જટિલતાઓ સમજાવતા બની રહ્યા છે.




















## અમે ૫૮૦ કલાકારોને કાસ્ટ કર્યા છે, કોઈ ફિલ્મે આવું બતાવ્યું નથી : રોહિત શેટ્ટી

રોહિત શેટ્ટીએ જોહ્ન અબ્રાહમ સાથે રાકેશ મારિયાની બાયોપિકનું કામ શરૂ કરી દીધુ છે. જોહ્ન અબ્રાહમના પોલિસની વર્દીમાં યુનિફોર્મવાળી તસવીરો પણ સેટ પરથી વાયરલ થઈ રહી છે. ત્યારે હવે આ ફિલ્મના ડિરેક્ટર રોહિત શેટ્ટીએ ફિલ્મ વિશે વાત કરી છે. મુંબઈ પોલિસના ટોચના અધિકારીઓ, પૂર્વ પોલિસ કમિશનર અને વરીષ્ઠ અધિકારીઓ રાકેશ મારિયાના બીજા પુસ્તક ‘વ્હેન ઈટ ઓલ બિગેન’ના વિમોચનમાં હાજર રહ્યા હતા. એટલું જ નહીં આ ઈવેન્ટમાં અજય દેવગન, રોહિત શેટ્ટી, નાના પાટેકર, મહેશ ભટ્ટ અને બોની કપૂર પણ હાજર રહ્યા હતા. આ દરેકે મુંબઈ પોલિસને શુભેચ્છાઓ માનીને આભાર વ્યક્ત કર્યો હતો. આ ઈવેન્ટમાં રોહિત શેટ્ટી આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા, જ્યાં તેણે જણાવ્યું હતું કે તેણે પહેલાંથી જ રાકેશ મારિયાની બંને ફિલ્મના અધિકાર મળેવી લીધા છે અને આ બંને પુસ્તકો પરથી ફિલ્મ બની રહી છે. મંચ પર નાના પાટેકરે જ્યારે કહ્યું કે હવે ફિલ્મ મેકર્સ આ પુસ્તકના કોપી રાઈટ્સ લેવા પડા પડી કરશે, ત્યારે રોહિત શેટ્ટીએ આ વાત કરી હતી. ત્યારે રોહિત શેટ્ટીએ તરત કહેલું, “મારી પાસે પહેલાંથી જ તેના આધિકારો છે.” સાથે રોહિત શેટ્ટીએ એવું પણ કહ્યું કે તેણે આ પુસ્તકો પરથી ફિલ્મનું કામ શરૂ પણ કરી દીધું છે, જેમાં જહોન અબ્રાહમ રાકેશ મારિયાનો રોલ કરે છે. રોહિત શેટ્ટીએ આ ફિલ્મને સન્માન અને કોસ્મિક કનેક્શન સમાન ગણાવી હતી, કારણ કે આ ફિલ્મ કોઈ એવા પર બને છે, જેને તે બાળપણથી ઓળખે છે. આ ફિલ્મ જે મોટા સ્તર પર બની રહી છે, તે અંગે રોહિત શેટ્ટીએ કહ્યું કે તેમણે આ ફિલ્મ માટે ૫૮૦ કલાકારોનું કાસ્ટિંગ કર્યું છે, કારણ કે આ પુસ્તકમાં દરેક કોન્સ્ટેબલ, ઈન્સ્પેક્ટર, હવાલા કરનાર, દાયકાઓમાં વિવિધ કેસમાં સંકળાયેલા દરેક ઓફિસરના પણ નામ લખેલા છે. આ ફિલ્મમાં સૌથી મહત્વનો ભાગ ૨૬/૧૧ની મુંબઈ પોલીસ હેડક્વાર્ટર હુમલાની ઘટનાને પડદા પર બતાવવાનું છે. રોહિત શેટ્ટીએ જણાવ્યું, “ચાર કલાકમાં ૧૩૦૦ કોલ આવ્યા હતા. ફિલ્ડમાં ઘણા અધિકારીઓ હતા, એ કોઈ ફિલ્મમાં બતાવ્યું નથી.” મારિયાએ જે બારીકાઈથી ફિલ્મમાં બધું લખ્યું છે, તે પહેલી વખત ફિલ્મમાં જોવા મળશે. રોહિત શેટ્ટીએ મજાક પણ કરી હતી, તેણે કહ્યું કે એમના જુનિયર્સે એમનું નામ “મારી બિસ્કીટ” પાડેલું, મને લાગે છે, બધાએ એમની પાસેથી સ્પોનસરશિપ લેવી જોઈએ. આ ઈવેન્ટ પછી એક ઈન્ટરવ્યુમાં રાકેશ મારિયાએ કહ્યું, “મારે કોઈ વસ્તુમાં દખલ કરવાની જરૂર નથી. મને તમના પર પુરતો વિશ્વાસ છે.”

# સંથા અને રાજના લગ્ન, છૂટાછેડાના ૪ વર્ષ પછી સામંથાએ બીજા લગ્ન કર્યા

અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ તેના બોયફ્રેન્ડ રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા છે. નાગા ચૈતન્યથી છૂટાછેડા લીધાના લગભગ ચાર વર્ષ પછી સામંથા રૂથ પ્રભુએ નવું જીવન શરૂ કર્યું છે. અભિનેત્રીએ સોમવાર ૧ ડિસેમ્બરના રોજ રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા હતા. સામન્થાએ ઈન્સ્ટાગ્રામ પર લગ્નના ફોટા શેર કર્યા હતા. જેમાં તેણી લાલ સાડીમાં દુલ્હન તરીકે સજ્જ દેખાઈ રહી છે.

૧ ડિસેમ્બર સામંથા રૂથના જીવનમાં નવી ખુશીઓ લઈને આવ્યો છે. તેણીએ તેના જીવનમાં એક નવા અધ્યાયમાં પ્રવેશ કર્યો છે. અભિનેત્રીએ રાજ સાથે એક ખાનગી સમારંભમાં લગ્ન કર્યા હતા. સામંથા અને રાજ નિદિમોરુ ઘણા સમયથી ડેટિંગ કરી રહ્યા હતા. સામંથાએ ઈન્સ્ટાગ્રામ પર લગ્નના ફોટા શેર કર્યા હતા અને લગ્નની તારીખનું કેપ્શન આપ્યું હતું.



શેર કરેલા ફોટામાં સામન્થા અને રાજ લગ્નની વિધિઓ પૂર્ણ કરતા જોઈ શકાય છે. આ દંપતીએ મંદિરમાં બધી વિધિઓ સાથે લગ્ન કર્યા. એક ફોટામાં, અગ્નિ દેખાય છે, જેમાં દંપતીએ એકબીજાના હાથ સાક્ષી તરીકે પકડ્યા છે. જોકે, લગ્નના ફોટા ઝાંખા દેખાય છે. બીજા ફોટામાં, રાજ તેની દુલ્હન સામંથાની આંગળીમાં વીંટી પહેરાવતો જોવા મળે છે.

સામંથાએ તેના લગ્ન માટે લાલ સાડી પહેરી હતી. તે વાળમાં ગજરા સાથે ખૂબ જ સુંદર દેખાતી હતી. ફેન્સ આ કપલ પર તેમના લગ્ન માટે અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યા છે. ઘણી સેલિબ્રિટીઓએ પણ પ્રતિક્રિયા આપી છે અને શુભેચ્છાઓ પાઠવી છે. સામંથાના અંગત જીવનની વાત કરીએ તો, તેણે ૨૦૧૭માં અભિનેતા નાગા ચૈતન્ય સાથે લગ્ન કર્યા હતા. જોકે, ૨૦૨૧માં તેમના છૂટાછેડા થયા હતા. ત્યારબાદ નાગા ચૈતન્યએ ગયા વર્ષે અભિનેત્રી શોભિતા ધુલિપાલા સાથે લગ્ન કર્યા હતા. રાજ નિદિમોરુના પણ આ બીજા લગ્ન છે.

## અનીત પડ્ડાએ કહ્યું, અહાને તેને મુશ્કેલ સમયમાં મદદ કરી

જેન ઝી આઈકોન બની ગયેલાં અનીત પડ્ડા અને અહાન પાંડેની કેમેસ્ટ્રી જેટલી મોહિત સુરીની ‘સૈયારા’માં વખણાઈ એટલો જ તેમનો બોન્ડ પણ વખણાય છે. તાજેતરમાં એક ઈવેન્ટમાં આ બંને એક્ટર્સને જીનઝી આઈકોન તરીકેના એવોર્ડ આપવામાં આવ્યા. તે વખતે પોતાની સ્પીચમાં અનીતે મુશ્કેલ સમયમાં તેને મદદ કરવા માટે અહાન પાંડેનો આભાર માન્યો હતો.

અનીતે કહ્યું, “મારા કૉસ્ટાર અને મારા બેસ્ટ ફ્રેન્ડ અહાન પાંડેને થેંક યુ. તમને સમજાશે પણ નહીં, સેટ પર ઘણી વખત મારા માટે કામ કરવું બહુ જ મુશ્કેલ બની જતું હતું, ત્યારે તેણે હંમેશા મને મદદ કરી છે. એટલે થેંક યુ સો મચ. દુનિયાના શ્રેષ્ઠ વ્યક્તિ સાથે એક મંચ પર હોવું એ સૌથી શ્રેષ્ઠ અનુભવ છે.”

તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો હતો. ઘણા લોકોએ તેમની દોસ્તીના વખાણ પણ કર્યા હતા. તેમની ફિલ્મ સફળ થઈ ત્યારે તેઓ વાસ્તવિક જીવનમાં પણ ડેટ કરતા હોવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. ત્યારે થોડા સમય પહેલાં અહાન પાંડેએ પણ કહ્યું હતું કે અનીત તેની બેસ્ટ ફ્રેન્ડ છે, તેના જેવો બોન્ડ તેને ક્યારેય કોઈ સાથે નહીં હોય, ભલે એ તેની ગર્લફ્રેન્ડ ન હોય. તેણે કહ્યું હતુ કે તેમનો સંબંધ સહજતા અને સુરક્ષાનો છે. તેઓ બંને પોલો કોહેલોના એક સુવાક્યના આધારે એકબીજા સાથે સૈયારા પહેલાંથી સારો સંબંધ ધરાવતા હતા. અહાને કહ્યું હતું, “સપનું સાચું થવાની શક્યતા જીવનને રસપ્રદ બનાવે છે, અમે એ સપનું સાથે જોયું હતું અને સાથે એ સપનું સાચું થયું હતું. અમારો બંનેનો સંબંધ એથી ઘણો ખાસ છે.”






# ડિસેમ્બર મહિનામાં ઓટીટી પર બિંજ વોચર્સ માટે ખુલશે ખજાનો

## થ્રિલરથી લઇને કોમેડી અને ડ્રમા જોનરની ૮થી વધુ સિરિઝ અને ફિલ્મ ઓટીટી પર આવી રહી છે

ડિસેમ્બર એટલે દુનિયા માટે ક્રિસમસ અને વેકેશનનો મહિનો, ત્યારે ઓટીટી પર અનેક મેકર્સ પોતાનું કન્ટેન્ટ લોંચ કરતાં હોય છે. આ ડિસેમ્બર પણ એવો જ રહેવાનો છે, જ્યારે સ્પોર્ટ્સ, થ્રિલર, ડ્રમા, હોરર, કોમેડી વગેરે જોનરનું એટલું બધું કન્ટેન્ટ સ્ટ્રીમ થશે કે જાણે બિંજ વોચર્સ સ્ક્રીન સામેથી હટી શકશે નહીં. આ અસર ઈન્ડિયન પ્લેટફર્મ્સ પર પણ થઈ છે, ત્યારે જુઓ આ ડિસેમ્બરનું સ્ટ્રીમિંગ લીસ્ટ..

### એક દિવાનેં કી દિવાનિયત

થિએટરમાં ધીરે ધીરે સફળ થઈને કમાણીના રેકોર્ડ તોડ્યા પછી આ ફિલ્મ હવે ઓટીટી પર આવી રહી છે, જે ૧૬ ડિસેમ્બરથી નેટફ્લિક્સ પર જોવા મળશે. હર્ષવર્ધન રહાણે અને સોનમ બાજવાની આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ થિએટરમાં તો એક સરપ્રાઇઝ હિટ રહી હતી, હવે ઓટીટી પર તેને કેવો પ્રતિસાદ મળે છે, તે જોવાનું છે.

### રીઅલ કશ્મીર ફૂટબોલ ક્લબ

આ સિરીઝ ૯ ડિસેમ્બરથી સોની લીવ પર આવશે. જેમાં રીઅલ કશ્મીર ફૂટબોલ ક્લબની એક ઈન્સ્પાયરિંગ સ્ટોરી અને ઘટનાની વાત છે. તેમાં મોહમ્મદ ઝીશાન અયુબ મહત્વના રોલમાં છે, તેની સાથે માનવ કૌલ પણ લાંબા સમય પછી એક સિરીઝમાં જોવા મળશે. આ એક સ્પોર્ટ્સ ડ્રામા સિરીઝ છે, જેમાં કાશ્મીરી યુવાનોના સપના, દૃઢ નિશ્ચય અને કાશ્મીરી જુસ્સાની વાત છે.

### એફ ૧

આ ફિલ્મ ૧૨ ડિસેમ્બરથી એમેઝોન પ્રાઈમ વીડિયો પર જોઈ શકાશે. થિએટરમાં ભારતમાં જ માત્ર ૧૦૦ કરોડથી વધુ કમાણી કરી લેનાર આ ફિલ્મ હવે ડિજિટલ પ્લેટફર્મ પર આવવાની છે. જેમાં બ્રાડ પિટ એક રેસિંગ ડ્રામા સ્ટોરીમાં લીડ રોલમાં જોવા મળશે. રેસિંગની દુનિયાના થ્રિલની વાત કરતી આ ફિલ્મ પણ એક સ્પોર્ટ્સ ડ્રામા જોનરની ફિલ્મ છે.

### રાત અકેલી હૈ

નવાઝુદ્દીન સિદ્દીકી, રાધિકા આપ્ટે, ઈલા અરુણ, રજત કપૂર અને સંજય કપૂર જેવા મજબુક કલાકારો સાથેની આ ફિલ્મ રાત અકેલી હૈઃ બંસલ મર્ડર્સ ૧૯ ડિસેમ્બરથી નેટફ્લિક્સ પર જોવા મળશે. આ એક ઈન્વેસ્ટિગેટીવ થ્રિલર છે.

### સિંગલ પાપા

છેલ્લાં કેટલાંક વખતથી કુનાલ કેમુ કોમેડી ડ્રામા જોનરની અલગ અલગ પ્રકારની ફિલ્મ ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરે છે આ પહેલાં પણ ઓટીટી પર તેની આવી બે ફિલ્મ ઉપરાંત મડગાંવ એક્સપ્રેસ સહીતની ફિલ્મ આવી ચુકી છે. હવે આવી વધુ એક ફિલ્મ ૧૨ ડિસેમ્બરથી નેટફ્લિક્સ પર જોવા મળશે. જેમાં તેને અટાનક એક બાળક મળી જાય છે અને તે અનિચ્છાએ એક કુંવારો પિતા બની જાય છે. આ ફિલ્મમાં તેની સાથે મનોજ પાહવા, પ્રાજક્તા કોહલી જેવા કલાકારો મજા કરાવશે.

### થામા

મેડોકના હોરર કોમેડી યુનિવર્સની છેલ્લી ફિલ્મ થામા દિવાળી પર થિએટર્સમાં રિલીઝ થઈ હતી, હવે આ ફિલ્મ ૧૬ ડિસેમ્બરે એમેઝોન પ્રાઈમ વીડિયો પર આવી રહી છે. આયુષ્યમાન ખુરાના અને રશ્મિકા મંદાનાની આ ફિલ્મમાં નવાઝુદ્દીન સિદ્દીકી પણ છે, જેઓ એક વેમ્પાયરની સ્ટોરી કહે છે. જો તમે દિવાળી પર થિએટરમાં જઈને આ ફિલ્મ જોવાનું ચૂકી ગયા હોય તો તમે હવે ઘેર બેઠાં ઓટીટી પર આ ફિલ્મની મજા લઈ શકો છો.

### સિંગલ સલમા

આ ફિલ્મ પણ નેટફ્લિક્સ પર ૨૬ ડિસેમ્બરથી ક્રિસમસના વીકમાં જોવા મળશે. જેમાં હુમા કુરેશી, સની સિંઘ, શ્રેયસ તલપદે સહીતના કલાકારો છે. જેમાં લંડનનાં પોતાના નવા પ્રેમ અને પતાના વતન લખનૌમાં તેના પરિવાર દ્વારા નક્કી કરાયેલા લગ્ન વચ્ચે નિર્ણય લેવામાં સંઘર્ષ કરતી સલમાની વાત છે.

### મિસિસ દેશપાંડે

ડાન્સિંગ ડિવા કહેવાતી માધુરી દિક્ષિત અત્યાર સુધીમાં સોશિયલ કે ફેમિલી ડ્રામા અને હળવા રોલમાં કે પછી રોમેન્ટિક રોલમાં જોવા મળી છે. પરંતુ જિઓ હોટસ્ટાર પર ૧૯ ડિસેમ્બરથી આવનારી આ સિરીઝમાં તે એક નવા અવતારમાં જોવા મળશે. આ ફ્રેન્ચ થ્રિલર લા મન્ટે પરથી ઈન્સ્પાયર્ડ સિરીઝ છે, જેમાં તે પોતાના ડિટેક્ટિવ પુત્રને મદદ કરવા માટે એક ખુનીની નકલ કરે છે.

# કોહલી જેવો વર્લ્ડ ક્લાસ ખેલાડી લય મેળવે પછી રોકવો મુશ્કેલ: યાનસેન

પ્રવાસી દક્ષિણ આફ્રિકાની ટીમના ઓલરાઉન્ડર માર્કો યાનસેને રાંચીમાં રમાયેલી પ્રથમ વન-ડેમાં ભારતીય ટીમના બેટ્સમેન વિરાટ કોહલીની બેટિંગના વખાણ કર્યા છે. યાનસેનના મતે કોહલી જેવો વર્લ્ડ ક્લાસ બેટ્સમેન જ્યારે પોતાની લય મેળવે છે ત્યારબાદ તેને રોકવો મુશ્કેલ છે. કોહલીએ રાંચીમાં આફ્રિકા સામે પ્રથમ વન-ડેમાં ૧૨૦ બોલમાં ધમાકેદાર ૧૩૫ રનની ઈનિંગ્સ રમી હતી. આ સાથે જ કોહલીએ વન-ડેમાં ૫૨મી સદી ફટકારી હતી અને ભારતના જ મહાન બેટ્સમેન સચિન તેંડુલકરનો વન-ડેમાં ૫૧ સદીનો રેકોર્ડ તોડ્યો હતો. કોહલીની સદીની મદદથી ભારતે આફ્રિકા સામે રવિવારે પ્રથમ વન-ડેમાં ૧૭ રને વિજય મેળવ્યો હતો અને ત્રણ વન-ડેની સિરીઝમાં ૧-૦ની લીડ પણ મેળવી હતી.

દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર યાનસેને કહ્યું કે, ભારતનો સ્ટાર બેટ્સમેનની લાંબી ઈનિંગ્સ રમવાની ક્ષમતાને લીધે તેની વિરુદ્ધ બોલિંગ કરવી હરીફ ટીમ માટે માથાનો દુઃખાવો બની રહે છે.

વર્લ્ડ ક્લાસ બેટ્સમેન બેટિંગ કરવા ઉતરે છે ત્યારે બોલર માટે પ્રારંભમાં થોડી તક રહે છે. કોહલી સહિતના દિગ્ગજ બેટ્સમેનોને હું શરૂઆતના ૧૦-૧૫ બોલમાં આઉટ કરવા પ્રયાસ કરું છું. આ જ સમય ગાળામાં તેઓ વિકેટથી વાકેફ થઈ રહ્યા હોય છે. એક વખત તે પોતાની લય પ્રાપ્ત કરી લે છે પછી તેમને રોકવાનો બોલર્સ સામે પડકાર રહે છે. બોલર્સે આ સમયે વિકેટ ખેરવવા બીજો અને ત્રીજો વિકલ્પ અજમાવવો પડે છે.

યાનસેનના મતે વર્તમાન યુગના મહાન ખેલાડીઓ સામે બોલિંગ કરવી અકળાવનારી અને મજેદાર બન્ને છે. આફ્રિકાના પેસરે સૌપ્રથમ વખતે ૧૭ વર્ષની વયે કોહલી સામે નેટ બોલર તરીકે બોલિંગ કરી હતી.



કોહલીને રમતો જોવો એક લ્હાવો છે. ટીવી પર તેને રમતો જોયા બાદ તેની સામે બોલિંગ કરવી તે અકળાવનારી અને મજા આવે તેવી બાબત છે. તે લાંબી ઈનિંગ્સ રમી શકે છે અને તેનામાં હજુ પણ રનની ભુખ છે. યાનસેન દક્ષિણ આફ્રિકાનો પ્રમુખ બોલર હોવા ઉપરાંત બેટિંગમાં પણ પોતાની કુશળતા પુરવાર કરતો જોવા મળે છે. આ અંગે તેણે કહ્યું કે, હું બોલને જોઈને શોટ રમું છું જે મારા માટે કામ કરી રહ્યું છે. પ્રથમ વન-ડેમાં આફ્રિકાની ઝડપી વિકેટ પડવા છતાં મિડલ ઓર્ડર બેટ્સમેનોએ બાજી સંભાળતા મેચ રસપ્રદ બની હતી.ભારતીય ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે ભારતના સ્ટાર બેટ્સમેન કોહલીના વન-ડે ભવિષ્ય સામેની અટકળોને ફગાવી દીધી છે. કોટકના મતે કોહલીના વન-ડેમાં રમવા સામે કોઈ સવાલ જ ઊભો નથી થતો. તેની ફિટનેસ, ફોર્મ અને અસરને જોતા દિગ્ગજ ખેલાડીના ૫૦ ઓવરની ફોરમેટમાં રમવા સામે કોઈ પ્રશ્નાર્થ જ થતો નથી. દક્ષિણ આફ્રિકામાં યોજાનારા ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ અગાઉ ભારતીય ટીમના બે દિગ્ગજ ખેલાડીઓ કોહલી અને રોહિતના ભાવિ અંગે તર્કવિતર્ક ચાલે છે. હેડ કોચ ગૌતમ ગંભીર આગામી વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં આ બંને સીનિયર ખેલાડીઓને તક આપશે કે કેમ તેના પર સવાલો ઉભા થઈ રહ્યા છે. કોહલી અંગે અકારણના ઉચાટથી વ્યથિત કોટકે કહ્યું કે, કોહલીના લાંબા સમય સુધી એક જ ફોરમેટમાં રમવાને લઈને શા માટે આટલો કકળાટ થઈ રહ્યો છે. જો કોઈ ખેલાડી આટલી સારી બેટિંગ કરે છે તો તેના ભાવિની ચર્ચા શા માટે કરવી જોઈએ? ખેલાડીની ભૂમિકા, પ્રવર્તમાન સમયની ટેકનિક શીખવાની ધગસ અને અનુભવની બાબતમાં કોહલીનો મુકાબલો થઈ શકે તેમ નથી અને તે ટીમ માટે અનિવાર્ય ખેલાડી બની રહે છે તેમ ભારતીય ટીમના બેટિંગ કોચે ઉમેર્યું હતું.

# ટીમમાં કોમ્યુનિકેશન ગેપ, પસંદગીના મુદ્દે બોર્ડે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી

## રાયપુરમાં બીજી વન-ડે અગાઉ બીસીસીઆઈની બેઠકમાં હેડ કોચ ગંભીર અને ચીફ સીલેક્ટર અગરકર હાજર રહેશે

ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકા સામે રવિવારે રાંચીમાં રમાયેલી પ્રથમ વન-ડેમાં ૧૭ રન વિજય મેળવ્યો હતો અને ત્રણ વન-ડેની સિરીઝમાં ૧-૦ની સરસાઈ મેળવી છે. હવે બન્ને ટીમો ૩ ડિસેમ્બરે રાયપુરમાં બીજી વન-ડેમાં આમને-સામને થશે. આ અગાઉ ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)એ મોટો નિર્ણય કર્યો છે. બોર્ડના અધિકારીઓ તથા ભારતીય મેન્સ ક્રિકેટ ટીમ મેનેજમેન્ટ વચ્ચે બુધવારે રાયપુરમાં ઉચ્ચ સ્તરીય બેઠક મળશે. હાલમાં ટીમના વરિષ્ઠ ખેલાડીઓ કોહલી અને રોહિતના હેડ કોચ ગૌતમ ગંભીર સાથે સંબંધોમાં ખટાશ આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ બેઠકનો ઉદ્દેશ તમામ ફોરમેટમાં ટીમનો રોડમેપ તૈયાર કરવો, ટીમ પસંદગી અને કોમ્યુનિકેશન ગેપ સંલગ્ન સમસ્યાઓનો ઉકેલ લાવવાનો રહેશે. એક રિપોર્ટ મુજબ બેઠકમાં બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયા, જોઈન્ટ સેક્રેટરી પ્રભતેજ સિંહ ભાટિયા, ટીમના હેડ કોચ



ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજિત અગરકર પણ હાજર રહેશે. બોર્ડના અધ્યક્ષ મિથુન મન્હાસ આ બેઠકમાં હાજર રહેશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. બીજી વન-ડેના દિવસે જ આ બેઠક બોલાવવામાં આવી હોવાથી સીનિયર ખેલાડીઓ હાજર રહેશે નહીં. ભારતીય ટીમની અંદર સબ સલામત નહીં હોવાનો ગણગણાટ, ટેસ્ટમાં કંગાળ દેખાવ અને સીનિયર ખેલાડીઓ સાથે ટીમ મેનેજમેન્ટના ખરડાયેલા સંબંધોની વચ્ચે આ બેઠક મહત્વપૂર્ણ બની રહેશે. એક વરિષ્ઠ અધિકારીના મતે બેઠકમાં ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારોને એક દિશામાં લાવવાનો પ્રયાસ કરાશે જેથી પસંદગીમાં સાતત્યતા જળવાઈ રહે અને ખેલાડીઓના વિકાસનો માર્ગ સ્પષ્ટ બને.

તાજેતરમાં આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણીમાં પરાજયથી ભારતીય ટીમમાં મેદાનની અંદર તથા બહાર રણનીતિમાં ગરબડ જણાઈ હતી. બોર્ડ આ બાબતથી ચિંતિત છે અને આગામી ટેસ્ટ શ્રેણીમાં ઘણો સમય બાકી હોવાથી તમામ સમસ્યાનો ઉકેલ આવે તેવું બોર્ડ ઈચ્છે છે.

# શુભમન ગિલ દક્ષિણ આફ્રિકા સામેની ટીર૦ શ્રેણીથી પુનરામગમન કરી શકે

## હાર્દિક પંડ્યા ફિટ જાહેર, સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બરોડાની ટીમમાંથી રમશે




ભારતીય ટી૨૦ ટીમનો વાઈસ કેપ્ટન શુભમન ગિલ દક્ષિણ આફ્રિકા સામે રમાનારી પાંચ ટીર- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચની શ્રેણીથી પુનરાગમન કરી શકે છે. ગિલ સોમવારે બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ) પહોંચ્યો હતો. અહીં ગિલનું પ્રોટોકોલ મુજબ ફરજિયાત ફિટનેસ પરીક્ષણ કરાશે અને ત્યારબાદ તે મેચ રમવા માટે ફિટ છે કે કેમ તેનો નિર્ણય થશે. ૯ ડિસેમ્બરથી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ ટી૨૦ મેચની સિરીઝનો પ્રારંભ થશે. પ્રવાસી દક્ષિણ આફ્રિકાની ટીમ વિરુદ્ધ કોલકાતામાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે શુભમન ગિલને ગરદનની ઈજા થતા તેણે બે ટેસ્ટની શ્રેણી ગુમાવી હતી અને હાલમાં રમાઈ રહેલી ત્રણ વન-ડે સિરીઝમાં પણ તે ભારતીય ટીમનો હિસ્સો નથી.

સીઓઈ ખાતેની સ્પોર્ટ્સ સાયન્સ ટીમ શુભમન ગિલનો ફિટનેસ રિપોર્ટ સોંપશે ત્યરબાદ ભારતીય ટીમના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરના વડપણ હેઠળની પસંદગી કમિટી આફ્રિકા સામેની ટી૨૦ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરશે. ટીમમાં કોઈ મોટા ઉલટફેરની સંભાવના જણાતી નથી અને કોઈ ઈજાગ્રસ્ત હશે તો જ ટીમમાં ફેરફાર સંભવ છે. ગિલને ઈજા થતાં ઈન્જેક્શન અપાયું હતું અને તેને ૨૧ દિવસ આરામ તથા રીહેબિલિટેશનની સલાહ અપાઈ હતી. સીઓઈની સ્પોર્ટ્સ સાયન્સ ટીમ ગિલના ફરજિયાત ફિટનેસ પરીક્ષણના તમામ માપદંડો ચકાસીને તેની સ્કિલ તાલીમ અગાઉ ફિટનેસ રિપોર્ટ જાહેર કરશે. બોર્ડના સૂત્રના મતે ગિલની સ્કિલ ટ્રેનિંગ અગાઉ તેના ફિટનેસ ટેસ્ટમાં તેને સહેજ પણ અગવડ ના પડે તેની સુક્ષ્મ ચકાસણી કરાશે. હાલમાં તેની દક્ષિણ આફ્રિકા સામે ટી૨૦ સિરીઝમાં રમવાની સંભાવના ૫૦-૫૦ ટકા જણાય છે.

બીજીતરફ ભારતીય ટીમ માટે એક સારા સમાચાર છે. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને ટી૨૦ ફોરમેટમાં રમવા માટે ફિટનેસ સંલગ્ન મંજૂરી મળી ગઈ છે. લગભગ અઢી મહિના સુધી મેદાનથી બહાર રહેલો હાર્દિક હવે આવતીકાલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બરોડાની ટીમમાંથી પંજાબ વિરુદ્ધ રમવા ઉતરશે. હાર્દિક ૪ ડિસેમ્બરે બરોડા અને ગુજરાત વચ્ચેના મુકાબલામાં પણ ભાગ લેશે જેમાં રાષ્ટ્રીય પસંદગીકાર પ્રજ્ઞાન ઓઝા હાજર રહેશે અને ટી૨૦ ટીમની જાહેરાત પૂર્વે તે હાર્દિકની ફિટનેસની સમીક્ષા કરશે. ૨૧ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી હાર્દિક પંડ્યા સીઓઈ ખાતે ચુસ્ત પ્રશિક્ષણ હેઠળ હતો અને તેનું રિહેબ પૂર્ણ થતા તેને ટી૨૦માં બેટિંગ તેમજ બોલિંગ માટે લીલીઝંડી અપાઈ છે. ભારતીય ટીમ મેનેજમેન્ટ જો હાર્દિકને આફ્રિકા સામેની ટી૨૦ શ્રેણી અગાઉ ટીમ સાથે જોડાઈ જવા વહેલા નહીં બોલાવે તો તે ૬ ડિસેમ્બરે ડોમેસ્ટિક ટી૨૦માં હરિયાણા સામેની મેચ પણ રમી શકે છે.

# પ્રથમ 'ખેલે સાણંદ' એથ્લેટિક્સ મીટનો પ્રારંભ

## ૧૫૦૦+ કન્યાઓ સહિત ૩૦૦૦થી વધુ યુવા ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો




પ્રથમ 'ખેલે સાણંદ' એથ્લેટિક્સ મીટનો પ્રારંભ સોમવાર ૧ ડિસેમ્બરે અમદાવાદના મણિપુર સ્થિત છેંઢછ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે થયો. આ પ્રારંભિક કાર્યક્રમમાં ૩૦૦૦થી વધુ યુવા ખેલાડીઓ વિવિધ કેટેગરીમાં પાંચ દિવસ સુધી રમતગમતની ઉત્તમતા, શિસ્ત અને સમાજગૌરવના ઉત્સવમાં જોડાશે. આ મીટમાં તાલુકાભરના ૧૫૦૦થી વધુ કન્યાઓ પણ ભાગ લેશે, જે તેની વ્યાપક ભાગીદારી દર્શાવે છે.

'ખેલે સાણંદ' એથ્લેટિક્સ મીટ ૨૦૨૫, ૧ ડિસેમ્બરથી ૫ ડિસેમ્બર સુધી છેંઢછ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, મણિપુર ખાતે યોજાશે, જેમાં હજારો યુવા ખેલાડીઓ, કોચ અને રમતપ્રેમીઓ રમતગમતના ઉત્સવમાં જોડાશે. સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં ખેલાડીઓએ પ્રભાવશાળી અંતર કૂદકો માર્યા, જ્યારે વર્ટિકલ જમ્પમાં અનેક યુવાનો ઊંચાઈએ પહોંચીને દર્શકોને આશ્ચર્યચકિત કર્યા અને હાજર ટેલેન્ટ સ્કાઉટ્સને પ્રભાવિત કર્યા. ટેલેન્ટ સ્કાઉટ્સની વિશેષ ટીમ સમગ્ર મીટ દરમિયાન હાજર રહેશે, જે પ્રતિભાશાળી યુવા ખેલાડીઓને ઓળખીને ભવિષ્યના ચેમ્પિયન બનાવવા માટે માર્ગદર્શન આપશે.આ મીટમાં વિવિધ શ્રેણીઓ (U-9, U-11, U-14)માં કુલ ૩૦૦૦થી વધુ ખેલાડીઓનું રજિસ્ટ્રેશન થયું છે. જેમાં U-9 શ્રેણીમાં ૬૦૦, U-11 શ્રેણીમાં ૧૦૦૦ અને U-14 શ્રેણીમાં ૧૬૦૦ રજિસ્ટ્રેશન નોંધાયા છે. આયોજક ટીમે યુવા ખેલાડીઓની પ્રશંસા કરી અને ભારપૂર્વક જણાવ્યું કે આ કાર્યક્રમ માત્ર મેડલ જીતવા માટે નથી, પરંતુ વ્યક્તિત્વ નિર્માણ અને ખેલાડીઓને આત્મવિશ્વાસ આપવા માટે છે.રૂઆ ૫-દિવસીય મીટમાં અલગ-અલગ દિવસે વિવિધ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમ કે, દિવસ ૧એ U-9 ટ્રેક એન્ડ ફિલ્ડ ઈવેન્ટ્સને સમર્પિત છે, જેમાં ૬૦મી સ્પ્રિન્ટ, ૬×૧૦ શટલ રન, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ અને વર્ટિકલ જમ્પનો સમાવેશ થાય છે. દિવસ ૫ના રોજ તમામ કેટેગરીની ઈવેન્ટ્સની ફાઈનલ્સ અને મેડલ વિતરણ સમારોહ યોજાશે.

# ત્રિશા-ગાયત્રીએ સૈયદ મોદી ઇન્ટરનેશનલ ૨૦૨૫નો ખિતાબ જીત્યો

## જાપાની જોડીને હરાવી, શ્રીકાંત મેન્સ સિંગલ્સની ફાઇનલ હાર્યા



ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ સૈયદ મોદી ઇન્ટરનેશનલ ૨૦૨૫ બેડમિન્ટન ટુર્નામેન્ટનો વિમેન્સ ડબલ્સનો ખિતાબ જીતી લીધો. ભારતીય જોડીએ રવિવારે રમાયેલી ફાઇનલમાં જાપાની જોડીને હરાવી ટાઇટલ ડિફેન્ડ કર્યું.

વર્લ્ડ રેન્કિંગમાં ૧૪મા નંબરની આ ભારતીય જોડીએ લખનૌના બાબુ બનારસી દાસ ઈન્ડોર સ્ટેડિયમમાં જાપાનની કાહો ઓસાવા અને માઈ તાનાબેને ૧૭-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૫થી હરાવ્યા. આ મુકાબલો ૧ કલાક ૧૬ મિનિટ સુધી ચાલ્યો.

જ્યારે, પૂર્વ વર્લ્ડ નંબર-૧ કિદામ્બી શ્રીકાંતને મેન્સ સિંગલ્સ ફાઇનલમાં હોંગકોંગના જેસન ગુણાવાન સામે ૧૬-૨૧, ૮-૨૧, ૨૨-૧૦થી હાર મળી.

પહેલી ગેમમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદ ઇન્ટરવલ સુધી ૧૧-૯થી પાછળ હતી અને પોતાનો પહેલી ગેમ હારી ગઈ. જોકે, ભારતીય બેડમિન્ટન જોડી બીજા ગેમમાં વાપસી કરવામાં સફળ રહી. ઇન્ટરવલ પર તેઓ ૧૧-૫થી આગળ હતી અને મેચને ત્રીજા ગેમમાં લઈ જવામાં સફળ રહી.

આ પછી આ ભારતીય જોડીએ નિર્ણાયક ગેમમાં શાનદાર પ્રદર્શન કરતા ૧૧-૫ની લીડ લીધા બાદ મેચ જીતીને સતત બીજી વખત સૈયદ મોદી ઇન્ટરનેશનલ ખિતાબ પોતાના નામે કર્યો.

કિદામ્બી શ્રીકાંત પહેલી ગેમ હાર્યા બાદ બીજા ગેમમાં વર્લ્ડ નંબર-૫૯ જેસન ગુણાવાન પર પ્રભુત્વ જમાવીને મેચ ત્રીજા ગેમ સુધી લઈ ગયા. ત્રીજા ગેમમાં શ્રીકાંતે મેચ પોઈન્ટ બચાવ્યો અને ટાઈ-બ્રેક સુધી મુકાબલો લઈ ગયા, પરંતુ અંતે હારી ગયા. જેસન ગુણાવાન સામે કિદામ્બી શ્રીકાંતની ત્રણ મેચમાં આ પહેલી હાર હતી. શ્રીકાંતે આ પહેલા ૨૦૧૬માં સૈયદ મોદી ઇન્ટરનેશનલનો ખિતાબ જીત્યો હતો.

# ભારત યુ-૧૭ ફૂટબોલ ટીમે ઈરાનને ૨-૧થી હરાવ્યું

## એશિયન કપ ૨૦૨૬ માટે ક્વોલિફાય કર્યું; ૧૦મી વખત ટુર્નામેન્ટમાં ભાગ લેશે



ભારતે અમદાવાદના EKA એરેનામાં ઈરાનને ૨-૧થી હરાવીને ગ્રુપ Dની અંતિમ મેચમાં શાનદાર જીત નોંધાવી અને AFC U17 એશિયન કપ ૨૦૨૬ માટે ક્વોલિફાય કર્યું.

મેચ પહેલા ઈરાન મજબૂત દાવેદાર માનવામાં આવતું હતું. તેની પાસે સાત પોઈન્ટ હતા અને તેને માત્ર એક ડ્રોની જરૂર હતી. બીજી તરફ, ભારત પાસે ચાર પોઈન્ટ હતા અને તેને ગ્રુપમાંથી બહાર નીકળવા માટે કોઈપણ ભોગે જીત જોઈતી હતી.

૧૯મી મિનિટે ઈરાનના અમીરેઝા વેલીપુરે ગોલ કરીને ભારતની મુશ્કેલીઓ વધારી દીધી. પરંતુ ભારતીય ટીમે દબાણમાં પણ હાર ન માની.હાફ ટાઈમ પહેલાં, વધારાના સમય (૪૫+૧ મિનિટ)માં મળેલી પેનલ્ટી પર દલાલમુઆન ગંગટેએ ગોલ કરીને સ્કોર ૧-૧ કરી દીધો.૫૨મી મિનિટે ઈરાનના ડિફેન્ડરની ભૂલનો ફાયદો ઉઠાવતા ગુનલેબા વાંગખૈરાકપમે શાનદાર ગોલ કરીને ભારતને ૨-૧ની લીડ અપાવી.

આ પછી ઈરાને બરાબરી કરવા માટે પૂરી તાકાત લગાવી દીધી. ફ્રી-કિક, ક્રોસ અને સતત એટેકથી ગોલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ગોલકીપર રાજરૂપ સરકાર અને ડિફેન્સ પ્લેયર્સ મજબૂત દીવાલ બનીને ઊભા રહ્યા. સરકારે ઘણા મહત્વના સેવ કરીને ટીમની લીડ જાળવી રાખી.અંતિમ મિનિટોમાં ઈરાને દબાણ વધુ વધાર્યું, પરંતુ ભારતીય ખેલાડીઓ સંયમિત રહ્યા અને સમજદારીપૂર્વક રમતા રહ્યા. આખરે, જ્યારે અંતિમ સીટી વાગી, ભારતની ઐતિહાસિક જીત પાકી થઈ ચૂકી હતી. આ જીત હિંમત, વિશ્વાસ અને શાનદાર ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ બની ગઈ.





# ગોદાવરી પ્રવાહ યાત્રાનું સુરતમાં ભાવભર્યું સ્વાગત

## યાત્રાળુઓએ ૫૬૨ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

સુરત, તા.૨

દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય ચેતનાના પ્રતિક લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે મુંબઈથી પ્રસ્થાન થયેલી 'ગોદાવરી પ્રવાહ યાત્રા' આજે સુરતના વાલક પાટીયા સ્થિત સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે આવી પહોંચી હતી.

યાત્રાના આગમન પ્રસંગે ઢોલ-નગારાના નાદ સાથે યુવા કાર્યકરોનું પરંપરાગત તિલક કરી દેશભક્તિના સૂરો વચ્ચે યાત્રાળુઓને આવકાર્યા હતા. સાથોસાથ દક્ષિણ ભારતના વિવિધ રાજ્યોના ૩૦૦થી વધુ યુવા કાર્યકરોએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સૌ યાત્રાળુઓએ ગુજરાતી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

તા.૧લી ડિસેમ્બરના રોજ ગોદાવરી પ્રવાહના યાત્રાળુઓએ વાલક પાટીયા સ્થિત સરકારી કોલેજ માટે ફાળવાયેલી જમીનમાં ૫૬૨ રોપાઓનું વાવેતર કરી વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સશક્ત સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સરદાર પટેલના આદર્શ વ્યક્તિત્વને યાદ કરતાં યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રનિર્માણની ભાવના મજબૂત બને તે દિશામાં પ્રેરણાદાયી મંથન કરાયું હતું. સરદાર પટેલજીના જીવન, કાર્ય અને દેશની એકતામાં તેમના અવિસ્મરણીય યોગદાન વિશે ગોષ્ઠિ કરાઈ હતી.

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિની કચેરી-સુરત દ્વારા રાત્રે યોજાયેલા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ગણેશ વંદના, મિશ્ર રાસ, ગરબો અને આદિવાસી લોકનૃત્ય અને સપ્તરંગી ગુજરાત જેવા નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. ગોદાવરી યાત્રામાં સામેલ દક્ષિણ ભારતના વિવિધ રાજ્યોના યુવાઓએ સુરત આગમન દરમિયાન આદિવાસી નૃત્યોના તાલે જૂમી, ગરબે ઘૂમ્યા હતા.

આ પ્રસંગે રાષ્ટ્રીય પોલિસી એન્ડ રિસર્ચના સંયોજક વરૂણ ઝવેરી, યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી ઈશાન સોની, સુરત યુવા મોર્ચાના અધ્યક્ષ ભાવિનભાઈ, પ્રભારી ભાવિકાબેન, મહામંત્રી પાર્થભાઈ, વિવેકભાઈ, શહેર ઉપાધ્યક્ષ પ્રવિણ પાટીલ, મંત્રી ચિરાગ સાવલિયા, હર્ષ મહેતા, દક્ષિણ મજુરા પ્રાંત અધિકારી વી.જે.ભંડારી, પુણા મામલતદારશ્રી સુનિલભાઈ વાણિયા, કોર્પોરેટરો સહિત મહામંત્રી કાળુભાઈ ભીમનાથ, સંગઠનના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને યાત્રાને આવકારી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# શહેરના એક જાગૃત નાગરિક દારૂના અડ્ડા પર ડ્રોન ઉડાડશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સુરત શહેર પોલીસ કમિશ્નરના હદ વિસ્તારમાં આવેલ તમામ પોલીસ સ્ટેશનના ગ્રીન ઝોનમાં દારૂના અડ્ડાઓની તપાસ હેતુસર ડ્રોન ઉડાડવા અંગે આરટીઆઈ એક્ટિવિસ્ટ સંજય ઈઝાવા દ્વારા પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતને પત્ર લખીને જાણ કરવામાં આવી છે. ૨૫૦ ગ્રામ વજન ધરાવતા ડ્રોનને દારૂના અડ્ડાઓ પર ઉડાડવામાં આવશે.

સંજય ઈઝાવાએ જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં કમિશ્નરના જાહેરનામા ક્રમાંક નંબર - એસ.બી/ડ્રોન કેમેરા/૧૯૯/૨૦૨૫, તા. ૦૧.૧૧.૨૦૨૫ માં દર્શાવવામાં આવેલ રેડ અને યલ્લો ઝોન સિવાયના એટલે કે "ગ્રીન ઝોન" માં ૨૫૦ ગ્રામથી ઓછુ વજન ધરાવતા U.A.V (Unmanned Aerial Vehicle ) ડ્રોન ઉડાડી " દેશી અને ઈંગ્લીશ દારૂના અડ્ડાઓની " માહિતી એકત્રીત કરવા પોલીસ કમિશનરને જાણકારી આપવામાં આવી છે.

વધુમાં સંજય ઈઝાવાએ જણાવ્યું છે કે, સુરત શહેર પોલીસ કમિશ્નરના હદ વિસ્તારમાં આવતા તમામ પોલીસ સ્ટેશનના ગ્રીન ક્ષેત્રોમાં ઉક્ત જાહેરનામા મા સૂચવેલ તારીખો દરમિયાન ડ્રોન ઉડાડી રેકોર્ડિંગ કરવામાં આવશે. કોઈ કાનૂની વિવાદ અથવા ગેરસમજ ટાળવા રજૂ પત્રને પગલે સંબંધિત વિસ્તારના પોલીસ કર્મચારી / અધિકારીઓને આગાહીરૂપ જાણ કરવામાં આવશે, જો જરૂરી લાગે તો કાર્ય દરમ્યાન પોલીસ બંદોબસ્ત અથવા માર્ગદર્શનની વ્યવસ્થા માટે આપને અલગથી જાણ કરાશે. સ્વ-ખર્ચે ડ્રોન કેમેરાની મદદથી તેમજ જરૂરી સેફ્ટી પ્રોટોકોલનું પાલન કરીને ગ્રીન વિસ્તારોમાં સર્વે / વિડિયો રેકોર્ડિંગ કામગરી હાથ ધરાશે.

# નિતીનભાઈ પટેલનું ખેલ મહાકુંભમાં તેજસ્વી પ્રદર્શન

## સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ડિસટીક બેંકના કેશિયર નીતિનભાઈ ની એથ્લેટિક્સમાં હરણફાળ દોડ



સુરત, તા.૨

સુરત ડ્રિટિક્સ બેંકમાં કેશિયર તરીકે સેવા આપતા નિતીનભાઈ પટેલે આ વર્ષની સ્પેશિયલ ખેલ મહાકુંભ સ્પર્ધાઓમાં ઉત્તમ પ્રદર્શન કરી સૌનું મન જીતી લીધું છે.નિતીનભાઈ પટેલે સતત ત્રણ વર્ષથી લાંબીકુદ (Long Jump) માં સમગ્ર સુરત જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવી પોતાની પ્રતિભાને નવી ઊંચાઈ આપી છે. તેમજ ચક્ર ફેક (Discus Throw) માં દ્વિતીય સ્થાન મેળવી તેઓએ પોતાની ઓલ રાઉન્ડ ક્ષમતાનો પુરાવો આપ્યો છે.

નીતિન ભાઈ પટેલ આભવા ના વતની છે તેઓ અમિત પટેલ વ્યાયામ શિક્ષક સંઘના પ્રમુખ ઈન્ટરનેશન ફિટનેસ કોચ પાસે તાલીમ મેળવે છે. કોચ અમિત પટેલ એ તેમની આ સિદ્ધિ બદલ આભાર વ્યક્ત કરેલ છે નિતીનભાઈને વર્ષોથી સતત માર્ગદર્શન આપી રહેલા તેમના કોચ શ્રી અમિત પટેલનો આ સફળતામાં વિશેષ ફાળો રહ્યો છે. તેમની તાલીમ, પ્રોત્સાહન અને માર્ગદર્શનથી નિતીનભાઈએ આજે આટલું ઊંચુ સિદ્ધિ શિખર હાંસલ કર્યું છે. આ સફળતા સુરત જીલ્લા માટે ગર્વની વાત છે.

# શાકોત્સવ કેમ ઉજવાય છે!? ૨૦૦ વર્ષ પહેલા સ્વયં ભગવાન સ્વામિનારાયણે આ રીતે શરુ કરી પરંપરા!

આજથી ૨૦૦ વર્ષ પૂર્વે સ્વામિનારાયણ સંપ્રદાયના ભગવાન સ્વામિનારાયણે લોયા ગામ ખાતે રીંગણનું શાક અને બાજરીના રોટલા તેમના સ્વહસ્તે બનાવીને હરિભક્તોને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું હતું. ૨૦૦ વર્ષ પૂર્વે શરૂ થયેલી આ પરંપરા આજે આધુનિક યુગમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયના ભગવાન સ્વામિનારાયણના ભાવ સાથે સતત આગળ વધી રહી છે. જુઓ સ્વામિનારાયણ સંપ્રદાયનો વિશેષ શાકોત્સવ, અને જાણો તેના અંગે...

સ્વામિનારાયણ સંપ્રદાય અને દિવ્ય શાકોત્સવ!

સનાતન ધર્મના ઉત્સવો અને પરંપરા આજે પણ ખૂબ મહત્વની માનવામાં આવે છે. કહેવાય છે કે, આજથી ૨૦૦ વર્ષ પૂર્વે સૌરાષ્ટ્રના લોયા ગામ ખાતે સ્વામિનારાયણ સંપ્રદાયના ભગવાન સ્વામિનારાયણ સ્વયં પોતે ૧૮ મણ ઘી અને ૬૦ મણ રીંગણનું શાક બનાવીને હરિભક્તોને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું હતું. ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક ખાસ કરીને શિયાળાના સમય દરમિયાન શાકોત્સવનો ઉત્સવ મનાવવામાં આવે છે. જેમાં મુખ્યત્વે રીંગણનું શાક અને બાજરીના રોટલો ભગવાનના ભાવ સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો દ્વારા બનાવવામાં આવે છે. જેને સૌ હરિભક્તોને ભાવપૂર્વક પીરસીને ભગવાન સ્વામિનારાયણે બતાવેલા શાકોત્સવની આ પરંપરાને આજે આધુનિક યુગમાં આગળ ધપાવી રહ્યા છે.

### સાકોત્સવની પરંપરા વિક્રમ સંવંત ૧૮૭૭ થી શરૂ!

સંપ્રદાય પાસેથી મળતી માહિતી પ્રમાણે, સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવની ધાર્મિક ઉત્સવ વિક્રમ સંવત ૧૮૭૭ થી સૌરાષ્ટ્રના લોયા ગામથી શરૂ થાય છે. આ પ્રસંગે લોયા ગામના દરબાર સુરા ખાચરે ભગવાનની કૃપાથી ખૂબ સુખ સંપત્તિ પ્રાપ્ત કરી હતી. એ સમયે તેમના ઘરમાં ટ્રકમાં સમાય તેવા પટારાઓમાં સંપત્તિ રાખી હતી. કેટલાક સમય બાદ પટારાની ચોરી થઈ આ પટારો ચોરોથી ન ખુલતા તે જંગલમાં મૂકીને પરત જતા રહ્યા. સુરા ખાચરની ઘરેથી ચોરી થયેલો આ પટારો પરત મળતા તેમણે ભગવાન કાર્યમાં અડધી રકમ વાપરવાની પ્રતિજ્ઞા કરી, પરત પટારો મળતા તેમાં રહેલી તમામ સંપત્તિ હેમખેમ હતી. આ જોઈને સુરા ખાચર પણ ખૂબ જ અવાક બની ગયા અને તેમણે કરેલી પ્રતિજ્ઞા મુજબ અડધી રકમ ભગવાન કાર્યમાં વાપરવાની વાત તેમના પત્નીને કરી હતી.

### સુરા ખાચરના પત્નીની ઉદારતા!

પટારો પરત મળતા સુરા ખાચરના પત્ની શાંતા બહેને તમામ રકમ ભગવાન કાર્યમાં ખર્ચવાની વાત કરી. જો પટારો ચોર લઇ ગયા હોત અને તે ખોલવામાં સફળ રહ્યા હોત તો પટારામાં રહેલી સંપત્તિનો તમામ હિસ્સો ચોર પાસે હોત. પરંતુ ભગવાનની કૃપાથી પટારો તોડવામાં અસફળ રહેતા હવે તમામ સંપત્તિથી ૧૮ મણ ઘી અને ૬૦ મણ રીંગણના સાથે ધાર્મિક ઉત્સવ ઉજવવાનું નક્કી કર્યું. જેને શાકોત્સવ નામ આપવામાં આવ્યું. ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવ વિધિને ખૂબ જ મહત્વની માનવામાં આવે છે.

### સંપ્રદાયના ભગવાન સ્વામિનારાયણે સ્વયં કર્યો વઘાર!

લોયા ગામમાં સુરા ખાચર અને તેમની પત્ની દ્વારા આયોજિત શાકોત્સવમાં સ્વામિનારાયણ સંપ્રદાયના ભગવાન સ્વામિનારાયણ સ્વયં રીંગણના શાક પર વઘાર કરીને શાકોત્સવને પ્રસાદ બનાવી આપ્યો. સાથે બાજરીના રોટલા અને ચુરમાના લાડુનું ભોજન સ્વામિનારાયણ સ્વયં લોકોને પીરસીને શાકોત્સવની સૌથી પહેલી પરંપરા આજથી ૨૦૦ વર્ષ પૂર્વે વિક્રમ સંવત ૧૮૭૭ માં શરૂ કરી હતી. જે આજે આધુનિક યુગમાં પણ એ જ ભાવ સાથે આગળ વધી રહી છે શિયાળા દરમિયાન રીંગણની આવક પુષ્કળ પ્રમાણમાં થતી હોય છે વધુમાં આ દિવસો દરમિયાન તમામ સ્વામીનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલી ધાર્મિક અને સામાજિક સ્થાનોમાં પણ આ જ પ્રકારે શાકોત્સવનું આયોજન કરીને ૨૦૦ વર્ષ પહેલાની આ પરંપરાને ધાર્મિક ભાવ અને એકતા સાથે મનાવવામાં આવે છે.

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો૯૪૨૭૮ ૩૧૨૧૩**

# રખડતા કૂતરાઓના વસવાટની તલાટીઓને જવાબદારી સોંપાઈ

સુરત, તા.૨

હવે તલાટી રખડતા શ્વાન ક્યાં રહે છે તેની શોધખોળ કરશે, ગ્રામ વિકાસ કમિશ્નરે પરિપત્ર જાહેર કર્યો ગુજરાતમાં શિક્ષકોની શિક્ષણ સિવાયની કામગીરી સોંપવામાં આવતા અનેક વખત વિરોધ કરવામાં આવ્યો છે. ત્યારે હવે તલાટીઓને રખડતા શ્વાન શોધવાની સૂચના આપવામાં આવી છે. ગ્રામ વિકાસ કમિશનર તરફથી તલાટીઓને પરિપત્ર કરીને સૂચના આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની ટકોર બાદ પરિપત્ર કરવામાં આવ્યો છે. ગ્રામ પંચાયત કક્ષાએ તલાટી મંત્રી, તાલુકા કક્ષાએ પશુ ચિકિત્સક અધિકારી અને જિલ્લા કક્ષાએ નાયબ નિયામક(પશુપાલન) દરેક સંસ્થાએ પરિસરની સ્વચ્છતા અને રખડતા શ્વાનના પ્રવેશને રોકવા માટે એક નોડલ ઓફિસર નિયુક્ત કરવાના રહેશે. જેમની વિગતો નોડલ અધિકારીના કાર્યક્ષેત્ર હેઠળની તમામ સરકારી સંસ્થાઓના પ્રવેશદ્વાર પર સ્પષ્ટપણે પ્રદર્શિત કરવાની રહેશે. નોડલ ઑફીસરની નિયુક્તિ અંગેના હુકમ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવાના રહેશે. સંસ્થાના વહીવટી વડાઓએ નોડલ ઑફીસરની દેખરેખ હેઠળ, આઠ અઠવાડિયામાં તેમના પરિસરમાં રખડતા શ્વાનના પ્રવેશને રોકવા માટે પૂરતી વાડ, બાઉન્ડ્રી વોલ, ગેટ્સ અને અન્ય જરૂરી માળખાકીય પગલાં લેવાના રહેશે.

મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા છે. નજરેજોનારે જણાવ્યું કે મોટાભાગના મુસાફરો જેમ-તેમ કરીને બસમાંથી બહાર આવ્યા હતા. પરંતુ, કેટલાક અંદર જ ફસાયેલા રહ્યા. બાદમાં બસમાંથી ૩ મૃતદેહો મળી આવ્યા. જેમાંથી ૨ ખરાબ રીતે સળગી ગયા હતા.

તેમણે જણાવ્યું કે ટ્રક (UP 21 DT 5237) માં ગરમ ??કપડાં ભરેલા હતા. આ કારણે ટ્રકમાં પણ આગ લાગી ગઈ. આ અકસ્માત કોતવાલી દેહાત પોલીસ સ્ટેશન વિસ્તારના ફુલવરિયા બાયપાસ પર સોમવારે મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ થયો હતો.

**ઉત્તર, પશ્ચિમ**
**પહેલા પાનાનું ચાલુ**

બીજી તરફ, ચક્રવાત દિતવાહની અસરને કારણે, તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વાવાઝોડું નબળું પડી ગયું છે. આ દરમિયાન, સોમવારે વરસાદને કારણે ચેન્નાઈ એરપોર્ટ પર ૧૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વરસાદની અસર આજે પણ ચાલુ રહેશે.

મધ્ય પ્રદેશમાં ૫-૬ ડિસેમ્બરથી કડકડતી ઠંડી શરૂ થશે. ત્યાં કોલ્ડવેવ પણ રહેશે. હવામાન વિભાગ મુજબ, ૫ ડિસેમ્બરથી હિમાલયના વિસ્તારોમાં નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ બની રહ્યું છે. તેનાથી હિમવર્ષા થવાનું એલર્ટ છે અને પછી બર્ફીલા પવનોની અસર સૅમાં જોવા મળશે. મંગળવારથી રાત્રિના તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. આ પહેલા ગઈ રાત્રે ભોપાલ, ઈન્દોર સહિત રાજ્યના ૬ જિલ્લામાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહ્યું હતું.

**ભારતમાં છેલ્લા**
**પહેલા પાનાનું ચાલુ**

હતી. જ્યારે હાલના નાણાકીય વર્ષમાં ૧૬ જુલાઈ સુધીમાં કુલ ૮,૬૪૮ બંધ કરવામાં આવી હતી. બીજી તરફ, બંધ કરવામાં આવેલા ખાનગી કંપનીઓના કર્મચારીઓનું પુનર્વસન કરવામાં આવ્યું છે કે કેમ, તેના જવાબમાં મંત્રીએ કહ્યું કે, 'સરકાર સમક્ષ કોઈ દરખાસ્ત નથી.'

સંસદમાં એક સવાલ એ હતો કે શું બંધ કરાયેલી કંપનીઓ શેલ કંપનીઓ હતી અને શું તેનો ઉપયોગ મની લોન્ડરિંગ જેવી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવતો હતો. સરકારે જવાબ આપ્યો કે, કંપની કાયદામાં 'શેલ કંપની'ની કોઈ સત્તાવાર વ્યાખ્યા નથી.

જો કે, જ્યારે પણ કોઈ કંપની શંકાસ્પદ હોય છે અથવા શંકાસ્પદ પ્રવૃત્તિઓ શોધી કાઢવામાં આવે છે, ત્યારે તેને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), આવકવેરા વિભાગ અને અન્ય એજન્સીઓ સાથે શેર કરવામાં આવે છે.

શું સરકાર પછાત કે ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપવા માટે ખાસ કર છૂટ આપવાની યોજના બનાવી રહી છે? તેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, તેની નીતિ દેશમાં એકસમાન, પારદર્શક અને સ્થિર કર વ્યવસ્થા બનાવવા માટે કર પ્રોત્સાહનો ઘટાડવા અને કર દરોને સરળ બનાવવાની છે. ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કોર્પોરેટ કર ઘટાડા અને અન્ય મોટા સુધારાઓ પહેલાથી જ લાગુ કરવામાં આવ્યા છે.

**કર્મીઓનું**
**પહેલા પાનાનું ચાલુ**

કે વેતન રીવીઝનના સિદ્ધાંત, ન્યુનતમ પગાર ગણતરીની ફોર્મ્યુલા જેવા મુદ્દાઓની અવગણના છે.

યુનિયનનો એવો પણ આક્ષેપ છે કે નોટીફીકેશનમાં ભાષા-વાકયોનો ખેલ પડાયો છે. જેના આધારે પગાર-પેન્શન માળખા તથા ભથ્થાને અસર થઈ શકે છે. વેતનપંચના નિર્ણય ૫૦ લાખ કર્મચારીઓ તથા ૬૫ લાખ કર્મચારીઓના હિતોને અસર કરી શકે છે. ફીટમેન્ટ ફેકટર ૧.૮૩-૨.૪૬ના સંજોગોમાં ન્યુનતમ પગાર ૧૮૦૦૦ થી વધીને ૩૨૯૪૦-૪૪૨૮૦ થઈ શકે છે.



# ગોડાદરા ખાતેની જ્ઞાન જ્યોત વિદ્યાલયમાં માતૃત્વ ઉત્સવ

## છ હજાર વિદ્યાર્થીઓએ ભવ્ય ઉત્સવ મનાવ્યો

સુરત, તા.૨

તા. ૨૯/૧૧/૨૦૨૫, શનિવારના રોજ ગોડાદરા સ્થિત જ્ઞાનજ્યોત વિદ્યાલય ખાતે વિશાળ માતૃ સંમેલનનં આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનને વિશેષ નામ "માતૃત્વનો મહોત્સવ" આપવામાં આવ્યું હતું. આ ચર્ચાસભા જેવી ભવ્ય ઉજવણીમાં કુલ ૬,૦૦૦ વિદ્યાર્થીઓની માતાઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. સંમેલનના મુખ્ય વક્તાઓ તરીકે બ્રહ્માકુમારી તૃપ્તિ દીદી અને બ્રહ્માકુમારી સંગીતા દીદી ઉપસ્થિત રહ્યા હતા. બંને વક્તાઓએ માતૃત્વના મૂલ્યો, પરિવાર સંસ્કાર, બાળકોના સર્વાંગી વિકાસ અને સકારાત્મક જીવનશૈલી વિષે માતાઓને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં શાળા સંચાલક શ્રી લાલજીભાઈ નકુમ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને માતાઓને પ્રેરણાદાયી ઉદબોધન પ્રસંગે સંબોધિત કર્યા હતા.તે ઉપરાંત શાળાના ટ્રસ્ટીશ્રી શ્રી કિશોરકુમાર બાંભણિયા તથા શ્રી જગદીશભાઈ બાંભણિયા પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મહોત્સવની ભવ્યતા વધારી હતી. જ્ઞાનજ્યોત વિદ્યાલયના સમગ્ર સ્ટાફ, માતાઓ અને આયોજકમંડળના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

**બ્રહ્મોસ**
**પહેલા પાનાનું ચાલુ**

બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલમાં પરિક્ષણની ડેટા વિઝયુલ મેળવ્યા હતા.

જો કે આ મિસાઈલને તેના પ્રહાર લક્ષ્ય પર જતા અટકાવવામાં નવી ટેકનોલોજી જરૂરી બનશે. આ મિસાઈલ 'ફેક' સિગ્નલથી દુશ્મન દેશોના રડારને છેતરી શકે છે જેથી તેના જે માર્ગ હોય છે તેનો ચોકકસ અંદાજ આવતો નથી.

**ગુરુવારે**
**પહેલા પાનાનું ચાલુ**

આ મુખ્ય સંરક્ષણ સમજૂતી પર બે વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારો વચ્ચે સૈન્ય સહયોગ વધારવાના હેતુથી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ હસ્તાક્ષર ભારતીય રાજદૂત વિનય કુમાર અને તત્કાલીન ઉપ સંરક્ષણ મંત્રી એલેક્ઝાન્ડર ફોમિન દ્વારા કરવામાં આવ્યા હતા.

રશિયન રાષ્ટ્રપતિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની વાર્ષિક શિખર વાર્તા માટે ભારતની બે દિવસીય યાત્રા કરવાના છે. આ દરમિયાન વેપાર અને સંરક્ષણ ક્ષેત્રો સહિત ઘણા મહત્વપૂર્ણ પરિણામો આવવાની આશા છે. આનાથી દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંબંધો વધુ મજબૂત થશે.

રૂસમાં ભારતના રાજદૂત રહી ચૂકેલા અજય મલ્હોત્રાએ ગુરુગ્રામમાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે રશિયન નેતાનો આ પ્રવાસ ભારતની સ્વતંત્ર વિદેશ નીતિનો સંકેત છે. તેમણે ઉમેર્યું હતું કે આ મુલાકાત બંને દેશોની લાંબા સમયથી ચાલી આવતી ઊંડી અને ગાઢ ભાગીદારીની પુષ્ટિ કરે છે.

**દુનિયા મોદીને**
**પહેલા પાનાનું ચાલુ**

વિવિધતામાં એકતાની વાત સમગ્ર સમાજના સંદર્ભમાં કરે છે. આપણા મૂળ વિવિધતામાં એકતામાં છે. આપણે સાથે ચાલવું છે અને આ માટે ધર્મ આવશ્યક છે. ભારતમાં બધા દર્શનો એક જ સ્ત્રોતમાંથી નીકળ્યા છે, તેથી આપણે તાલમેલ સાથે આગળ વધવું જોઈએ.

કાર્યક્રમમાં મોહન ભાગવતે આરએસએસના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવારને યાદ કર્યા. તેમણે કહ્યું કે સંઘનું કામ ખૂબ જ મુશ્કેલ સંજોગોમાં

શરૂ થયું હતું અને શરૂઆતમાં એ પણ ખબર નહોતી કે મહેનત સફળ થશે કે નહીં. પરંતુ સ્વયંસેવકોએ સતત મહેનત, ત્યાગ અને સમર્પણથી સફળતાનો પાયો નાખ્યો.

**યુપીમાં ટ્રકની**
**પહેલા પાનાનું ચાલુ**

આગ બુઝાવવાનું કામ શરૂ કર્યું. ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને બહરાઇચ

**ભારતનું એક્સપોર્ટ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જણાવ્યું હતું કે, પ્રોડકટ ડાયવર્સિફિકેશન, બ્રાન્ડિંગ, ઈ-કોમર્સ અને નવા ઉભરતા બજારોને ધ્યાનમાં રાખીને ભારતીય ઉદ્યોગો માટે વિશાળ તકો ઉપલબ્ધ છે. વિશ્વની ૧૬૫ દેશો દરરોજ એક્સપોર્ટ-ઈમ્પોર્ટ કરી રહયા છે. એક્સપોર્ટમાં વિશ્વને ચાઇના અને અમેરિકાનો વિકલ્પ જોઇએ છે અને એ ભારત બની શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૧માં વિશ્વના કુલ એક્સપોર્ટમાંથી ભારતનું એક્સપોર્ટ ૦.૫૦ ટકા હતું, જે વર્ષ ૨૦૨૪માં વધીને ૨.૦ ટકા થયું હતું. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતના એક્સપોર્ટને ૮ ટકા પર પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. એના માટે દસ વર્ષથી ભારતે મેક ઇન ઇન્ડિયા અભિયાન અંતર્ગત ભારતમાં મેન્યુફેકચરિંગ શરૂ કરી દીધું છે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૨૫માં વિશ્વના કુલ એક્સપોર્ટમાંથી ભારતથી ૫.૫ ટકાથી લઈને ૫.૮ ટકા સુધી ટેક્ષ્ટાઇલનું એક્સપોર્ટ થશે, જ્યારે ૩.૫ ટકાથી લઈને ૩.૮ ટકા સુધી એપરલનું એક્સપોર્ટ થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ સેકટર વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર છે અને યોગ્ય માર્કેટ સ્ટ્રેટેજી તથા ગુણવત્તા આધારિત ઉત્પાદન દ્વારા સુરતના એક્સપોર્ટમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ શકે છે.

મંત્રાના માનદ્ મંત્રી શ્રી પ્રફુલ ગાંધીએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. મંત્રાના એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટના વડા શ્રી હિમાંશુ દેસાઇએ સેશનનું સંચાલન કર્યું હતું. આ નોલેજ સેશનમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો હાજર રહ્યા હતા. ટેક્ષ્ટાઇલ નિષ્ણાતોના માર્ગદર્શનથી ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલ માટેની પોલિસીઓ, વૈશ્વિક ટ્રેન્ડસ અને એક્સપોર્ટ-ઈમ્પોર્ટ અંગે મહત્વપૂર્ણ માહિતી મળી હતી.

**ગીતા જયંતી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સમીક્ષાના ૦૩ સ્પર્ધકોનું સન્માન કરાયું હતું.

સંસ્કૃત સપ્તાહના ત્રિ-દિવસીય કાર્યક્રમની યજમાન ૦૩ શાળાઓ અને ગૌરવયાત્રામાં યોગદાન આપનાર ૧૦ શાળાઓ તેમજ ગીતામહોત્સવની યજમાન ૦૫ શાળાઓનું સન્માન કરાયું તેમજ ગીતા જયંતીની યજમાન શાળાનું વિશેષ સન્માન મુખ્ય મંચ પરથી કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જિ.શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય હિરેનભાઈ વ્યાસ, શિક્ષણ નિરીક્ષક ડૉ.સંગીતાબેન મિસ્ત્રી, મદદનીશ શિક્ષણ નિરીક્ષકો નિતેશ જોશી તથા દેવરાજભાઈ ઉકાણી અને આચાર્ય સુરેશભાઈ અવૈયા, યજમાન શાળાના ટ્રસ્ટીશ્રીઓ તેમજ સુરત જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો, ટ્રસ્ટીશ્રીઓ તથા સંસ્કૃતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૦૨ ડિસેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સચીન-ગભેણી રોડ પર ઘરમાં ગેસ લીકના કારણે ભડકો : ચાર લોકો દાઝી ગયા

**વહેલી સવારે આગની દુર્ઘટના : દાઝી ગયેલા ચાર સિવિલમાં સારવાર હેઠળ**



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

સચીન ગભેણી રોડ પર આવેલી બરફ ફેક્ટરીની બાજુમાં ગુરૂકૃપા સોસાયટીમાં સવારના સમયે ગેસ સીલીન્ડર લીકેજ બાદ ફાયર ફ્લેશ થતા એક જ પરિવારના ચાર સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા. ફાયર કંટ્રોલને આ બનાવની જાણ કરાતા ભેસ્તાન અને ભીમરાડ ફાયર સ્ટેશનની ગાડીઓ સ્થળ પર પહોંચી હતી જોકે તે પહેલા જ ગંભીર દાઝેલી ત્રણ મહિલા સહિત ચાર જણાને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હોવાનું ફાયર સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. ગેસ ગળતર બાદ સ્ટવ ચાલુ કરવા જતા ફાયર ફ્લેશ થયું હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર સચીન-ગભેણી રોડ પર આવેલી બરફ ફેક્ટરીની પાસે ગુરૂકૃપા સોસાયટી આવેલી છે. સોસાયટીના પ્લોટ નં.૩૨૭ના ત્રીજા માળે રૂમ નં.૩૨માં પૌલાઈ પરિવાર રહે છે. દરમિયાન આજે સવારે ૮ વાગ્યાની આસપાસ પૌલાઈ પરિવાર જે રૂમમાં રહે છે તેમાં ફાયર ફ્લેશ થયું હતું. ગેસ સીલીન્ડર લીકેજ હોય અચાનક કોઈ સ્પાર્ક થતા ક્યાં તો સ્ટવ ચાલુ કરવા જતા આ ઘટના બની હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે.

ફાયર ફ્લેશ થતા રૂમમાં હાજર રિન્કીબેન હરીભાઈ પૌલાઈ ઉ.વ.૧૯, ભાગ્યશ્રી હરીભાઈ પૌલાઈ ઉ.વ.૨૨, સાલુ રામકુમાર મોહન ૨૬ તેમજ હરીઓમ સુરેન્દ્ર યાદવ દાઝી ગયા હતા. પ્લોટ નં.૩૨૭માં ૧૦ બાય ૧૦ની ખોલીઓ મકાન માલિક દ્વારા પાડવામાં આવી છે જે પૈકીની ત્રીજા માળે આવેલી ખોલી નં.૩૨માં પૌલાઈ પરિવાર રહેતો હતો. નવી સિવિલ હોસ્પિટલના તબીબોના જણાવ્યા પ્રમાણે દાઝેલા ચાર પૈકી બે વ્યક્તિ ૬૦ થી ૭૦ ટકા દાઝી ગયા છે જ્યારે બાકીના બે ૪૦ થી ૫૦ ટકા દાઝ્યા છે.

ફાયર સુત્રોના જણાવ્યા પ્રમાણે ફાયર બ્રિગેડની ગાડીઓ સ્થળ પર પહોંચી તે પહેલા જ સ્થાનિકો દ્વારા દાઝેલા ચારેય જણાને તાત્કાલિક સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. સવારના સમયે ફાયર ફ્લેશ બાદ દાઝેલાઓની બુમો સાંભળીને ગુરૂકૃપા સોસાયટીના લોકો ભેગા થઈ ગયા હતા.

# ચૌટાબજારના દબાણો સ્વૈચ્છીક નાબુદ



ચૌટાબજારમાં દબાણના મુદ્દે વારંવાર ફરિયાદો ઉઠતી રહે છે. હવે સુરત શહેર ભાજપના પૂર્વ પ્રમુખ નીતિન ભજીયાવાલાએ મેયર દક્ષેશ માવાણીને પત્ર લખી ચૌટાબજારના દબાણો નાબુદ કરવા જણાવ્યું છે. ત્યારે ચૌટાબજારના દબાણનો મુદ્દો ગરમાયો છે. અલબત્ત ચૌટાબજારમાં દબાણ ખાતુ સપાટો બોલાવે તે પૂર્વે જ આજે સવારે ચૌટાબજારમાં દુકાનદારો દ્વારા સ્વૈચ્છીક રીતે દબાણો ખસેડી લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

# અણુવ્રત દ્વાર પાસે રાત્રે ઈંડાની લારી પર ઓર્ડરના મુદ્દે મારામારી

**માથાભારે તત્વોએ લારીના માલિકને ઢોર માર માર્યો**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

પનાસગામ આવાસમાં રહેતો નોકરીયાત યુવક ગઈકાલે રાત્રે અણુવ્રત દ્વાર પાસે ઈંડાની લારી પર ઈંડા ખાવા ગયો હોય ત્યાં આવેલા બે અસામાજીક તત્વોએ ઈંડાનો ઓર્ડર પહેલા આપવા મુદ્દે યુવક સાથે ઝઘડો કરી તેને ઢીક મુક્કીનો માર મારતા મોઢાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. આ મામલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

પનાસ ગામ ગણેશ આવાસમાં રહેતો સંતોષ સંજયભાઈ મોરે ગઈકાલે રાત્રિના સાડા આઠ વાગયે તેના શેઠની ઈકો ગાડી લઈને અમુવ્રત દ્વારા પાસે ક્રિષ્ના ઈંડાની લારી પર ઈંડા ખાવા ગયો હતો. દરમિયાન અહીં ઈંડા ખાવા આવેલા કૃણાલ પવાર અને અમન પવારે ઈંડાની લારી વાળાને ઓર્ડર આપ્યો હોય સંતોષે મારો ઓર્ડર વહેલો બનાવ જો મને મોડુ થાય છે તેમ કહેતા ઉશ્કેરાયેલા કૃણાલ અને અમને સંતોષને મોઢાના ભાગે મુક્કા માર્યા હતા.

# યુસીસી અંગેની કમિટીની અપીલ હાઈકોર્ટ ફગાવી દેતા મામલો સુપ્રીમ કોર્ટમાં જશે

**ફક્ત સમિતિની રચના કરવાથી કોઈ પણ વર્ગ પ્રત્યે પૂર્વગ્રહ છે એવું ન કહી શકાયઃ હાઈકોર્ટ**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

યુ.સી.સી લાગુ કરવા અંગે સરકાર દ્વારા બનાવવા પછી કમિટીને પડકારતી અપીલ ગુજરાત હાઈકોર્ટને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ડિવિઝન બેન્ચે ફગાવી દેતા હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ સંબંધિત પક્ષકારો દ્વારા આ મામલો સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવશે તેમ સુરતના સિનિયર એડવોકેટ જમીર શેખ દ્વારા જણાવાયું છે.

યુનિફોર્મ સિવિલ કોડ (યુ.સી.સી)ને લાગુ કરવાની શક્યતાઓ ચકાસવા અર્થે ગુજરાત સરકાર દ્વારા રચાયેલી યુ.સી.સી કમિટીને પડકારતી સીટ અરજી ગુજરાત હાઈકોર્ટના સિંગલ જજ દ્વારા ફગાવી દેવાના હુકમ સામે અપીલ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન.રેની ડિવિઝન બેન્ચે અપીલ ફગાવી જણાવ્યું હતું કે ન્યાયિક સમીક્ષાનો અવકાશ ગુડ કોર્ટને સરકારના કાર્યોના પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપતો નથી. ચીફ જસ્ટીસની ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું કે ફક્ત સમિતિની રચના કરવાથી એવું ન કહી શકાય કે કોઈપણ વર્ગના લોકો માટે પૂર્વગ્રહ છે જ્યારે યુ.સી.સી પર તેમના મંતવ્યો સમિતિ સમક્ષ રજૂ કરવા માટે હંમેશા ખુલ્લુ રહે છે. આની વિરુદ્ધ અરજદારે ડિવિઝન બેંચમાં અરજી કરી હતી. અપીલકર્તાએ આજે દલીલ કરી હતી કે તેઓ સમિતિના સભ્યોની નિમણૂકને પડકારી રહ્યા છે. તેમણે કહ્યું કે સિંગલ જજે આ અરજીને એ આધાર પર ફગાવી દીધી હતી કે સમિતિ રચના એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા કરવામાં આવી હતી અને કોઈપણ ફાઈફાકિય જોગવાઈના અભાવે સભ્યોની પસંદગી રાજ્યના સંપૂર્ણ અધિકાર ક્ષેત્રમાં છે.રાજ્યમાં ગઈ તા. ૪.૨.૨૦૨૫ના રોજ ગુજરાત સરકાર દ્વારા યુ.સી.સી કમિટીની રચના કરવામાં આવી હતી.આ અંગે એડવોકેટ જામીર શીખે જણાવ્યું હતું કે હાઈકોર્ટ દ્વારા સુનાવણી વખતે યોગ્ય દલીલો રજૂ કરવા દેવામાં આવી હતી તેથી હવે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવશે

# તાપમાનનો પારો ૧.૫ ડિગ્રી ગગડતા વહેલી સવારે ઠંડીની અસર

**છેલ્લા બે દિવસથી ક્રમશઃ ઠંડીના પ્રમાણમાં વધારો**



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

ડિસેમ્બર મહિનાની શરૂઆત સાથે જ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે અને તાપમાનનો પારો ગગડી રહ્યો છે. સુરતમાં આજે વહેલી સવારે તાપમાન વધુ ૧.૫ ડિગ્રી ઘટીને ૧૭.૬ ડિગ્રી નોંધાયું છે જે ગઈ કાલે ૧૯.૧ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યા મુજબ સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં ક્રમશઃ ઠંડીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આજે સુરત શહેરમાં લઘુતમ તાપમાન ૧૭.૬ ડિગ્રી નોંધાયું છે જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન સાતમ તાપમાન ૩૧ ડિગ્રી જળવાયેલું છે . સુરત શહેરમાં આજે સવારે પણ પવનની ગતિ મંદ છે. આજે સ્વચ્છ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા છે. શિયાળાના કારણે આગામી દિવસોમાં પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે.

# નાનપુરામાં મુંબઈની યુવતી પર જમ્મુ-કાશ્મીરના યુવકનું દુષ્કર્મ

**પ્રેમ સંબંધમાં દુષ્કૃત્ય આચર્ય બાદ યુવકે લગ્ન નહીં કરતા મામલો પોલીસમાં**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

મુળ જમ્મુ કાશ્મીરના વતની અને લગ્ન સીઝનમાં સુરત કેટરસનું કામ કરવા માટે આવતા ૨૫ વર્ષિય યુવાને મુંબઈની ૩૨ વર્ષિય યુવતીને લગ્ન કરવાની લાલચ આપી નાનપુરા વિસ્તારમાં પોતાની સાથે રાખી તેની સાથે શરીર સંબંધ બાંધી લગ્ન નહીં કરતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. યુવતીએ આરોપી બિલાલ ખુરશીદ ખાન સામે બળાત્કારનો ગુનો નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી.

અઠવાલાઈન્સ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના લાલપુર તાલુકાના ડાનીવારી ગામનો વતની બિલાલ ખુરશીદ ખાન સામે અઠવાલાઈન્સ પોલીસ મથકમાં મુંબઈની એક યુવતીએ બળાત્કારની ફરીયાદ કરતા પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી.

બળાત્કારનો ભોગ બનેલી યુવતીએ નોંધાવેલી ફરીયાદ અંગે અઠવાલાઈન્સ પોલીસ મથકના પીઆઈ આર.આર.મકવાણા તપાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, બિલાલ ખાન લગ્ન પ્રસંગોમાં કેટરસનું કામ કરે છે. તે યુવક યુવતીઓને કેટરસમાં વેઈટરનું કામ કરવા માટે લઈ જાય છે. દરમિયાન મુંબઈની એક ૩૨ વર્ષિય યુવતી ગત ઓગષ્ટ મહિનામાં બિલાલ ખાનના સંપર્કમાં આવી હતી. બિલાલે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી નાનપુરા વિસ્તારમાં પોતાની સાથે રાખી હતી. યુવતી સાથે શરીર સંબંધ બાંધવામાં આવ્યો હોય યુવતીએ લગ્ન કરવાની વાત કરતા બિલાલ ખાને લગ્નની ના કહી દીધી હતી.

# પાલ આરટીઓ સર્કલ પર લોક રક્ષક જવાન પર દારૂડિયાનો હુમલો

**દારૂના નશામાં ભાન ભુલેલા ગુરમેદર સેનીએ પોલીસને ધક્કો મારી પાડી દીધો**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

પાલ આરટીઓ સર્કલ પાસે કોઈક વ્યક્તિનું એક્સીડન્ટ થતા પબ્લીક દ્વારા લોકરક્ષકને બોલાવ્યો હતો. દરમિયાન લોક રક્ષકને એક્સીડન્ટ અંગે માહિતી ન હોવા છતાં દારૂના નશામાં ત્યાં હાજર ગુરમેદર સરબજીત સેનીએ લોકરક્ષકને ગાળો આપી તારી નોકરી ક્યાં છે? તને કઈ ખબર પડે છે. અહીં એક્સિડન્ટ થયું છે તેમ કહી લોક રક્ષકને ધક્કો મારી પાડી દીધો હતો અને મુક્કા માર્યા હતા. આ મામલે પાલ પોલીસ સ્ટેશનમાં ગુરમેદર સેની સામે સરકારી નોકર પર હુમલો કરવા બદલ પાલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

પાલ ગૌરવપથ રોડ સુમન આવાસમાં રહેતા એલ.આર. જયદીપસિંહ રાઠોડ ઉ.વ.૨૩ રીજીયન-૪ સર્કલ ૧૪ ટ્રાફીક શાખા સુરતમાં ફરજ બજાવે છે. ગઈ તા.૨૦ નવેમ્બરની રાત્રે જયદીપસિંહ ફરજ પર પાલ આરટીઓ પાસે હાજર હતા ત્યારે એમ્પાયર રીયો પાસે કોઈક ઈસમનું એક્સીડન્ટ થયું હતુ જેથી પબ્લીકના માણસોએ જયદીપસિંહને બુમ પાડી બોલાવ્યો હતો. જયદીપસિંહ સ્થળ પર જતા ત્યાં હાજર ગુરમેદર સરબજીત સેનીએ દારૂના નશામાં લોક રક્ષક સાથે ગેરવર્તન કરી તેને માર માર્યો હતો.

# આપઘાત કરનાર એસવીએનઆઈટીના વિદ્યાર્થીનો મૃતદેહ કેરળ લઈ જવાયો

**અદ્વૈતે આત્મહત્યા પહેલાં માતા-પિતાને ફોન કરી મસ્કત આવી રહ્યો હોવાની જાણ કરી હતી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

પીપલોદ રોડ પર આવેલી શહેરની જાણીતી એસવીએનઆઈટીમાં બીટેકના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા મુળ કેરળના અદ્વૈત નાયરે રવિવારની રાત્રે કોલેજ હોસ્ટેલના પાંચમા માળેથી મોતની છલાંગ લગાવી દીધી હતી. અદ્વૈતના મોતની જાણ એસવીએનઆઈટી એડમિનિસ્ટ્રેશનને થતા તેમણે આ અંગે વિદ્યાર્થીના વાલીને જાણ કરી હતી. આપઘાત કરી લેનાર અદ્વૈત નાયર પરીક્ષામાં પણ જતો ન હતો અને લેકચર પણ અટેન્ડ કરતો ન હતો. આ બાબતોથી એસવીએનઆઈટીનું તંત્ર વાકેફ હોવા છતાં કોઈ દરકાર કરી ન હતી. અદ્વૈતે ક્યા કારણોસર આત્યાંતિક પગલું ભરી લીધું તેનું રહસ્ય અકબંધ છે. દરમિયાન ગઈકાલે સવારે કોલેજના અન્ય વિદ્યાર્થીઓએ કોલેજની વહીવટી બિલ્ડિંગ પાસે એકત્ર થઈ આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસની માગ કરી હતી. અદ્વૈત નાયરે ક્યા કારણોસર અંતિમ પગલું ભરી લીધું તે બહાર આવે તેવી માગ સાથે વિફરેલા વિદ્યાર્થીઓએ એસવીએનઆઈટી સંચાલકો પાસે જવાબ માગ્યો છે.

સુરત કેરલા સમાજના પ્રમુખ સુનિલ નવિયારે જણાવ્યું હતું કે, અદ્વૈત નાયરના માતા-પિતા મસ્કતમાં હતા. અદ્વૈતે રવિવારની રાત્રે આત્મહત્યા કરતા પહેલાં માતા-પિતા સાથે ટેલિફોનીક વાતચીત કરી હતી અને જણાવ્યું હતું કે, તે મસ્કત આવી રહ્યો છે. તેને એરપોર્ટ પર લેવા આવે આટલી વાત બાદ અદ્વૈતે અંતિમ પગલું ભરી લીધું હતું. માતા-પિતા મસ્કત એરપોર્ટ પર પુત્રની રાહ જ જોતા રહી ગયા. માતા-પિતા સુરત આવ્યા બાદ અદ્વૈતના મૃતદેહને અંતિમ ક્રિયા માટે વતન કેરળ લઈ જવાયો છે.

વધુમાં સુનિલ નવિયારે જણાવ્યું હતું કે, એસવીએનઆઈટી દ્વારા અદ્વૈત છેલ્લા ચાર મહિનાથી અભ્યાસ પર ધ્યાન ન આપતો હોય આ બાબતે તેના માતા-પિતાને કોઈ જાણ કરી ન હતી. કદાચ માતા-પિતાને આ વાત ધ્યાને આવી હોત તો અદ્વૈત આજે બચી ગયો હોત.

# ચેક રિટર્ન કેસમાં રોડ કોન્ટ્રાક્ટરને એક-એક વર્ષની સજાનો આદેશ

**ભાવેશ દેલવાડીને દોષિત ઠરાવતી અદાલત**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

મેટલના માલની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્નના બે કેસમાં રોડ બનાવવાનું કામ કરતા કોન્ટ્રાકટર ભાવેશ દેલવાડીયાને કોર્ટે કસુરવાર ઠેરવી ૧-૧ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

કામરેજ સત્યમ નગર રોડ ચંદ્ર દર્શન રેસીડેન્સી-૧માં રહેતા ભાવેશ કાંતી દેલવાડીયા રોડ બનાવવાની સાથે બ્લોક ફીટીંગનુ કામ કરે છે. બ્રહ્માણી કાટ'ગના નામે રેતી-કપચી, મેટલનું વેચાણ કરતા હસમુખ મનુ ભીમાણી પાસેથી ભાવેશ દેલવાડીયાએ મેટલનો માલ ખરીધ્યો હતો. પેમેન્ટ પેટે ભાવેશ દેલવાડીયાએ રૂ.૪.૮૯ લાખના બે ચેકો આપ્યા હતા. જે ચેકો રિટર્ન થતા હસમુખ ભીમાણીએ વકીલ રમેશ સાનેપરા અને નયન મેવાણી મારફતે ભાવેશ સામે ચેક રિટર્નના બે અલગ-અલગ કેસ કર્યા હતા. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ રહ્યો હતો. કોર્ટે બંને કેસમાં આરોપી ભાવેશ દેલવાડીયાને કસુરવાર ઠેરવી ૧-૧ વર્ષની સજા અને ચેકોની રકમ ચૂકવી આપવા પણ આદેશ કર્યો હતો.

# પુણાની અમૃતધારા અને વરાછાની જનતા ડેરીમાં એસઓજીના છાપા

**બંને ડેરીમાંથી શંકાસ્પદ ૧૪૩ કિલો માખણનો જથ્થો જપ્ત**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

ભેળસેળયુક્ત પનીર બનાવતી સુરત શહેરની પ્રતિષ્ઠિત સુરભી ડેરી બાદ પુણાગામની અમૃતધારા ડેરી અને વરાછાની જનતા ડેરીમાં સુરત એસઓજીએ પાલિકાના આરોગ્ય વિભાગને સાથે રાખી રેડ કરી તપાસ કરતા બંને ડેરીમાંથી કુલ ૧૪૩ કિ.ગ્રામનો શંકાસ્પદ માખણનો જથ્થો મળી આવ્યો હતો. એસઓજીએ આ માખણનો જથ્થો કબજે કરી ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા તપાસણી અર્થે જરૂરી સેમ્પલો લેવામાં આવ્યા હતા.

હાલમાં જ સુરત શહેરની જાણીતી સુરભી ડેરીમાં ભેળસેળયુક્ત પનીર બનાવામાં આવતું હોવાનુ અને વેચાણ થતું હોવાનો પર્દાફાશ થયો હતો. પોલીસે સુરભી ડેરીના માલિકો વિરૂદ્ધ ગુનો નોંધી સુરભી ડેરીને સીલ મારી દેવામાં આવી હતી. જ્યારે સુરત એસઓજી અને પાલિકાના આરોગ્ય વિભાગે ભેળસેળયુક્ત પ્રોડક્ટ વેચાણ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી ડેરીઓમાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

સુરત એસઓજીના પો.કોન્સ્ટેબલ વિકાસભાઈ અને પોકો.રામભાઈને મળેલી બાતમીના આધારે પાલિકાના ફુડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારી ડી.બી.મકવાણાને સાથે રાખી પુણાગામ અયોધ્યાનગર સોસાયટી રઘુરાજ એપાર્ટમેન્ટમાં આવેલી અમૃતધારા ડેરીમાં રેડ કરી હતી.જ્યા સંચાલક ભુપત નારણ પરમારની હાજરીમાં ફુડ એન્ડ સેફ્ટી વિભાગે ડેરીમાં તપાસ કરી હતી. જેમાં ડેરીમાંથી શંકાસ્પદ ૫૮ કિ.ગ્રા. માખણનો જથ્થો શંકાસ્પદ મળી આવ્યા હતો. ત્યારબાદ વરાછા એલએચ રોડ બોમ્બે કોલોની પાસે જનતાનગર ખાતે આવેલી જનતા ડેરીમાં પણ તપાસ હાથ ધરી હતી. અહી સંચાલક ઘનશ્યામ જેરામ દુધાતની હાજરીમાં જ ફુડ એન્ડ સેફ્ટી વિભાગે તપાસ કરતા અહીંથી ૮૫ કિ.ગ્રામ માખણનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. આ બંને ડેરીમાંથી રૂ.૨૮,૬૦૦ની કિંમતનો કુલ ૧૪૩ કિ.ગ્રામ શંકાસ્પદ જથ્થો કબજે કરી નમુનાઓ પૃથ્થરણ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળા સમિતિની સામાન્ય સભા દરમિયાન વિપક્ષ આમ આદમી પાર્ટીના અગ્રણીઓ તથા કાર્યકરો દ્વારા સરની કામગીરીમાં બીએલઓની કપરી હાલત અંગે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. (તસવીર : હનીફ મલેક)